Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી વ્યાકરણ અને લેખન

ભાગ છઠ્ઠો

રણછોડજી દેસાઈ
જયંતીલાલ મહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या ..... २५ ग / ५ (धि)

पञ्जिका संख्या ..... २८५४३ c

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ર નં. પી. ૬૧ (બી)-૪૬૮ તા. ૧૭-૪-૧૯૫૪થી
પાઠ્યપુસ્તક તરીકે મંજૂર

ગુજરાતી વ્યાકરણ અને લેખન

ભાગ ૬

With Best Compliments
from the publishers

[ધોરણ દસમા અને એસ. એસ. સી. વર્ગ માટે]

स्थायक प्रमाणीकरण १९८४-१९८५

કર્તા
રણછોડજી દયાળજી દેસાઈ, એમ. એ., બી. ટી.
જયંતીલાલ ઉત્તમરામ મહેતા, બી. એ., બી. ટી.

CHECKED 1973
Initial

મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ
બુકસેલર્સ ઍન્ડ પબ્લિશર્સ
નાણાવટ, સુરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ

તરફથી શ્રી નંદસુખલાલ બાલુભાઈ બુકસેલર

નાણાવટ * સુરત

पुस्तक सं०
आगत सं०
तिथि०

પહેલી આવૃત્તિ : ૧૯૫૩

ફરી છાપી : ૧૯૫૪

કિં. રૂ. ૧-૪-૦

મુદ્રક

જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ

નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ગુજરાતી વ્યાકરણ અને લેખન એ શ્રેણીનું આ છઠ્ઠું પુસ્તક માધ્યમિક શાળાના દશમા અને અગિયારમા એટલે એસ. એસ. સી. વર્ગને માટે તૈયાર કરવામાં આવ્યું છે. એસ. એસ. સી. પરીક્ષાને માટે વ્યાકરણ તથા લેખનને માટેનો જે નવો અભ્યાસક્રમ નિયત કરવામાં આવ્યો છે તેને આવરી લેતાં સમાસ, સંધિ, શબ્દસિદ્ધિ, અલંકાર, છંદ, કાવ્યનું રસદર્શન, સંક્ષેપલેખન અને અર્થઆકલન, વિચારવિસ્તાર તથા નિબંધલેખનનાં પ્રકરણો એમાં આપવામાં આવ્યાં છે.

તે ઉપરાંત અભ્યાસક્રમ અનુસાર વ્યાકરણનાં વિવિધ અંગોની ચર્ચા માત્ર પુનરાવર્તન રૂપ જ બની ન રહે, પરંતુ વ્યવહારલક્ષી અને પરીક્ષાની દૃષ્ટિએ કાર્યક્ષમ બને તે રીતનાં મનોયત્નોની યોજના કરી છે.

વ્યાકરણ અને લેખનની અમારી શ્રેણીનાં બીજાં પુસ્તકોની જેમ એસ. એસ. સી. પરીક્ષાના અદ્યતન અભ્યાસક્રમને આવરી લેતું એ શ્રેણીનું આ અંતિમ પુસ્તક પણ ઉપયોગી થઈને આવકાર પામશે એવી આશા છે.

રણછોડજી દેસાઈ
જયંતીલાલ મહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષય-સૂચિ

		પાનું
૧.	સમાસ	૧
૨.	શબ્દસિદ્ધિ	૨૪
૩.	સંધિ	૩૭
૪.	નામ અને તેના પ્રકાર	૫૦
૫.	વિશેષણ અને તેના પ્રકાર	૫૮
૬.	સર્વનામ અને તેના પ્રકાર	૬૬
૭.	ક્રિયાપદના પ્રકાર	૭૦
૮.	કૃદંત અને તેના પ્રકાર	૭૫
૯.	ક્રિયાવિશેષણ અને તેના પ્રકાર	૭૯
૧૦.	અવ્યયના પ્રકાર	૮૩
૧૧.	શબ્દ — જુદાં જુદાં પદ તરીકે	૮૯
૧૨.	પ્રયોગ	૯૧
૧૩.	પૃથક્કરણ — મિશ્રવાક્ય, સંયુક્તવાક્ય	૯૬
૧૪.	અલંકાર	૧૦૨
૧૫.	છંદ	૧૨૨
૧૬.	કાવ્યનું રસદર્શન	૧૩૩
૧૭.	વિચાર-વિસ્તાર	૧૫૨
૧૮.	સંક્ષેપલેખન અને અર્થઆકલન	૧૫૫
૧૯.	નિબંધલેખન	૧૬૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧

સમાસ

તમારાં **માતાપિતાને** મારાં વંદન કહેજો.

ઉપરના વાક્યમાં **માતાપિતાને** એ પદમાં માતા અને પિતા એ બે પદનો સમાવેશ થયેલો છે. માતાપિતાને એટલે માતાને અને પિતાને એવો એ આખા પદનો અર્થ છે. વાક્યમાં એ એક જ પદ તરીકે વપરાયું છે, અને એ આખા સંયુક્ત પદને વિભક્તિનો **ને** પ્રત્યય લાગ્યો છે. આમ અનેક પદો અમુક સંબંધે ભેગાં આવીને અર્થની દૃષ્ટિએ એક પદ તરીકે વાક્યમાં વપરાય ત્યારે એ પદોનો સમાસ થયો કહેવાય છે. સમાસ શબ્દ અસ્ ધાતુ અને સમ્+આ (એટલે મર્યાદાપૂર્વક સાથે) એ ઉપસર્ગના યોગથી બનેલો છે. સમાસ એ શબ્દનો અર્થ કોઈ મર્યાદા સહિત અનેક પદોનું એક પદ રૂપે સાથે હોવું તે એવો થાય છે.

સમાસનો વિગ્રહ

સમાસનાં પદોનો સંબંધ સ્પષ્ટ કરીને તેને છૂટાં પાડી બતાવીએ ત્યારે તેનો વિગ્રહ કર્યો કહેવાય છે; જેમ કે, માતાપિતાને=માતાને અને પિતાને.

સમાસના પ્રકાર

૧. દ્વન્દ્વ

દ્વન્દ્વ સમાસમાં પદો સમાન કક્ષાનાં હોય છે અને તેમની વચ્ચે **અને** કે **અથવા**નો સંબંધ હોય છે. દ્વન્દ્વ સમાસ ત્રણ પ્રકારે થાય છે: ૧ ઇતરેતર દ્વન્દ્વ, ૨ વૈકલ્પિક દ્વન્દ્વ અને ૩ સમાહાર દ્વન્દ્વ. દ્વન્દ્વ એટલે જોડકું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતરેતર દ્વન્દ્વ

સમાસ	વિગ્રહ
નદીનાળાં	નદી અને નાળાં
સૂર્યચંદ્ર	સૂર્ય અને ચંદ્ર
બ્રહ્માવિષ્ણુમહેશ	બ્રહ્મા અને વિષ્ણુ અને મહેશ

આ સમાસોનાં પદો વચ્ચે 'અને'નો સંબંધ છે તે તેનો વિગ્રહ કરતાં સ્પષ્ટ થાય છે.

જ્યારે દ્વન્દ્વ સમાસનાં પદો વચ્ચે 'અને'નો સંબંધ હોય ત્યારે એ **ઇતરેતર દ્વન્દ્વ** કહેવાય છે. આ સમાસ બહુવચનમાં વપરાય છે. જેમ કે, પૂનમે **સૂર્યચંદ્ર** સામસામે **પ્રકાશતા** હતા.

વૈકલ્પિક દ્વન્દ્વ

૧. તેણે **દશબાર** રૂપિયા ખરચી નાંખ્યા.
 દશબાર = દશ કે બાર

૨. તમને શું **નફોતોટો** થયો?
 નફોતોટો = નફો અથવા તોટો.

૩. આપણે **હિંસાઅહિંસામાંથી** શું પસંદ કરીશું?
 હિંસાઅહિંસા = હિંસા યા અહિંસા.

ઉપરના દ્વન્દ્વ સમાસનાં પદો વચ્ચે 'કે', 'યા', 'અથવા'નો સંબંધ રહેલો છે.

જ્યારે દ્વન્દ્વ સમાસનાં પદો વચ્ચે વિકલ્પનો, એટલે એક યા બીજું એવો સંબંધ હોય ત્યારે એ **વૈકલ્પિક દ્વન્દ્વ** કહેવાય છે.

સમાહાર દ્વન્દ્વ

૧. અમે તેને **નામઠામ** પૂછ્યું.
 નામઠામ = નામ અને ઠામ ઉપરાંત બીજી વીગતો પણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. તે સ્થળનાં **હવાપાણી** સારાં છે.

હવાપાણી = હવા અને પાણી વગેરે.

૩. અમે ગામનાં **ખેતરપાધર** જોઈ નાંખ્યાં.

ખેતરપાધર = ખેતર અને પાધર વગેરે સ્થળો.

૪. તે **ગાડીઘોડો** રાખે છે.

ગાડીઘોડો = ગાડી અને ઘોડો વગેરે વાહનનાં સાધનો.

આ સમાસમાં તેમાં સમાયેલાં પદો ઉપરાંત બીજી સંબંધ ધરાવતી વીગતો કે વસ્તુઓનું પણ સૂચન રહેલું હોય છે. એવા સમાસને **સમાહાર દ્વન્દ્વ** કહે છે. એમાં આવેલાં પદો અને એ ઉપરાંત બીજી સૂચિત વીગતો વગેરેના સમૂહનો અર્થ એમાં રહેલો હોય છે.

મનોયત્ન ૧

ખૂટતું પદ મૂકી બતાવ્યા પ્રમાણે દ્વન્દ્વ સમાસ બનાવો :—

દા. ત. જય — = જયપરાજય

— બારણાં = બારીબારણાં

દશ — = દશબાર

— પાંચ,	ગુરુ —,	ચાંદો —,	વાર —,
શાક —,	કંદ —,	ફળ —,	ઝાડ —,
સવાર —,	ખડિયો —,	કીર્તિ —,	પુણ્ય —,
સુખ —,	જર —,	વાટકો —,	ગાદી —.

મનોયત્ન ૨

નીચેના સમાસોનો વિગ્રહ કરો:—

વિદ્યાકળા, લાભાલાભ, જયાજય, હાડમાંસ, પાંચસાત, વિધિનિષેધ, દોરીલોટો, સાપનોળિયો, ખોરાકીપોશાકી, ભાઈભાંડુ, હુન્નરઉદ્યોગ, અન્નજળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. તત્પુરુષ

તત્પુરુષ સમાસમાં પૂર્વપદ ઉત્તરપદ સાથે બીજીથી સાતમી સુધીની કોઈ પણ વિભક્તિના સંબંધે જોડાયેલું હોય છે. વિભક્તિનો પ્રત્યય અધ્યાહાર રહે છે. આ સમાસમાં ઉત્તરપદ મુખ્ય ગણાય છે, અને પૂર્વપદ ઉત્તરપદનો વધારો કરી અર્થ સ્પષ્ટ કરે છે તેથી તે ગૌણ પદ હોય છે. જેમકે, દેશસેવક = દેશનો સેવક. અહીં સેવક એ ઉત્તર-પદ છે અને દેશ એ પૂર્વપદ છે. સેવક કેવો ? તો કહે, દેશનો. એમ 'દેશ' પદ છઠ્ઠી વિભક્તિમાં આવી 'સેવક'ના અર્થમાં વધારો કે સ્પષ્ટતા કરે છે. એ બંને પદો વચ્ચે છઠ્ઠી વિભક્તિનો સંબંધ છે. તેથી એ સમાસ છઠ્ઠી વિભક્તિનો તત્પુરુષ છે. તેવી જ રીતે, તત્પુરુષ એટલે તેનો પુરુષ એવો અર્થ કરીને એ સમાસનો વિગ્રહ કરીએ, તો એ પદ જાતે જ છઠ્ઠી વિભક્તિના તત્પુરુષ સમાસનો દાખલો પૂરો પાડે છે.

વિભક્તિતત્પુરુષના પ્રકાર

નીચે જુદી જુદી વિભક્તિના તત્પુરુષ કેમ બને છે તે બતાવ્યું છે :—

પદસમૂહ	સમાસ	કઈ વિભક્તિનો ?
દયાને પાત્ર	દયાપાત્ર	દ્વિતીયા તત્પુરુષ
પ્રેમને વશ	પ્રેમવશ	,,
કલાને અધીન	કલાધીન	,,
અર્થ વડે ભરેલી	અર્થભરી	તૃતીયા તત્પુરુષ
ભક્તિ વડે પ્રાપ્ત	ભક્તિપ્રાપ્ત	,,
કષ્ટ વડે સાધ્ય	કષ્ટસાધ્ય	,,
દેશ માટે બલિદાન	દેશબલિદાન	ચતુર્થી તત્પુરુષ
અપંગ માટે આશ્રમ	અપંગાશ્રમ	,,
કૃષ્ણને અર્પણ	કૃષ્ણાર્પણ	,,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્યાણને અર્થે	કલ્યાણાર્થે	ચતુર્થી તત્પુરુષ
બંધનથી મુક્ત	બંધનમુક્ત	પંચમી તત્પુરુષ
પ્રાણથી અધિક પ્રિય	પ્રાણપ્રિય	,,
પદથી ભ્રષ્ટ	પદભ્રષ્ટ	,,
વૃક્ષ પરથી પતિત	વૃક્ષપતિત	,,
ધર્મથી ચ્યુત (ભ્રષ્ટ)	ધર્મચ્યુત	,,
ભયથી ભીત	ભયભીત	,,
સાગરનો તીર	સાગરતીર	ષષ્ઠી તત્પુરુષ
આરબોનું સ્તાન	અરબસ્તાન	,,
સતીનો ધર્મ	સતીધર્મ	,,
વાયુનો પુત્ર	વાયુપુત્ર	,,
ગ્રામના ઉદ્ધારની પ્રવૃત્તિ	ગ્રામોદ્ધારપ્રવૃત્તિ	,,
કવિઓના કુલનો ગુરુ	કવિકુલગુરુ	,,
ભૂમિમાં પોઢેલો	ભૂમિપોઢયો	સપ્તમી તત્પુરુષ
ચિત્રમાં પ્રવીણ	ચિત્રપ્રવીણ	,,
કર્મમાં શૂર	કર્મશૂર	,,
પુરુષોમાં ઉત્તમ	પુરુષોત્તમ	,,
કવિઓમાં શ્રેષ્ઠ	કવિશ્રેષ્ઠ	,,

મનોયત્ન ૩

નીચે આપેલા સમાસોનાં પદો વચ્ચેનો સંબંધ સમજી વિગ્રહ કરો, અને તે કઈ વિભક્તિનો તત્પુરુષ છે તે કહો :—

સ્નેહવશ	ચિંતાતુર	દુઃખમુક્ત	તારાજડિત
અનાથાશ્રમ	નિદ્રાધીન	તંદ્રાવશ	શક્તિપ્રાપ્ત
ઉપકારવશ	અનાથગૃહ	શરમભર્યું	પ્રીત્યર્થે
ભક્તાધીન	ભક્તિભીનું	સેનાપતિ	નરોત્તમ
સ્નેહભર્યું	ઈશ્વરશ્રદ્ધા	કળાકૌશલ્ય	દાનવીર
સમાનગૃહ	દેવાર્પણ	મનવાંછિત	ગૌરવયુક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્ષણાર્થે	કષ્ટમુક્ત	આશ્ચર્યચકિત	ગ્રંથસંગ્રહ
ઋણમુક્ત	ધર્મભ્રષ્ટ	ધ્યાનભ્રષ્ટ	કર્મભ્રષ્ટ
શ્રમસાધ્ય	ગ્રંથકર્તા	રાજમહેલ	પતિધર્મ
જાતિભ્રષ્ટ	સોનાસાંકળી	દેવકન્યા	મનોભાવ
આકાશપતિત	બ્રાહ્મણપુત્ર	રણશૂરો	વીરશ્રેષ્ઠ
વનવાસ	ગ્રંથમણિ	એકાંતવાસ	લોકમાન્ય

મધ્યમપદલોપી

આ સમાસ તત્પુરુષનો એક પ્રકાર છે. એનાં પદોની વચ્ચેનું એક પદ લોપ પામેલું હોય છે. વિગ્રહ કરતી વખતે વિભક્તિના પ્રત્યય ઉપરાંત એ પદને પણ ઉમેરવું પડે છે. આ સમાસમાં મધ્યમ પદનો લોપ થયેલો હોવાથી એને **મધ્યમપદલોપી** સમાસ કહે છે.

અભ્યાસ

સમાસ	વિગ્રહ
દૂધભાત	દૂધ મિશ્રિત ભાત
કલ્પલતા	કલ્પેલું આપનાર લતા
આગબોટ	આગથી ચાલતી બોટ
ગાંધર્વલગ્ન	ગાંધર્વ વિધિથી થયેલું લગ્ન

મનોયત્ન ૪

નીચેના પદસમૂહો ઉપરથી મધ્યમપદલોપી સમાસ બનાવો:

આગવડે ચાલતી ગાડી	ઘોડાના વેગથી ચાલતું પૂર
બાળપણમાં થતું લગ્ન	દૂધ સાથે મિશ્રિત પૌંઆ
ટેકણ દેનારી લાકડી	લોકમાં પ્રચલિત કથા
મધ બનાવનારી માખી	શમશેર ચલાવવામાં બહાદુર
ઘા રૂઝવનારું બાજરિયું	રણમાં વગાડવાનું શિંગું
શિલામાં કોતરેલો લેખ	પૂરણ ભરેલી પોળી
પવન વડે ચાલતી ચક્કી	તેલ પીલવાની ઘાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલુક્ સમાસ

સમાસમાં જ્યારે પૂર્વપદની સાથે આવેલી વિભક્તિનો લોપ થતો નથી પરંતુ સમાસમાં વિભક્તિનો પ્રત્યય આપેલો હોય છે, ત્યારે તે **અલુક્ સમાસ** કહેવાય છે. અલુક્ એટલે વિભક્તિના લોપનો અભાવ.

અભ્યાસ

સમાસ	વિગ્રહ
વનેચર	વનમાં ફરનારું
અગ્રેસર	અગ્રે ચાલનાર – આગેવાન
યુધિષ્ઠિર	યુદ્ધમાં સ્થિર
સરસિજ	સરોવરમાં જન્મેલું (કમળ)
મનસિજ	મનમાં જન્મેલો (કામદેવ)
ખેચર	ખે એટલે આકાશમાં ફરનાર (પક્ષી)
પાયેલાગણું	પગે લાગવું તે
ઉદરંભરી	ઉદરને ભરનાર (સ્વાર્થી)
હૃદયંગમ	હૃદયને સ્પર્શનાર

ઉપર આપેલા છેલ્લા બે સિવાયના બધા સમાસોમાં સાતમી વિભક્તિના પ્રત્યયનો લોપ થતો નથી, જ્યારે છેલ્લા બે સમાસમાં બીજી વિભક્તિનો લોપ થયો નથી એ સ્પષ્ટ થશે.

એકદેશી

આ પ્રકારના સમાસમાં ઉત્તરપદ આખી વસ્તુ સૂચવે છે, અને પૂર્વપદ એ વસ્તુનો એક દેશ કે ભાગ સૂચવે છે.

સમાસ	વિગ્રહ
મધરાત	રાતનો મધ્ય ભાગ
પૂર્વપંજાબ	પંજાબનો પૂર્વ ભાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષિણભારત	ભારતનો દક્ષિણ પ્રદેશ
મધ્યાહ્ન	અહ્ન એટલે દિવસનો મધ્ય ભાગ
મધ્યહિંદ	હિંદનો મધ્ય પ્રદેશ

ઉપપદ

તત્પુરુષના આ પ્રકારમાં ઉત્તરપદ ક્રિયાપદના ધાતુ પરથી બનેલું હોય છે, અને એ સમાસના ભાગ તરીકે જ વપરાય છે; સ્વતંત્ર રીતે વપરાતું નથી.

સમાસ	વિગ્રહ
કુંભકાર	કુંભનો **કરનાર**
પંકજ	પંકમાં (કાદવમાં) **જન્મનાર** (કમળ)
હર્ષદ	હર્ષ **આપનાર**
પદ્મજા	પદ્મમાં જન્મનાર
દિવાકર	દિવસનો કરનાર (સૂર્ય)
ગિરિધર	ગિરિને ધારણ કરનાર
સર્વજ્ઞ	સર્વને જાણનાર
મનોહર	મનને હરનાર
ખગ	આકાશમાં જનારું
તટસ્થ	તટ પર ઊભેલો
કામગાર	કામ કરનાર
હરામખોર	હરામનું ખાનાર
દુકાનદાર	દુકાન રાખનાર
છડીદાર	છડીનો રાખનાર
દગાબાજ	દગો ખેલનાર
નાળબંદ	ઘોડાની નાળ જડનાર (બાંધનાર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન ૫

નીચે આપેલા શબ્દસમૂહો ઉપરથી ઉપપદ સમાસ બનાવો :

ત્રિભુવનને પાળનાર,	દુઃખ આપનાર
સુખ દેનાર,	ગિરિમાં જન્મેલી
મનને હરનાર,	નિશામાં ફરનાર
અલ્પ જાણનાર,	ધનુષ્યને ધારણ કરનાર
ગદા ધારણ કરનાર,	કષ્ટને હરનાર
ધ્યાનમાં બેઠેલો,	ચાડી ખાનાર
ખિસ્સા કાપનાર,	ફોજને રાખનાર
સુવર્ણ ઘડનાર,	નશો કરનાર

કર્મધારય

કર્મધારય સમાસમાં બંને પદો વચ્ચેનો સંબંધ વિશેષણ વિશેષ્યનો હોય છે. સામાન્ય રીતે એમાં પૂર્વપદ વિશેષણનું અને ઉત્તરપદ વિશેષ્યનું કામ કરે છે. પૂર્વપદમાં નામ હોય તે પણ વિશેષણ તરીકે ઉત્તરપદનો વધારો કરે છે. કેટલીક વાર વિશેષ્ય પદ પહેલું અને વિશેષણ પદ પાછળ આવે છે.

આ સમાસનાં પદો સમાન વિભક્તિમાં હોય છે અને એ બંને, ક્રિયાપદ સાથે, સમાન સંબંધ રાખે છે. કર્મધારય એટલે ક્રિયા સાથે સંબંધ રાખનાર. કર્મધારય સમાસનાં બંને પદો વચ્ચે પહેલી વિભક્તિનો સંબંધ હોય છે અને તેથી એને પહેલી વિભક્તિનો તત્પુરુષ કહી શકાય.

તત્પુરુષ શબ્દનો તે પુરુષ એવો વિગ્રહ કરીએ તો એ કર્મધારયનો દાખલો બને છે. આ સમાસમાં વિશેષ્ય પદ મુખ્ય અને વિશેષણ પદ ગૌણ હોય છે; જેમ કે, દિવ્યનેત્ર — દિવ્ય એવું નેત્ર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસ

પૂર્વપદ વિશેષણ ઉત્તરપદ નામ

સમાસ	વિગ્રહ
પુણ્યાત્મા	પુણ્યશાળી એવો આત્મા
એકાગ્રચિત્ત	એકાગ્ર એવું ચિત્ત
ગાઢનિદ્રા	ગાઢ એવી નિદ્રા
મહાદશા	મહાન એવી દશા
સુપુત્ર	સારો એવો પુત્ર

પૂર્વપદ નામ ઉત્તરપદ નામ

સમાસ	વિગ્રહ
શિવશંકર	શિવ એ જ શંકર
સંસારસાગર	સંસાર રૂપી સાગર
જીવનવન	જીવન રૂપી વન
આશાદીપક	આશા રૂપી દીપક

પૂર્વપદ નામ ઉત્તરપદ વિશેષણ

સ્થળાન્તર	અન્ય (અન્તર) સ્થળ
તલમાત્ર	તલ જેટલું જ
પ્રાણીમાત્ર	બધા પ્રકારનાં પ્રાણી

ઉપમિત (કર્મધારય)

કર્મધારય સમાસનાં પદો વચ્ચે સરખામણી કે ઉપમા દ્વારા સંબંધ બતાવવામાં આવ્યો હોય, ત્યારે એ સમાસને **ઉપમિત** સમાસ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સમાસમાં મોટે ભાગે ઉપમેય (ઉપમિત) પદ પહેલું આવે છે, તો કેટલીક વાર પાછલા પદ તરીકે પણ આવે છે.

સમાસ	વિગ્રહ
મુખચંદ્ર	ચંદ્ર જેવું મુખ
હસ્તકમળ	કમળ જેવા હસ્ત
હૃદયસરોવર	સરોવર જેવું હૃદય
વજ્રકાયા	વજ્ર જેવી કાયા
ઘનશ્યામ	ઘન જેવો શ્યામ

પ્રાદિ તત્પુરુષ

તત્પુરુષ સમાસનાં પદો પહેલી વિભક્તિમાં હોય તો તેને કર્મધારય સમાસ કહે છે તે આપણે જોયું, પરંતુ જો આવા સમાસમાં પૂર્વપદ તરીકે 'પ્ર'થી શરૂ થતા ઉપસર્ગો પૈકીનો કોઈ એક આવે, તો એ સમાસ **પ્રાદિ તત્પુરુષ** કહેવાય છે. [પ્રાદિ એટલે પ્ર આદિ ઉપસર્ગો] પ્ર, પરા, અપ, સમ્, અનુ, નિ, અવ, નિસ્, (નિર્) દુસ્ (દુર્) વિ, આ, અધિ, અભિ, અપિ, અતિ, સુ, ઉદ્, અભિ, પ્રતિ, પરિ, ઉપ.

સમાસ	વિગ્રહ
પ્રગતિ	પ્ર + ગતિ (આગળ ગતિ)
પ્રલોભ	પ્ર + લોભ (પ્રકૃષ્ટ એટલે ઘણો લોભ)
પરાજય	પરા + જય (જયથી ઊલટું – હાર)
પ્રતિધ્વનિ	પ્રતિ + ધ્વનિ (સામો ધ્વનિ – પડઘો)
પરિસીમા	પરિ + સીમા (ચારે પાસની સીમા)
પરિશ્રમ	પરિ + શ્રમ (પુષ્કળ શ્રમ)
દુષ્કાળ	દુસ્ + કાળ (ખરાબ કાળ)
દુર્ભેદ્ય	દુસ્ + ભેદ્ય (મુશ્કેલીથી ભેદ્ય)
અપકીર્તિ	અપ + કીર્તિ (ખરાબ કીર્તિ)
સંગતિ	સમ્ + ગતિ (સાથે ગતિ)
સંતાપ	સમ્ + તાપ (પુષ્કળ તાપ) (દુઃખ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિમગ્ન	નિ + મગ્ન (નીચે કે અંદર મગ્ન)
અવગતિ	અવ + ગતિ (ખરાબ ગતિ)
વિખ્યાત	વિ + ખ્યાત (વધારે ખ્યાત)
વિરાગ	વિ + રાગ (રાગનો અભાવ)
આયાત	આ + યાત (યાત એટલે ગયેલાથી ઊલટું – આવેલું)
આદાન	આ + દાન (દાનથી ઊલટું; લેવું તે)
આવૃષ્ટિ	આ + વૃષ્ટિ (આસપાસ, ચારેકોર વૃષ્ટિ)
અભિરુચિ	અભિ + રુચિ (– ની તરફ રુચિ)
અભિમાન	અભિ + માન (ઘણું માન; ગર્વ)
અતિમધુર	અતિ + મધુર (ઘણું મધુર)
અતીંન્દ્રિય	અતિ + ઇન્દ્રિય (ઇન્દ્રિયની પેલી પાર)
સુપુત્ર	સુ + પુત્ર (સારો પુત્ર)
સુદૂર	સુ + દૂર (ઘણું દૂર)
ઉદ્‌ગમ	ઉદ્‌ + ગમ (ઊંચે જવું તે; ઉત્પત્તિ)
ઉપસાગર	ઉપ + સાગર (નાનો સાગર)
ઉપગમન	ઉપ + ગમન (પાસે જવું તે)

મનોયત્ન ૬

નીચે આપેલા શબ્દસમૂહ ઉપરથી ઉપસર્ગો વાપરી સમાસ બનાવો : —

ઘણો યત્ન	સામી ક્રિયા	દુષ્ટ જન
આગળ વહેવું (વાહ)	સામો આઘાત	પાછળ જનાર (યાયી)
જીતેલાથી ઊલટું	સામો વાદી	ખરાબ શબ્દ
સામો પક્ષ	ચારે તરફની તપાસ (ઇક્ષા)	ખરાબ શુકન
ચારે તરફ ભ્રમણ	મુશ્કેલીથી પ્રાપ્ત	ઘણો કોપ
પુષ્કળ પાક	ખરાબ વચન	ખરાબ યશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નઞ્ તત્પુરુષ

તત્પુરુષ સમાસમાં જ્યારે પૂર્વપદ નકાર વાચક 'અ', 'અન', 'ન', 'ના', કે 'બે' એ પૂર્વગો આવે ત્યારે **નઞ્ તત્પુરુષ** સમાસ બને છે. જેમકે, અસત્ય — સત્યનો અભાવ, સત્ય નહિ તે.

અભ્યાસ

સમાસ	વિગ્રહ
અસ્પષ્ટ	સ્પષ્ટ નહિ તે
અજ્ઞાન	જ્ઞાનનો અભાવ
અનાદર	આદરનો અભાવ
અણુવિશ્વાસ	વિશ્વાસનો અભાવ
બેશુદ્ધિ	શુદ્ધિનો અભાવ
નાખુશી	ખુશીનો અભાવ
નપાસ	પાસ નહિ તે

મનોયત્ન ૭

નીચેના શબ્દસમૂહ પરથી નઞ્ સમાસ બનાવો :—

સત્યનો અભાવ,	ન ધાર્યું,	ન પ્રિય
હિંસા નહિ તે,	રાજીપણાનો અભાવ,	આચારનો અભાવ,
નીતિનો અભાવ,	ઇચ્છાનો અભાવ,	એક નહિ તે — ઘણા

વિશેષણ સમાસ

જે સમાસનાં પદો કેવળ વિશેષણો હોય ત્યારે તે **વિશેષણ સમાસ** કહેવાય છે.

અભ્યાસ

સમાસ	વિગ્રહ
ભાંગીતૂટી	ભાંગી એટલે જ તૂટી
વાંકીચૂકી	વાંકી એટલે જ ચૂકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળુંધોળું	કાળું અને ધોળું બંને
ઠંડુંગરમ	ઠંડું અને ગરમ બંને
ખાટુંમીઠું	ખાટું અને મીઠું બંને

ભાંગી એટલે જ તૂટી, વાંકી એટલે જ ચૂકી. આમ કેટલીક વાર એક જ અર્થનાં વિશેષણો ભાર દર્શાવવા ભેગાં આવીને વિશેષણ સમાસ બનાવે છે. તો કેટલીક વાર બે ભિન્ન અર્થનાં વિશેષણો ભેગાં આવીને વિશેષણ સમાસ બનાવે છે તે ઉપરના દાખલાઓ જોતાં જણાશે.

દ્વિગુ

સમાસમાં જ્યારે પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય અને આખા સમાસમાંથી સમાહાર કે સમૂહનો અર્થ નીકળે, ત્યારે તે દ્વિગુ સમાસ કહેવાય છે.

દ્વિગુ એ શબ્દ જાતે જ દ્વિગુ સમાસનો દાખલો છે. દ્વિ એટલે બે અને ગુ એટલે ગાય. બે ગાયોનો સમાહાર કે સમૂહ તે દ્વિગુ.

સમાસ	વિગ્રહ
ત્રિકોણ	ત્રણ કોણના સમૂહરૂપ આકૃતિ
નવરાત્રિ	નવરાત્રિનો સમૂહ
પંચવટી	પાંચ વડનો સમૂહ
ત્રિલોક	ત્રણ લોકનો સમૂહ

મનોયત્ન ૮

નીચેના સમાસોનો વિગ્રહ કરો :

પંચપાત્ર, ચોમાસું, સપ્તર્ષિ, ચોઘડિયું, પંચાંગ, ત્રિકાલ, ત્રિમૂર્તિ, ત્રિશૂલ.

બહુવ્રીહિ

૧ મોરનાં પીંછાં તરફ નહિ, પણ તેના **નીલકંઠ**ને જુઓ.

અહીં નીલકંઠ એટલે નીલરંગનો કંઠ, અહીં પહેલું પદ વિશેષણ અને બીજું, નામ છે. એ સમાસ કર્મધારય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ આ **નીલકંઠનું** મંદિર છે.

અહીં નીલકંઠનો અર્થ ભૂરો કંઠ થતો નથી. પરંતુ જેનો કંઠ નીલ કે ભૂરો છે એવા શંકર એવો છે. આખો સમાસ અહીં શંકર એ વિશેષ્યના વિશેષણ રૂપ છે.

૩ નારદ મુનિએ **ચક્રપાણિને** વંદન કર્યાં.

અહીં, ચક્રપાણિ એટલે ચક્ર અને પાણિ એવો દ્વન્દ્વ સમાસનો અર્થ નથી. ચક્રપાણિ એટલે જેના હાથમાં ચક્ર છે એવા વિષ્ણુ એવો અર્થ અહીં થાય છે. અહીં **ચક્રપાણિ** એ આખો સમાસ વિષ્ણુ એ વિશેષ્યનું વિશેષણ છે.

નીલકંઠ એ સમાસમાં પૂર્વપદ વિશેષણ અને ઉત્તરપદ નામ છે. ચક્રપાણિ એ સમાસમાં પૂર્વપદ અને ઉત્તરપદ બંને નામ છે, પરંતુ એક નામ અહીં બીજા નામના વિશેષણ તરીકે જ આવ્યું છે. જેમકે ચક્ર ક્યાં છે? તો પાણિમાં – હાથમાં. આમ, હાથમાં એવો જેનો અર્થ છે એવું પાણિ એ પદ ચક્રનું વિશેષણ છે. આમ છતાં પણ એ બંને સમાસ પાછાં બીજા જ નામનાં વિશેષણ બન્યા છે તે ધ્યાનમાં રાખવું. આમ સમાસનાં પદો વચ્ચે વિશેષણ – વિશેષ્ય સંબંધ હોય છતાં તેનો બનેલો આખો સમાસ કોઈ અન્ય પદના વિશેષણ રૂપે આવે, ત્યારે **બહુવ્રીહિ** સમાસ બને છે. આ સમાસનાં પદો અર્થની દૃષ્ટિએ ગૌણ હોય છે, કારણ કે એમાં અન્યપદ એટલે કે વિશેષ્યનું પ્રાધાન્ય કે મહત્ત્વ હોય છે.

નોંધ — ૧ મોરનો **નીલકંઠ** જુઓ — કર્મધારય — ભૂરોકંઠ

૨ **નીલકંઠની** પૂજા થાય છે — બહુવ્રીહિ — ભૂરાકંઠવાળા મહાદેવ.

ઉપરનાં વાક્યો તપાસતાં જણાશે કે કર્મધારય સમાસ કોઈ અન્ય પદનું વિશેષણ હોતો નથી. એ સ્વતંત્ર હોય છે. બહુવ્રીહિ સમાસ કોઈ અન્ય પદનું વિશેષણ બને છે. આ તફાવત ધ્યાનમાં રાખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાનાધિકરણ અને વ્યધિકરણ બહુવ્રીહિ

નીલકંઠ એ બહુવ્રીહિ સમાસમાં નીલ એ કંઠનું વિશેષણ છે અને તેની અને કંઠની વિભક્તિ સમાન કે એક જ છે. બંને પ્રથમા વિભક્તિમાં છે.

ચક્રપાણિ એ બહુવ્રીહિ સમાસ છોડો. **જેના પાણિમાં ચક્ર છે તે વિષ્ણુ.** અહીં ચક્ર એ પદ પહેલી વિભક્તિમાં છે અને પાણિ એ સાતમી વિભક્તિમાં છે. આમ બંને પદો ભિન્ન વિભક્તિમાં છે; સમાનઅધિકરણમાં નથી; એટલે કે એ બંને વ્યધિકરણમાં છે. બંને વિષમ અધિકરણમાં છે.

બહુવ્રીહિ સમાસનાં બંને પદો જ્યારે સમાન વિભક્તિમાં હોય ત્યારે તે **સમાનાધિકરણ** બહુવ્રીહિ કહેવાય છે.

બહુવ્રીહિ સમાસનાં પદો જ્યારે જુદી જુદી વિભક્તિમાં આવે ત્યારે તે **વ્યધિકરણ** બહુવ્રીહિ કહેવાય છે.

મહાબાહુ — જેના **બાહુ લાંબા** છે તે પુરુષ
ચતુર્ભુજ — જેને **ચાર હાથ** છે તે દેવ
નીલકંઠ — **નીલ** કંઠ જેનો છે તે શંકર
મુક્કામુક્કી — મુક્કા અને મુક્કી જેમાં વપરાય તેવી લડાઈ
કમલનયન — **કમલ** સમાન **નયન** જેનાં છે તે પુરુષ
કપિધ્વજ — જેના **ધ્વજમાં કપિ** છે તે અર્જુન
વીણાપાણિ — જેના **પાણિમાં વીણા** છે તે નારદ
પિનાકપાણિ — જેના **પાણિમાં પિનાક** ધનુષ્ય છે તે શંકર
ચક્રપાણિ — જેના **પાણિમાં ચક્ર** છે તે વિષ્ણુ
ઇન્દ્રાદિ — જેના **આદિમાં ઇંદ્ર** છે તે દેવો
જ્ઞાનપૂર્વક — જેની **પૂર્વે જ્ઞાન** છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન ૯

નીચેના બહુવ્રીહિ સમાસનો વિગ્રહ કરો :—

મેઘવર્ણું	સ્નાનસંધ્યાદિ	દામોદર
ધક્કામુક્કી	જ્વાલામુખી	વિચારપૂર્વક
કટુવચની	વજ્રહૃદયી	કમનસીબ (માણસ)
કૃતાર્થ	પ્રજાસત્તાક	મીઠાબોલો
શાંતિપ્રિય	દૃઢનિશ્ચયી	કબીરપંથી

પ્રાદિ બહુવ્રીહિ

૧. રાણો **પ્રતાપ** યુદ્ધમાં ઝઝૂમ્યો.
૨. ગોવિંદ જતે દહાડે **નિર્ધન** બન્યો.
૩. તે **વિધવાએ** દુઃખ વેઠીને પુત્રને ઉછેર્યો.
૪. તેનો પ્રયત્ન **વિફળ** નીવડ્યો.

પ્રતાપ (પ્ર+તાપ) ઘણો તાપ (બળ–પરાક્રમ) જેનો છે તે
નિર્ધન (નિસ્+ધન) જતું રહ્યું છે ધન જેનું તે પુરુષ.
વિધવા (વિ+ધવા) જેનો પતિ (ધવ) મૃત્યુ પામ્યો છે એવી સ્ત્રી.
વિફળ (વિ+ફળ) જેનું ફળ મળ્યું નહિ તેવો.

ઉપરના સમાસોમાં જોતાં જણાશે કે એ દરેકમાં 'પ્ર'થી શરૂ થતા ઉપસર્ગો પૈકીનો એક ઉપસર્ગ પૂર્વપદ તરીકે આવ્યો છે અને આખો સમાસ અન્ય પદનું વિશેષણ બન્યો છે. આ પ્રકારના ઉપસર્ગવાળા બહુવ્રીહિ સમાસ **પ્રાદિ** બહુવ્રીહિ કહેવાય છે.

અભ્યાસ

દુર્ગુણી — જેનામાં દુષ્ટ ગુણ છે તે.
નિર્દય — જેનામાંથી દયા જતી રહી છે તે.
સંન્યાસી — જેનો ત્યાગ સંપૂર્ણ છે તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરાકાર — જેને આકાર નથી તે.

વિજ્ઞાની — જેનું જ્ઞાન વિશેષ પ્રકારનું છે તે.

દુર્બળ — જેનું બળ ઓછું છે તે.

સહ બહુવ્રીહિ

૧ મારી યાત્રા **સફળ** થઈ.

સફળ — ફળ સહિતની — ફળ જેની સાથે છે તેવી.

૨ **સવર્ણોએ** હરિજનોને અપનાવી લેવા જોઈએ.

સવર્ણ — જેનો વર્ણ સમાન છે તે ચાર વર્ણના લોક.

૩ અમે **સહકુટુંબ** પ્રવાસે ગયા.

સહકુટુંબ — કુટુંબ જેની સાથે છે તે.

૪ **સગોત્ર** વ્યક્તિ સાથે લગ્નનો નિષેધ છે.

સગોત્ર — જેનું ગોત્ર સમાન છે તે.

આ પ્રકારના બહુવ્રીહિ સમાસમાં **સ** કે **સહ** પૂર્વપદ તરીકે આવે છે. **સ**નો અર્થ સાથે અને સમાન એમ બંને થાય છે. આ પ્રકારના સમાસ **સહ બહુવ્રીહિ** કહેવાય છે.

અભ્યાસ

સપત્નીક — જેની સાથે પત્ની છે તે.

સકર્મક — જેની સાથે કર્મ છે તે.

સહવાસી — જેનો વાસ સાથે છે તે.

સહોદર — જેનું ઉદર (અહીં જન્મ) સમાન છે તે, ભાઈ.

નઞ્ બહુવ્રીહિ

૧ અર્જુન **અજોડ** બાણાવળી હતો.

અજોડ — જેની જોડ નથી એવો.

૨ આકાશ **અનંત** છે.

અનંત — જેને અંત નથી એવું.

૩ તમે **નકામી** વાત કરશો નહિ.

નકામી — જેનું કામ નથી એવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રકારના બહુવ્રીહિ સમાસમાં પૂર્વપદે નકારવાચક અ, અન્ ન વગેરે આવે છે, અને આખો સમાસ અન્ય પદનું વિશેષણ બને છે. આ પ્રકારના બહુવ્રીહિને **નઞ્ બહુવ્રીહિ** કહે છે.

અભ્યાસ

અમૂલ્ય — જેનું મૂલ્ય નથી તે.
અતુલ — જેની તુલના નથી તે.
અનુપમ — જેની (ઉપમા) સરખામણી નથી તે.
અનુદ્યમી — જેને ઉદ્યમ નથી તે.
અણજાણી — જેને અથવા જેની જાણ નથી તે.
નફકરો — જેને ફિકર નથી તે.
બેકદર — જેને કદર નથી તે.

મનોયત્ન ૧૦

સમાસનો વિગ્રહ કરો :—

નવસ્રું, નજીવું, અણવિશ્વાસુ, અનાદિ, અનહદ, નાઉમેદ, નાવારસ, નબાપો, અનાથ, અમાપ, બેહદ, બેવચની, બેદરકાર, નચિંત, બેઆબરૂ.

મનોયત્ન ૧૧

નીચેનાં વાક્યોમાં કયા સમાસો કર્મધારય છે અને કયા બહુવ્રીહિ છે તે કહો :—

૧ **પીતાંબર** પહેરીને તે **પીતાંબરનાં** દર્શન કરવા ગયો.
૨ એ રાજા બળવાન અને **મહાબાહુ** હતો.
૩ રાજાના બંને **મહાબાહુમાં** શસ્ત્રો હતાં.
૪ આ દેશના લોકો **ઘઉંવર્ણા** છે.
૫ એનો વર્ણ **ઘઉંવર્ણ** છે.
૬ યુદ્ધમાં તેનો **વજ્રદેહ** પણ ઘવાયો.
૭ એ **વજ્રદેહ** હનુમાનની પૂજા કરે છે.
૮ સેનાપતિએ યુદ્ધ જીતવાનો **દૃઢસંકલ્પ** કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯ **દૃઢસંકલ્પ** સેનાપતિએ યુદ્ધ જીત્યું.
૧૦ એ **સત્કર્મી** પુરુષે અનેક સત્કર્મો કર્યાં.
૧૧ માણસે **ઉદારચિત્ત** થવું જોઈએ.

અવ્યયીભાવ

૧ મેં એ **પ્રત્યક્ષ** જોયું. (પ્રતિ+અક્ષ) આંખ આગળ હોય તેમ.
૨ તમે **યથામતિ** આ કામ કરજો. (યથા+મતિ) મતિ પ્રમાણે.

ઉપરનાં વાક્યોમાં **પ્રત્યક્ષ** અને **યથામતિ** એ પદો ક્રિયાવિશેષણ તરીકે વપરાયાં છે. એ બંને સમાસોમાં પહેલું પદ અવ્યય છે: 'પ્રત્યક્ષ'માં **પ્રતિ**, અને 'યથામતિ'માં **યથા.**

આ અવ્યયો સમાસમાં પ્રધાનપદે આવી આખા સમાસને અવ્યય બનાવે છે, તેથી એ સમાસ **અવ્યયીભાવ** સમાસ કહેવાય છે.

(અવ્યયીભાવ એટલે જે અવ્યય નથી તેનું અવ્યય થવું તે.)

જ્યારે સમાસમાં પૂર્વપદ અવ્યય હોય અને તે આખા સમાસને અવ્યય બનાવે, ત્યારે એ સમાસ **અવ્યયીભાવ** કહેવાય છે.

અભ્યાસ

હરરોજ — દરેક દિવસે	**આજન્મ** — જન્મથી માંડીને
યથાક્રમ — ક્રમ પ્રમાણે	**આમરણ** — મરણ સુધી
યથાશક્તિ — શક્તિ પ્રમાણે	**પ્રતિદિન** — દરરોજ
સમક્ષ — આંખ સામે	**પ્રતિમાસ** — દરમાસે
પ્રતિક્ષણ — દરેક ક્ષણે	**યાવજ્જીવન** — જીવન પર્યંત
યથાર્થ — અર્થ પ્રમાણે	**પ્રત્યેક** — દરેક

સુપ્સુપ્ સમાસ

દૃષ્ટપૂર્વ — પૂર્વે જોયેલું
શ્રુતપૂર્વ — પૂર્વે સાંભળેલું
ભૂતપૂર્વ — પૂર્વે બનેલું
કૃતપૂર્વ — પૂર્વે કરેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરના જેવા સમાસોનો સમાવેશ દ્વન્દ્વ, તત્પુરુષ, બહુવ્રીહિ, કે અવ્યયીભાવ અને તેના પેટા સમાસોમાં થતો નથી. આવા સમાસને સુપ્સુપ્ સમાસ કહે છે. સુપ્ એટલે નામની એકથી સાત વિભક્તિ. સુપ્સુપ્ સમાસમાં કોઈ એક પદ બીજા પદ સાથે કોઈ પણ સંબંધ દર્શાવી અનિયમિત રીતે સમાસ બનાવે છે.

સમાસના પેટામાં સમાસ

ઘણી વાર સમાસના પેટામાં બીજો સમાસ આવે છે, ત્યારે એનો વિગ્રહ કરતાં સમાસના વિભાગ કેમ પાડવા તે જાણવું અગત્યનું છે. સંદર્ભમાં જે અર્થ બંધબેસતો હોય તે જોઈને સમાસના વિભાગ કરવાના હોય છે. દા. ત. **મહાદેવકૃપા** એ સમાસના વિભાગ અને વિગ્રહ નીચે પ્રમાણે બે રીતે થાય:

આખો સમાસ — મહાદેવકૃપા = મહાદેવ + કૃપા = મહાદેવની કૃપા. – તત્પુરુષ

પેટા સમાસ — મહાદેવ = મહા + દેવ = મોટા દેવ – કર્મધારય. બીજી રીત :

આખો સમાસ — મહાદેવકૃપા = મહા + દેવકૃપા = મોટી દેવકૃપા — કર્મધારય

પેટા સમાસ — દેવકૃપા = દેવ + કૃપા — દેવની કૃપા — તત્પુરુષ

આમ જોઈ શકશો કે આખા સમાસના વિભાગ જુદી જુદી રીતે થાય છે અને તેના અર્થમાં ફેર પડે છે.

અભ્યાસ

		સમાસ	વિગ્રહ	પ્રકાર
(૧)	આખો સમાસ	પાંડવવનવાસ	પાંડવનો વનવાસ	ષષ્ઠી તત્પુરુષ
	પેટા સમાસ	વનવાસ	વનમાં વાસ	સપ્તમી તત્પુરુષ
(૨)	આખો સમાસ	ગૃહસ્થજીવન	ગૃહસ્થનું જીવન	ષષ્ઠી તત્પુરુષ
	પેટા સમાસ	ગૃહસ્થ	ગૃહમાં વસનાર	ઉપપદ

CC-0. In Public Domain, Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) આખો સમાસ	શિષ્ટજનઆગમન	શિષ્ટજનનું આગમન	ષષ્ટી તત્પુરુષ
પેટા સમાસ	શિષ્ટજન	શિષ્ટ એવા જન	કર્મધારય.

મનોયત્ન ૧૨

નીચે આપેલા સમાસો ઓળખો અને તેનો વિગ્રહ કરો :—

વિદ્યાકળા	નિર્મળ	દરિયાપાર	ગ્રંથકર્તા
એનસીબ	પ્રત્યક્ષ	દીર્ઘદૃષ્ટિ	નિતિવેત્તા
બેફિકરો	યથાયોગ્ય	વરાળયંત્ર	ઇતિહાસાદિ
હસ્તગત	અરુચિકર	વિદ્યાલય	યથાર્થ
વિદ્યાવિનોદ	શાસ્ત્રચર્ચા	અનાદર	સ્મશાનવૈરાગ્ય
હસ્તામલક	પુરવાસી	રસપાત્ર	નિર્લજ્જ
ગિરિધારી	મુરારિ	પુરાણાદિક	અનાર્ય
લાભાલાભ	વિદ્યાકળા	ચર્મચક્ષુ	વ્યર્થ
અમૂલ્ય	જન્મભૂમિ	સોદાગર	ગ્રંથસાગર
વિશ્વવિખ્યાત	અધિરાજ	ધૂમકેતુ	રાતવાસો
ઘોડેસવાર	નિર્મળ	ભ્રૂભંગ	તપોવન
સુલભ	શસ્ત્રસજ્જ	બાળઉછેર	પ્રશ્નપરંપરા
આશ્ચર્યમુગ્ધ	સુરેખ	અનામી	વિશ્વવ્યાપી
આપઘાત	વિવાદપ્રિય	સેનાની	રજમાત્ર
પુરોગામી	સીમાબદ્ધ	નિઃસીમ	નિર્મર્યાદ
નિષ્ફળ	જ્ઞાનમૂર્તિ	બેભાન	સર્વવિદિત
વાક્પટુતા	હાસ્યપ્રદ	પારંગત	ઉપહાસપાત્ર
સાહિત્યરસિક	વિધિનિષેધ	ધરાધર	ગોવિંદ
અમૃતફળ	તલમાત્ર	દામોદર	ત્રિલોક
પંચાનન	ઇંદ્રાદ્રિ	ત્રિમૂર્તિ	પદાબ્જ
દશબાર	સુજાત	અનુપમ	સજીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિબિંબ	સુખદ	સિદ્ધાર્થ	ફળફૂલ
સચેતન	અદીઠ	અસંખ્ય	હાડમાંસ
મધ્યાહ્ન	સહાસ્ય	શૂલપાણિ	સકંપ
પ્રકૃતિતાંડવ	અશરણશરણ	યથાર્થદર્શી	અજાચકવ્રત
ભ્રાતૃભાવભૂખ્યો	કવિકુલગુરુ	અરુચિકર	સાંગોપાંગ
દેશહિતેચ્છુ	મારફાડ	રણધીર	હાથીદાંત
ગ્રામાન્તર	દેશાન્તર	કદરૂપું	ધર્મપૂત
નાકકાન	ખાડાટેકરા	વેપારરોજગાર	ભાજીપાલો
લોકવાયકા	દગોફટકો	ધનાઢ્ય	અદૃષ્ટ
મધમાખ	કલાકાર	કાચકાગળ	સર્વજ્ઞ
દુર્ગમ	અનુકૂળ	સરોજ	કૃષિકાર
અલ્પજ્ઞ	કલાવિદ્	વિનાશકર	પૂર્વકથા
અસંખ્ય	દુર્જેય	ઉત્તરહિંદ	વાંકીચૂકી
દહીંવડું	મધ્યાહ્ન	ચંદ્રવદન	બારેમાસ
ચતુષ્કોણ	ત્રિલોક	ઘનશ્યામ	ત્રિગુણ
સ્પષ્ટાસ્પષ્ટ	કમલનયન	નાનુંમોટું	ત્રિભુવન
નવરાત્રી	સંસારસાગર	હિમાચલ	અતિજ્ઞાન
શશાંક	આજન્મ	બુદ્ધિધન	સમૂળું
સત્યાદિ	પ્રતિક્ષણ	નિઃસ્પૃહ	યથામતિ
અનાદિ	સહૃદય	અવાક્	સ્થિતપ્રજ્ઞ
સાંત	અનન્ય	મુક્કામુક્કી	મીઠાબોલો
નીરવ	ચતુર્ભુજ	સંતાકૂકડી	ધનુર્ધર
નૂરજહાં	પંચવટી	નામરજી	તત્ત્વજ્ઞ
વજ્રકાય	દુકાનદાર	મિત્રરત્ન	

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨

શબ્દસિદ્ધિ

તમે શીખી ગયા છો કે શબ્દને પૂર્વગપ્રત્યય લગાડી તેમાંથી નવો શબ્દ બનાવી શકાય છે. દા. ત.

ધર્મ — અ + ધર્મ = અધર્મ

જય — પરા + જય = પરાજય

આ દાખલાઓમાં પૂર્વગો લાગવાથી ઊલટા અર્થના શબ્દ બન્યા છે.

સમાજ — સમાજ + ઇક = સામાજિક

કુળ — કુળ + વાન = કુળવાન

આ દાખલાઓમાં પ્રત્યય લાગવાથી નામનાં વિશેષણ બન્યાં છે.

જાદુ — જાદુ + ગર = જાદુગર

સુવર્ણ — સુવર્ણ + કાર = સુવર્ણકાર

અહીં પ્રત્યય લાગવાથી નામ ઉપરથી કર્તૃવાચક નામ બન્યું છે.

હવે પૂર્વગો અને પ્રત્યયો લાગીને વિશેષણ પરથી, નામ ઉપરથી અને ધાતુઓ પરથી જુદા જુદા પ્રકારના શબ્દો કેવી રીતે બને છે અથવા સાધિત થાય છે તે આપણે જોઈશું.

પ્રત્યય

વિશેષણ ઉપરથી ભાવવાચક નામ

મહત્ + ત્વ — = મહત્ત્વ — લઘુત્વ, તત્ત્વ, ચંચલત્વ, ગુરુત્વ, વૃદ્ધત્વ, એકત્વ, દુર્બલત્વ

અનેક + તા = અનેકતા, રસિકતા, કરુણતા, મધુરતા, મોહકતા, પ્રબલતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ + અ = ગૌરવ, લઘુ–લાઘવ, કુશલ–કૌશલ, મધુર–માધુર્ય, સુંદર–સૌંદર્ય, એક–ઐક્ય, કરુણ–કારુણ્ય, તરુણ–તારુણ્ય, દીન–દૈન્ય, ઉદાર–ઔદાર્ય, દક્ષિણ–દાક્ષિણ્ય

ઊંચું + આઈ = ઊંચાઈ, હઠીલાઈ, પહોળાઈ, સચ્ચાઈ, હલકાઈ, ચોખ્ખાઈ, બૂરાઈ, લંબાઈ, જાડાઈ, મોટાઈ

કાચું + આશ = કચાશ, ખટાશ, ખારાશ, બહેરાશ, રતાશ, લીલાશ, કડવાશ, મીઠાશ, પીળાશ.

ટૂંકું + આણ = ટૂંકાણ, ઊંડાણ, લંબાણ, ઊંચાણ

મોટું + પણ–પણું = મોટપણ, મોટપણું, ભોળપણ – પણું, નાનપણ, ઘરડપણ, ગળપણ, આંધળાપણું, બાળપણ

વહાલું + પ = વહાલપ, ઊણપ, ભોંઠપ, મોટપ, મીઠપ

અંધ + પો = અંધાપો, બુઢ્ઢું–બુઢાપો

ચાલાક + ઈ = ચાલાકી, હોશિયારી, લાયકી, ઠંડી, ગરમી, ચબરાકી

ઠંડું + ક = ઠંડક, ટાઢક

કરડું + કી = કરડાકી, ગંદકી

માંદુ + ગી = માંદગી, તાજગી

નાનું + મ = નાનમ, મોટમ

મોંઘું + વારી = મોંઘવારી, સોંઘવારી

મોંઘું + રત = મોંઘારત, સોંઘારત

ગંદું + વાડ = ગંદવાડ, એઠવાડ, મંદવાડ

ઝીણું + વટ = ઝીણવટ

વિશેષણ પરથી લઘુતાસૂચક વિશેષણ

ટૂંકું + ડું = ટૂંકડું, ઘેલડું, ગરીબડું, રતુમડું

ડાહ્યું + લું = ડાહ્યલું, નાનલું, માંદલું, એકલું

ભોળું + યું = ભોળિયું, ગાંડિયું, માંદિયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હલકું + ટ = હલકટ, પાકટ
થોડું + ક = થોડુંક, જરાક, ઘણુંક

વિશેષણ પરથી અંશ કે તુલના બનાવનાર વિશેષણ

લઘુ + તર = લઘુતર, નવતર, પ્રિયતર, સુંદરતર
લઘુ + તમ = લઘુતમ, ગુરુતમ, પ્રિયતમ, નવતમ
સ્વાદુ + ઇષ્ઠ = સ્વાદિષ્ઠ, વરિષ્ઠ, ઘનિષ્ઠ
ગળ્યું + ચટું, સટું = ગળચટું, પીળચટું, ખરસટું
મોઘું + એરું = મોંઘેરું, નાનેરું, ઝાઝેરું, ઘણેરું, ભલેરું

વિશેષણ ઉપરથી ક્રિયાવિશેષણ અવ્યય

એક + દા = એકદા, (કાળવાચક) સર્વદા, તદા, કદા
એક + ધા = એકધા (રીતવાચક) અનેકધા, બહુધા, દ્વિધા
એક + ત્ર = એકત્ર, સર્વત્ર, યત્ર, તત્ર

નામ ઉપરથી વિશેષણ

ધર્મ + ઇક = ધાર્મિક, સામાજિક, પાક્ષિક, માનસિક, યાંત્રિક, આંતરિક, નૈતિક, વૈજ્ઞાનિક, ભૌગોલિક, ઐતિહાસિક, પૌરાણિક
રાષ્ટ્ર + ઈય = રાષ્ટ્રીય, શાસ્ત્રીય, સ્વર્ગીય, પુસ્તકીય, પક્ષીય, ભારતીય
આનંદ + ઇત = આનંદિત, પુલકિત, મોહિત, પ્રકાશિત, કલંકિત, શોભિત, હર્ષિત, લજ્જિત
કુલ + ઈન = કુલીન, ગ્રામીણ
વિયોગ + (ઇન) ઈ = વિયોગી, ભોગી, યોગી, ઉદ્યોગી, ઋણી
કીર્તિ + (મત્) માન = કીર્તિમાન, શ્રીમાન, શક્તિમાન, કાંતિમાન
કીર્તિ + મંત = કીર્તિમંત, શ્રીમંત, શક્તિમાન, ધીમંત
રૂપ + (વત્) વાન = રૂપવાન, વેગવાન, ધનવાન, કલાવાન, વિદ્યાવાન, કુળવાન, બળવાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપ + (વત્) વંત = રૂપવંત, ધનવંત, કુળવંત, કળાવંત, બળવંત, ભાગ્યવંત

તેજસ્ + (વિન્) વી — તેજસ્વી, યશસ્વી, તપસ્વી, મેધાવી, માયાવી

દયા + આળુ = દયાળુ, કૃપાળુ, માયાળુ, ધરાળુ, ખેતરાળુ

હેત + આળ = હેતાળ, શરમાળ, રિસાળ, દયાળ, ડુંગરાળ

લોહી + ઇયાળ = લોહિયાળ, શુકનિયાળ, ડુંગરિયાળ

રસ + મય = રસમય, પ્રેમમય, સત્યમય, કાષ્ઠમય

તેજસ્ + મય = તેજોમય, જલમય, પ્રભુમય, દુઃખમય, મનોમય, આનંદમય, સુખમય

રાક્ષસ + ઈ = રાક્ષસી, ચીની, રેશમી, દેશી, સૂરતી, ભારતી, બાદશાહી, કાશ્મીરી, ઊન — ઊની

વગડો + આઉ = વગડાઉ, ગરજાઉ, ઉપજાઉ, સુતરાઉ

કળા + એલ = કળાયેલ, કળાયલ, ફૂલેલ, કોઢિયેલ, અડિયેલ

ભાષા + વાર = ભાષાવાર, વિગતવાર, તરેહવાર

હઠ + ઇલું = હઠીલું, નાતીલું, કોડીલું, રંગીલું, ધાટીલું, મોજીલું

વાત + ગરું = વાતગરું, કામગરું, કાજગરું

ધાંધલ + ઇયું, ઇયો = ધાંધલિયું, એકઠિયું, રવિવારિયું

આબરૂ + દાર = આબરૂદાર, ભપકાદાર, માલદાર, દેવાદાર, ઇનામદાર, ઈમાનદાર, ઇજારદાર

દરિયો + આઈ = દરિયાઈ, વારસાઈ, દેવતાઈ

બાપ + ઇકું = બાપીકું, પોતીકું

નામ ઉપરથી ભાવવાચક નામ

દાસ + ત્વ = દાસત્વ, મૂર્ખત્વ, દૂતત્વ, ક્ષત્રિયત્વ, બ્રાહ્મણત્વ, શિષ્યત્વ, સ્ત્રીત્વ, પુરુષત્વ, વીરત્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિત્ર + તા = મિત્રતા, શત્રુતા, પશુતા, મૂર્ખતા, વીરતા

ચોર + ઈ = ચોરી, સાહેબી (સાહ્યબી), બોલી, રખવાળી, હરામખોરી, રોજી, મજૂરી, દંડાબાજી, દગાબાજી, અમલદારી

ભાટ + આઈ = ભાટાઈ, માણસાઈ, પટલાઈ, મોગલાઈ, દાંડાઈ

મહેમાન + ગીરી = મહેમાનગીરી, દીવાનગીરી, નેતાગીરી

મહેનત + આણું = મહેનતાણું

પરોણો + ગત = પરોણાગત, મહેમાનગત

વડીલ + પણું / પણ = વડીલપણું, ગુરુપણું, શહીદપણું, સતીપણું, બાળપણ

કરાર + નામું = કરારનામું, જાહેરનામું, લવાદનામું, રાજીનામું

હેવાન + ઇયત = હેવાનિયત, ઇન્સાનિયત

નામ પરથી કરનાર કે જાણનારના અર્થમાં નામ

તર્ક + ઇક = તાર્કિક, ન્યાય — નૈયાયિક, પૌરાણિક, નાવિક, વૈદિક

હત્યા + આરો = હત્યારો, ભઠિયારો, કઠિયારો

જાન + ઐયો, ઇયો = જાનૈયો, કણિયો, સંઘાડિયો, ઘેરૈયો, ઘેરિયો

પખાલ + ઈ = પખાલી, માછી, તંબોળી, તેલી, હાળી

તોપ + ચી = તોપચી, તબલચી, મશાલચી, ખજાનચી

જાદુ + ગર = જાદુગર, ચૂડગર, સોદાગર

ગુને + ગાર = ગુનેગાર, જુલમગાર, મદદગાર, કામગાર

દગા + બાજ = દગાબાજ, કાયદાબાજ, તાલીમબાજ, નશાબાજ, હિંમતબાજ

હલાલ + ખોર = હલાલખોર, શેખીખોર, હરામખોર, દગાખોર

ઉમેદ + વાર = ઉમેદવાર

તારણ + હાર = તારણહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ ઉપરથી સંતતિવાચક નામ

જનક+ઈ=જાનકી, દ્રૌપદી

દનુ+અ=દાનવ, રવણ-રાવણ, યદુ-યાદવ, પૃથા-પાર્થ, પાંડુ-પાંડવ, વસુદેવ-વાસુદેવ, કુરુ-કૌરવ, ભૃગુ-ભાર્ગવ

ગંગા+ઈય=ગાંગેય, કૌંતેય

દિતિ+ય=દૈત્ય, જમદગ્નિ-જામદગ્ન્ય, શિબિ-શૈબ્ય

(દેશમાં જન્મેલાનો અર્થ)

પાંચાલ (દેશ)+ઈ=પાંચાલી, ગાંધાર-ગાંધારી, કેકય-કૈકેયી, વિદર્ભ-વૈદર્ભી, મદ્ર-માદ્રી, પર્વત-પાર્વતી

નામ પરથી લઘુતા, વાત્સલ્ય કે તિરસ્કારસૂચક

બાલ + ક = બાલક

આંખ + ડી = આંખડી, કોયલડી, વાંસલડી

જીવ + ડું = જીવડું, ગામડું, મુખડું

જીવ + ડો = જીવડો

પાટ + લો = પાટલો, ખાટલો, ચાંદલો, તારલો, સાડલો, સાલ્લો

તારો + લી = તારલી, ગાડલી, ગાલ્લી

ગાડું + લું = ગાડલું, ગાલ્લું

ઝાડ + વું = ઝાડવું

ધડો + વો = ધાડવો, છોડવો

ધડો + વી = ધાડવી

કળશ + ઇયો = કળશિયો, તારલિયો

શેર + ઇયું = શેરિયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાતુ ઉપરથી કર્તૃવાચક નામ

ધાતુ	પ્રત્યય	કર્તૃવાચક નામ
(કૃ)–કર	તૃ = તા	કર્તા
(હૃ)–હર	,,	હર્તા
શ્રૃ	,,	શ્રોતા
દૃશ્	,,	દ્રષ્ટા
રમ	અન	રમણ
મુહ્	અન	મોહન
નશ્	અન	નાશન
મન્ત્ર્	ઇન્ = ઈ	મન્ત્રી
યુજ્	,,	યોગી
ભુજ્	ઇન્ = ઈ	ભોગી
સમ્+યમ	,,	સંયમી
ત્યજ્	,,	ત્યાગી
ભિક્ષ્	ઉ	ભિક્ષુ
જ્ઞા	,,	જિજ્ઞાસુ
પા	,,	પિપાસુ
ગૈ–ગા	અક	ગાયક
લખવું	,,	લેખક
તાર (વું)	,,	તારક
વાંચ (વું)	,,	વાંચક
તર (વું)	નાર	તરનાર
ગા (વું)	નાર	ગાનાર
તોલ (વું)	નાર	તોલનાર
રંગ (વું)	આરો	રંગારો
લૂંટ (વું)	,,	લૂંટારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂત (વું)	આરો	ધુતારો
માપવું	,,	મપારો
પીંજ (વું)	,,	પીંજારો
પૂજ (વું)	,,	પૂજારી
લડ (વું)	ઐયો	લડવૈયો
તર (વું)	,,	તરવૈયો
ઘડ (વું)	,,	ઘડવૈયો
ગા (વું)	,,	ગવૈયો
ખેલ (વું)	આડી	ખેલાડી

ધાતુ ઉપરથી જાતિવાચક કે સામાન્ય નામ

ધાતુ	પ્રત્યય	નામ
ખાંડ (વું)	યું	ખાંડણિયું
ચાળ (વું)	અણો, અણી, અણું	ચાળણો–ચાળણી
ગાળ (વું)	,,	ગળણી
ઢાંક (વું)	,,	ઢાંકણું
વીંઝ (વું)	,,	વીંઝણો
પહેર (વું)	અણુ–અણી	પહેરણુ
ઓઢ (વું)	,,	ઓઢણી
બાંધ (વું)	,,	બાંધણી
ઝાડ (વું)	ઉ	ઝાડુ
ઝૂલ (વું)	ઓ	ઝૂલો–ઝોલો
ઓઢ (વું)	ઓ	ઓઢો
હીંચ (વું)	ઓ	હીંચકો
બિછાવ (વું)	આનું	બિછાનું

ધાતુ ઉપરથી ભાવવાચક નામ

કર(વું) કર+અણી=કરણી, લણણી, માગણી, રહેણી, કાપણી માપણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભર(વું) ભર + અણું = ભરણું
સીવ(વું) સીવ + આઈ = સિવાઈ, સિલાઈ, લડાઈ, ચડાઈ, કમાઈ, બંધાઈ
ચળક(વું) + આટ = ચળકાટ, રખડાટ, અકળાટ, થનગનાટ, ઝગઝગાટ, ફફડાટ, ઉકળાટ
લખ(વું) + આણ = લખાણ, ખોદાણ, જોડાણ
ભાંગવું + આણ = ભંગાણ, ચંપાણ, વંચાણ
પહેરાવ(વું) + આમણી = પહેરામણી, સરખામણી, લખામણી
ચીતર(વું) + આમણ = ચિતરામણ, ખૂંદામણ
દુઃખ(વું) + આવો = દુખાવો, ઘેરાવો
બન(વું) + આવ = બનાવ, ઘેરાવ
બનાવ(વું) + આવટ = બનાવટ, સજાવટ, પતાવટ, રુકાવટ
ફાવ(વું) + અટ = ફાવટ
બોલ(વું) + ઈ = બોલી, ચોરી
ભણ(વું) + તર = ભણતર, કળતર, ચણતર, ભરતર
રમ(વું) + ત = રમત, ગમ્મત, ભરત, લખત
ચડ(વું) + તી = ચડતી, પડતી, ભરતી

પૂર્વગ

વિરુદ્ધ અર્થના સાધિત શબ્દો

નીચે બતાવ્યા પમાણે શબ્દને પૂર્વગ લગાડવાથી વિરુદ્ધ અર્થના શબ્દો બને છે:—

પૂર્વગ શબ્દ — વિરુદ્ધ અર્થનો શબ્દ

અ + હિંસા = અહિંસા, અકર્મ, અધર્મ, અસત્ય, અભય, અગમ્ય, અકલ્પ્ય, અનિત્ય
અન્ + અન્ત = અનંત, અનેક, અનિચ્છા, અનુપમ, અનુદાર, અનાર્ય, અનન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અણ + વિશ્વાસ = અણવિશ્વાસ, અણવાર્યું, અણજાણ્યું,
અણસમજુ, અણગમતું, અણઆવડત

પરા + જય = પરાજય, પરાવર્તન, પરાભવ

અપ + કીર્તિ = અપકીર્તિ, અપમાન, અપયશ, અપશબ્દ

અવ + ગુણ = અવગુણ, અવમાન, અવદશા

પ્રતિ + વાદી = પ્રતિવાદી, પ્રતિપક્ષી, પ્રતિક્રિયા, પ્રતિબિંબ

(ના) ન + આસ્તિક = નાસ્તિક, નપાસ, નાપાસ, નામરજી,
નારાજી, નાકબૂલ, નાલાયક

ક + મોસમ = કમોસમ, કમજરે, કજોડું, કછોરું, કટેવ,
કવેળા, કમને

કુ + સંપ = કુસંપ, કુકર્મ, કુવિચાર, કુટેવ, કુપુત્ર, કુસેવા,
કુરિવાજ, કુમાવતર

વણ + નોતર્યું = વણનોતર્યું, વણમાગ્યું, વણદીઠું

બિન + અનુભવી = બિનઅનુભવી, બિનગુનેગાર, બિનજવાબદાર,
બિનસાંપ્રદાયિક

બે + આબરૂ = બેઆબરૂ, બેસ્વાદ, બેવકૂફી

ગેર + હાજર = ગેરહાજર, ગેરઇન્સાફ, ગેરસમજ, ગેરબંદોબસ્ત

૨ એક જ શબ્દને વિરુદ્ધ અર્થના બે પૂર્વગો લાગીને કેવી રીતે વિરુદ્ધાર્થ શબ્દ બને છે તે નીચે બતાવ્યું છે :—

સુ + પુત્ર = સુપુત્ર	કુ + પુત્ર = કુપુત્ર
શબ્દ	વિરુદ્ધાર્થ શબ્દ
સુવચન	કુવચન
સુપુત્ર	કુપુત્ર
સપૂત	કપૂત
સફળ	નિષ્ફળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદય	નિર્દય
સકલંક	નિષ્કલંક
સપ્રયોજન	નિષ્પ્રયોજન
સુકાળ	દુષ્કાળ
સુવચન	દુર્વચન
સુમુખ	દુર્મુખ
સુગમ	દુર્ગમ
સુપ્રાપ્ય	દુષ્પ્રાપ્ય
(સત્) સજ્જન	દુર્જન
સદ્ગતિ	દુર્ગતિ
ખુબસૂરત	બદસૂરત
ખુશબો	બદબો

૩ નીચે વિરુદ્ધ અર્થના શબ્દો ત્રીજી રીતે બન્યા છે. મૂળ શબ્દને એક વખત પૂર્વગ લાગ્યો છે, જ્યારે તેનાથી વિરુદ્ધ અર્થનો પ્રત્યય તે જ મૂળ શબ્દને લાગીને વિરુદ્ધ અર્થનો શબ્દ બનાવે છે.

જેમ કે :

કમ + અક્કલ = કમઅક્કલ અક્કલ + **મંદ** = અક્કલમંદ

બીજા શબ્દો

કમનસીબ	નસીબદાર
કમભાગી	ભાગ્યવાન
બેઆબરૂ	આબરૂદાર
બેઈમાન	ઈમાનદાર
ગેરકાયદે	કાયદેસર
નાહિંમત	હિંમતવાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વગથી થતા અર્થમાં અન્ય ફેરફાર

વિરુદ્ધ અર્થના શબ્દો બનાવવા ઉપરાંત પૂર્વગો શબ્દના અર્થમાં વિવિધ ફેરફાર ઉત્પન્ન કરે છે. અને તેથી નવા શબ્દો બને છે. નીચે પૂર્વગ કેવી રીતે અર્થમાં ફેરફાર ઉત્પન્ન કરે છે તે બતાવ્યું છે:—

મૂળશબ્દ	પૂર્વગ	નવો શબ્દ	અર્થ
લોભ	પ્ર	પ્રલોભ	ઘણો લોભ
ગતિ	પ્ર	પ્રગતિ	આગળ ગતિ

પ્રલોભમાં પ્ર પૂર્વગનો ઘણો એવો અર્થ લેવાનો છે જ્યારે પ્રગતિમાં પ્રનો આગળ એવો અર્થ થાય છે. આમ પૂર્વગના જુદા જુદા અર્થ હોય છે અને તે શબ્દના અર્થમાં ફેરફાર કરે છે. અને પરિણામે નવા શબ્દ સાધિત કરી શકાય છે.

અભ્યાસ

શબ્દ	પૂર્વગ	અર્થ	સાધિતશબ્દ
તાપ	પ્ર	ઘણો	પ્રતાપ
યત્ન	પ્ર	,,	પ્રયત્ન
ગતિ	પ્ર	આગળ	પ્રગતિ
ગતિ	સમ	સાથે	સંગતિ
વાદ	,,	,,	સંવાદ
ગીત	,,	,,	સંગીત
તપ્ત	સમ	પુષ્કળ	સંતપ્ત
રક્ષણ	,,	સારી પેઠે	સંરક્ષણ
કરણ	અનુ	જેવું, સમાન	અનુકરણ
વર્તન	,,	,,	અનુવર્તન
કૃતિ	,,	,,	અનુકૃતિ
ગમન	,,	પાછળ	અનુગમન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરણ	અનુ	પાછળ	અનુસરણ
ચર	,,	,,	અનુચર
ખ્યાત	વિ	વિશેષ	વિખ્યાત
જેતા	વિ	,,	વિજેતા
નાશ	વિ	વિશેષ	વિનાશ
રાગ	વિ	વિના	વિરાગ
સમ	વિ	ઊલટું	વિષમ
મિષ્ટ	અતિ	અત્યંત	અતિમિષ્ટ
સ્નેહ	,,	,,	અતિસ્નેહ
ઉક્તિ	,,	,,	અત્યુક્તિ
ઇન્દ્રિય	,,	પેલી પાર	અતીન્દ્રિય
ભૌતિક	,,	,,	અતિભૌતિક
માનવ	,,	,,	અતિમાનવ
માન	અભિ	ઘણું	અભિમાન
શાપ	,,	ઘણો	અભિશાપ
તાપ	,,	,,	અભિતાપ
મુખ	,,	તરફ	અભિમુખ
રુચિ	,,	,,	અભિરુચિ
શ્રમ	પરિ	પુષ્કળ	પરિશ્રમ
પાક	,,	,,	પરિપાક
સીમા	,,	ચારે બાજુ	પરિસીમા
ભ્રમણ	,,	,,	પરિભ્રમણ
ક્રમણ	પરિ	ચારે બાજુ	પરિક્રમણ
સાગર	ઉપ	નાનો–નાનું	ઉપસાગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ	ઉપ	નાનો–નાનું	ઉપનિયમ
નામ	,,	,,	ઉપનામ
કરણ	અંતર્	અંદર	અંતઃકરણ
દૃષ્ટિ	,,	,,	અંતર્દૃષ્ટિ
ગોળ	,,	,,	અંતર્ગોળ
કથા	આડ	ગૌણ	અડકથા
ધંધો	,,	,,	આડધંધો
દર્દ	હમ	સમાન	હમદર્દ
દિલી	,,	,,	હમદિલી
વતન	,,	,,	હમવતન
રાહ	,,	,,	હમરાહ
પંચ	સર	મુખ્ય	સરપંચ
હદ	,,	,,	સરહદ

પ્રકરણ ૩

સંધિ

સંધિ વિશે તમે આગળ શીખી ગયા છો. સંસ્કૃત ભાષામાં વાક્યમાં આવેલાં પદોને એકમેકની સાથે સંધિના નિયમે જોડીને લખવાનો રિવાજ છે. ગુજરાતીમાં આપણે પદોની સંધિ કરીને વાક્યમાં લખતા નથી. પરંતુ જે શબ્દો સમાસરૂપે સંસ્કૃતમાંથી ઊતરી આવ્યા છે તેમાં આવેલા સ્વરો તથા વ્યંજનો એકબીજા સાથે સંધિના નિયમે જોડાયેલા હોય છે, તો તે મૂળ રૂપે જ લખાય છે. જેમ કે, પ્રેમાનંદ, હરીન્દ્ર, વિદ્યાલય વગેરે.

આ ઉપરાંત પરિભાષા યોજવા માટે જે નવા શબ્દો આપણે સમાસરૂપે રચવા હોય ત્યારે શબ્દોના વર્ણોને સંધિના નિયમે જોડવા પડે છે. જેમ કે શાળા + ઉપયોગી = શાળોપયોગી એમ બની શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંધિના પ્રકાર

સંધિ ત્રણ પ્રકારની છે: ૧. સ્વરસંધિ, ૨. વ્યંજનસંધિ ૩. વિસર્ગસંધિ.

(૧) બે પાસપાસે આવેલા સ્વરોના જોડાણને **સ્વરસંધિ** કહે છે.

(૨) બે સાથે આવેલા વ્યંજનોનું કે વ્યંજન અને સ્વરનું જોડાણ થાય તો તેને **વ્યંજનસંધિ** કહે છે.

(૩) વિસર્ગની સાથે સ્વર કે વ્યંજનના જોડાણને **વિસર્ગસંધિ** કહે છે.

આ બધા પ્રકારનાં જોડાણ કે સંધિ ઉચ્ચારશાસ્ત્રના ખાસ નિયમે થાય છે; અને તેથી તેના નિયમો જાણવા જરૂરી બને છે.

સ્વરસંધિ

નિયમ ૧—જો બે સજાતીય સ્વરો સાથે આવે તો તે બેને બદલે દીર્ઘ સ્વર બને છે.

ઉદાહરણ

જોડવાના શબ્દ	સંધિયુક્ત શબ્દ	કયા સ્વરોની સંધિ ?
કૃષ્ણ + અર્જુન	કૃષ્ણાર્જુન	અ + અ = આ
મયૂર + આસન	મયૂરાસન	અ + આ = આ
ચિંતા + અગ્નિ	ચિંતાગ્નિ	આ + અ = આ
મહા + આકાશ	મહાકાશ	આ + આ = આ
હરિ + ઇચ્છા	હરીચ્છા	ઇ + ઇ = ઈ
હરિ + ઈશ	હરીશ	ઇ + ઈ = ઈ
યોગી + ઇન્દ્ર	યોગીન્દ્ર	ઈ + ઇ = ઈ
ગૌરી + ઈશ્વર	ગૌરીશ્વર	ઈ + ઈ = ઈ
ભાનુ + ઉદય	ભાનૂદય	ઉ + ઉ = ઊ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંધુ + ઊર્મિ	સિંધૂર્મિ	ઉ + ઊ = ઊ
વધૂ + ઉલ્લાસ	વધૂલ્લાસ	ઊ + ઉ = ઊ
વધૂ + ઊર્મિ	વધૂર્મિ	ઉ + ઊ = ઊ

*　　　*　　　*

નિયમ ૨ — **અ** કે **આ** પછી વિજાતીય સ્વર આવે તો નીચે પ્રમાણે સંધિ થાય છે: **અ** કે **આ** પછી ઇ કે ઈ આવે તો **એ** થાય છે, **ઉ** કે **ઊ** આવે તો **ઓ** થાય અને **ઋ** આવે તો **અર્** થાય છે.

ઉદાહરણ

જોડવાના શબ્દો	સંધિયુક્ત શબ્દ	કયા સ્વરની સંધિ?
હર + ઇન્દ્ર	હરેન્દ્ર	અ + ઇ = એ
પરમ + ઈશ્વર	પરમેશ્વર	અ + ઈ = એ
મહા + ઇચ્છા	મહેચ્છા	આ + ઇ = એ
દ્વારકા + ઈશ	દ્વારકેશ	આ + ઈ = એ
સૂર્ય + ઉદય	સૂર્યોદય	અ + ઉ = ઓ
સાગર + ઊર્મિ	સાગરોર્મિ	અ + ઊ = ઓ
શાળા + ઉપયોગી	શાળોપયોગી	આ + ઉ = ઓ
મહા + ઊર્મિ	મહોર્મિ	આ + ઊ = ઓ
બ્રહ્મ + ઋષિ	બ્રહ્મર્ષિ	અ + ઋ = અર્
મહા + ઋષિ	મહર્ષિ	આ + ઋ = અર્

*　　　*　　　*

નિયમ ૩ — **અ** કે **આ** પછી **એ** કે **ઐ** આવે તો બંને મળી તેનો **ઐ** થાય; અને **ઓ** કે **ઔ** આવે, તો બંને મળી તેનો **ઔ** થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદાહરણ

જોડવાના શબ્દો	સંધિયુક્ત શબ્દ	કયા સ્વરની સંધિ?
વિશ્વ + એકતા	વિશ્વૈકતા	અ + એ = ઐ
માનવ + ઐક્ય	માનવૈક્ય	અ + ઐ = ઐ
સદા + એવ	સદૈવ	આ + એ = ઐ
મહા + ઐશ્વર્ય	મહૈશ્વર્ય	આ + ઐ = ઐ
ઉષ્ણ + ઓદન	ઉષ્ણૌદન	અ + ઓ = ઔ
વન + ઔષધિ	વનૌષધિ	અ + ઔ = ઔ
મહા + ઓજસ્વી	મહૌજસ્વી	આ + ઔ = ઔ
મહા + ઔષધિ	મહૌષધિ	આ + ઔ = ઔ

* * *

નિયમ ૪—(૧) ઇ કે ઈ પછી કોઈ વિજાતીય સ્વર એટલે કે **અ** **આ** ઉ **ઊ** વગેરે આવે તો ઇ કે ઈ નો **ય્** થાય છે.

(૨) ઉ કે **ઊ** પછી જો કોઈ વિજાતીય સ્વર **અ** **આ** ઇ ઈ વગેરે આવે તો ઉ કે **ઊ** નો **વ્** થાય છે.

(૩) ઋ પછી કોઈ વિજાતીય સ્વર આવે તો ઋનો ર્ થાય છે.

ઉદાહરણ

જોડવાના શબ્દ	સંધિયુક્ત શબ્દ	કયા સ્વરોની સંધિ?
(૧) પ્રતિ + ઉત્સવ	પ્રત્યુત્સવ	ઇ + ઉ = ય + ઉ
ગતિ + અંતર	ગત્યંતર	ઇ + અ = ય્ + અ
હરિ + આદેશ	હર્યાદેશ	ઇ + આ = ય્ + આ
(૨) ગુરુ + આજ્ઞા	ગુર્વાજ્ઞા	ઉ + આ = વ્ + આ
હેતુ + અર્થ	હેત્વર્થ	ઉ + અ = વ્ + અ
લઘુ + ઇચ્છા	લઘ્વિચ્છા	ઉ + ઇ = વ્ + ઇ
(૩) કર્તૃ + અર્થે	કર્ત્રર્થે	ઋ + અ = ર્ + અ
ભર્તૃ + આજ્ઞા	ભર્ત્રાજ્ઞા	ઋ + આ = ર્ + આ

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ ૫—એ ઐ ઓ કે ઔ પછી કોઈ પણ સ્વર આવે તો એ નો અય્, ઐ નો આય્, ઓ નો અવ્ અને ઔ નો આવ્ થાય છે.

ઉદાહરણ

ગૈ + અક = ગ્ + ઐ + અક = ગ્ + આય્ + અક = ગાયક

પૌ + અક = પ્ + ઔ + અક = પ + આવ્ + અક = પાવક

ભો + અન = ભ્ + ઓ + અન = ભ્ + અવ્ + અન = ભવન

ને + અન = ન્ + એ + અન = ન્ + અય્ + અન = નયન

મનોયત્ન ૧૩

નીચેના શબ્દોની સંધિ છોડો :—

વાતાવરણ	યોગેન્દ્ર	અત્યુત્તમ	પર્યેષણા
પરીક્ષા	લોકૈષણા	પરોપકાર	અન્વેષણ
ચંદ્રોદય	વિશ્વેશ્વર	અત્યંત	પ્રત્યુત્તર
સ્નેહાધીન	સેન્દ્રિય	ભાગ્યોદય	રાજર્ષિ

નીચેના શબ્દોની સંધિ કરો :—

પ્રતિ + ઈક્ષા	પરિ + અટન	રસ + એકતા
શાસ્ત્ર + ઉક્ત	અનુ + અય	ઉપરિ + ઉક્ત
પ્રતિ + એક	અનુ + અર્થ	હેતુ + અર્થ
નર + ઈશ	પ્રતિ + અક્ષ	રવિ + ઇન્દ્ર
પ્રીતિ + અર્થે	નવ + ઊઢા	શિવ + ઉપાસના
બ્રહ્મ + ઋષિ	પૂર્વ + ઉક્ત	ઇતિ + આદિ
મહા + ઋષિ	સદા + એવ	પિતૃ + અર્થે
પિતૃ + ઇચ્છા	નૌ + ઇક	સહ + ઉદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યંજન સંધિ

જેવી રીતે બે સ્વરોની સંધિ થાય છે, તેમ બે વ્યંજનો સાથે આવે કે વ્યંજન પછી સ્વર સાથે આવે તો તેમની પણ સંધિ થાય છે. આવા વ્યંજન સાથે વ્યંજનના, અથવા વ્યંજન સાથેના સ્વરના જોડાણને વ્યંજન સંધિ કહે છે.

નિયમ ૧ — અનુનાસિક સિવાયના કોઈ વર્ગીય વ્યંજન પછી મૃદુ વ્યંજન કે સ્વર આવે તો આગલા વ્યંજનની જગ્યાએ તેના જ વર્ગનો ત્રીજો મૃદુ વ્યંજન આવે છે.

૧ ચિત્ + ગુણ = ચિદ્ગુણ

૨ સત્ + આશા + સદાશા

૩ ષડ્ + આનન = ષડાનન

× × ×

નિયમ ૨ — સ્ અથવા ત્ વર્ગના વ્યંજનો શ્ અથવા ચ્ વર્ગના વ્યંજનો ભેગા આવે તો સ્ અને ત્ વર્ગના વ્યંજનો અનુક્રમે શ્ અને ચ્ વર્ગના વ્યંજનોમાં રૂપાંતર પામે છે.

એ જ રીતે સ્ અને ત્ વર્ગના વ્યંજનો ષ અને ટ્ વર્ગના વ્યંજનો સાથે ભેગા આવે તો સ્ અને ત્ વર્ગના વ્યંજનો અનુક્રમે ષ્ અને ટ્ વર્ગના વ્યંજનોમાં રૂપાંતર પામે છે.

સત્ + ચિત્ = સચ્ + ચિત્ = સચ્ચિત્

ઉત્ + ચાર = ઉચ્ + ચાર = ઉચ્ચાર

નિસ્ + ચિત = નિશ્ + ચિત = નિશ્ચિત

ઉદ્ + ડયન = ઉડ્ + ડયન = ઉડ્ડયન

× × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ ૩ — દંતસ્થાનના અનુનાસિક સિવાયના અક્ષર પછી જો તાલવ્ય શ્ આવે તો દંત્યનો ચ્ થાય છે અને શ્ નો છ્ થાય છે.

૧ શ્રીમત્ + શંકરાચાર્ય = શ્રીમચ્ + છંકરાચાર્ય = શ્રીમચ્છંકરાચાર્ય

૨ અધ્ + શેર = અચ્ + છેર = અચ્છેર

૩ સત્ + શરણુ = સચ્ + છરણુ = સચ્છરણુ

૪ ઉત્ + શૃંખલ = ઉચ્ + છૃંખલ = ઉચ્છૃંખલ

× × ×

નિયમ ૪ — કોઈ પણ અનુનાસિક સિવાયના વર્ગીય વ્યંજન પછી અનુનાસિક આવે તો તે વ્યંજનને સ્થાને તેના વર્ગનો અનુનાસિક વિકલ્પે થાય છે, ગુજરાતીમાં સામાન્યતઃ અનુનાસિક જ વપરાય છે. આવા સંજોગોમાં ષ્ નો ણ્ થાય છે.

૧ ચિત્ + મય = ચિન્ + મય = ચિન્મય

૨ ઉત્ + નતિ = ઉન્ + નતિ = ઉન્નતિ

૩ દિક્ + મૂઢ = દિઙ્ + મૂઢ = દિઙ્મૂઢ

૪ ષષ્ + માસ = ષડ્ + માસ = ષડ્માસ કે ષણ્માસ

× × ×

નિયમ ૫ — દરેક વર્ગના પહેલા ચાર એટલે એ વીસ વ્યંજનો પછી જો કઠોર વ્યંજન આવે, તો આગલા વ્યંજનને બદલે તેના પોતાના વર્ગનો પહેલો વ્યંજન થાય છે.

૧ વિપદ્ + કાલ = વિપત્ + કાલ = વિપત્કાલ

૨ ઉદ્ + પત્તિ = ઉત્ + પત્તિ = ઉત્પત્તિ

× × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ ૬ — હ્‌ની પહેલાં અનુનાસિક સિવાયના વર્ગીય વ્યંજનોમાંનો ગમે તે આવ્યો હોય, તો હ્‌નો આગલા વ્યંજનના વર્ગનો ચોથો વ્યંજન થાય છે; અને આગલા વ્યંજનનો પોતાના વર્ગનો ત્રીજો થાય છે.

ઉત્ + હાર = ઉદ્ + ધાર = ઉદ્ધાર

(ત્‌નો દ્ અને હ્‌નો ધ્ થયો.)

પદ્ + હતિ = પદ્ + ધતિ = પદ્ધતિ

વાક્ + હરિ = વાગ્ + ઘરિ = વાગ્ઘરિ

નિયમ ૭ — ત્ વર્ગના વ્યંજન પછી લ્ આવે તો ત્ વર્ગના વ્યંજનને બદલે લ્ થાય છે.

ઉત્ + લાસ = ઉલ્લાસ

તત્ + લીન = તલ્લીન

ઉત્ + લેખ = ઉલ્લેખ

નિયમ ૮ — પદને અંતે આવેલા **ચ્ છ્ જ્** કે **શ્‌**નો **ક્** થાય છે. અને **ષ્‌**નો **ટ્** થાય છે.

ઋચ્ = ઋક્ — ઋગ્વેદ — નિયમ ૧ પ્રમાણે

દિશ્ = દિક્ — દિક્કાલ

દિશ્ = દિક્ — દિગ્દર્શન — નિયમ ૧ પ્રમાણે

ષષ્ = ષટ્ — ષડ્માસ કે ષણ્માસ — નિયમ ૪ પ્રમાણે

× × ×

નિયમ ૯ — **અ** કે **આ** સિવાયના સ્વર પછી **સ્** આવે તો ઘણુંખરું **સ્**નો **ષ્** થાય છે.

૧ **અભિ** + **સેક** = અભિષેક

૨ **વિ** + **સમ** = વિષમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ સુ + સમા = સુષમા
૪ સુ + સુપ્ત = સુષુપ્ત

× × ×

નિયમ ૧૦ — કોઈ પણ હ્રસ્વ સ્વર પછી છ્ આવે તો છ્ નો ચ્છ્ થાય છે.

૧ તરુ + છાયા = તરુચ્છાયા
૨ સ્વ + છંદ = સ્વચ્છંદ
૩ પ્રતિ + છાયા = પ્રતિચ્છાયા
આ ઉપસર્ગ પછી પણ છ્ નો ચ્છ્ થાય છે,
જેમ કે આ + છાદન = આચ્છાદન

× × ×

નિયમ ૧૧ — ઋ, ર્ કે ષ્ પછી ન્ આવે તો ન્ નો ણ્ થાય છે.

તૃષ્ + ના = તૃષ્ણા
કૃષ્ + ના = કૃષ્ણા
ઋ + ન = ઋણ
નિ + સ્નાત = નિ + ષ્ + નાત = નિ + ષ્ + ણાત = નિષ્ણાત

× × ×

નિયમ ૧૨ — પદને છેડે આવેલા મ્ પછી વર્ગીય વ્યંજન આવે તો મ્ ને બદલે તે વ્યંજનના સ્થાનનો અનુનાસિક (ઙ્ ઞ્ ણ્ ન્ મ્) થાય છે, અથવા તો મ્ નો અનુસ્વાર બને છે. ગુજરાતીમાં સામાન્યત: અનુસ્વાર જ લખાય છે.

કિમ્ + ચિત્ = કિઞ્ચિત્ અથવા કિંચિત્
સમ્ + તોષ = સન્તોષ અથવા સંતોષ
સમ્ + માન = સમ્માન અથવા સંમાન
સમ્ + ગમ = સઙ્ગમ અથવા સંગમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદાંત મ્ પછી સ્વર આવે તો મ્‌ની સાથે સ્વર જોડાઈ જાય છે,
જેમ કે, સમ્ + આગમ = સમાગમ
સમ્ + ઋદ્ધિ = સમૃદ્ધિ

નિયમ ૧૩ — પદાંત મ્ પછી વર્ગીય સિવાયના વ્યંજનો (ય્ ર્ લ્ વ્ શ્ સ્ હ્) આવે તો ગુજરાતીમાં મ્ નો અનુસ્વાર જ થાય છે. આ અનુસ્વારનો **ઑં**ને મળતો ઉચ્ચાર થાય છે.

સમ્ + વેદન = સંવેદન
સમ્ + લગ્ન = સંલગ્ન
સમ્ + સાર = સંસાર
સમ્ + યોગ = સંયોગ
સમ્ + હાર = સંહાર
સમ્ + રક્ષણ = સંરક્ષણ
સમ્ + શય = સંશય
સમ્ + વાદ = સંવાદ

મનોયત્ન ૧૪

નીચેના શબ્દોની સંધિ છૂટી પાડો :—

ઉન્માદ	સદાચાર	અચ્છેર	ષણ્મુખ
પશ્ચાદ્દભૂમિ,	સદસત્	સન્તોષ	દિઙ્મૂઢ
ઉન્નતિ	તલ્લીન	ઉલ્લાસ	ઉજ્જ્વલ
વાગ્દાન	ચિન્મય	સંવાદ	સંયોજન
સંમાન	અનાર્ય	ઉદ્ધાર	અચ્છેર
શ્રીમદ્દભાગવત	ષડ્રિપુ	વિદ્યુલ્લતા	ચિદ્ધર્મ

નીચેના શબ્દોની સંધિ કરો :—

ઉત્ + દેશ	ઉત્ + યોગ	સત્ + શાસ્ત્ર
સમ + સાર	ઉત્ + વેગ	ચિત્ + ધન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિક્ + અંબર	ચિત્ + આત્મા	વાક્ + યુદ્ધ
સત્ + જન	તત્ + મય	ષપ્ + પદ
સમ્ + હાર	જગત્ + નાથ	અન્ + ઉચિત
સમ્ + યુક્ત	જગત્ + ઈશ	સત્ + ચરિત્ર
વાક્ + ઈશ	સ્રક્ + ધરા	ઉત્ + છેદ
પિતૃ + છાયા	વિ + સમ	આ + છાદિત

૩. વિસર્ગસંધિ

નિયમ ૧ — વિસર્ગની પૂર્વે ઇ, ઈ, ઉ કે ઊ આવ્યાં હોય અને તે પછી સ્વર કે મૃદુ વ્યંજન આવે, તો વિસર્ગનો ર્ થાય છે.

૧. નિઃ + અર્થક = નિર્ + અર્થક = નિરર્થક

૨. નિઃ + ઉત્તર = નિર્ + ઉત્તર = નિરુત્તર

૩. દુઃ + ગતિ = દુર્ + ગતિ = દુર્ગતિ

× × ×

નિયમ ૨ — ર્ પછી બીજો ર્ આવે તો પહેલો ર્ ઊડી જાય છે, અને તેની પહેલાં હ્રસ્વ સ્વર હોય તો તે દીર્ઘ થાય છે.

નિઃ + રવ = નિર્ + રવ = નીરવ

નિઃ + રસ = નિર્ + રસ = નીરસ

નિઃ + રોગ = નિર્ + રોગ = નીરોગ

× × ×

નિયમ ૩ — વિસર્ગ પછી ત્, થ્ કે સ્ આવે તો વિસર્ગનો સ્ થાય છે.

૧. નિઃ + તૃષ્ણ = નિસ્ + તૃષ્ણ = નિસ્તૃષ્ણ

૨. નિઃ + તરંત = નિસ્ + તરંગ = નિસ્તરંગ

૩. દુઃ + સાર = દુસ્ + સા = દુસ્સાર

૪. નિઃ + તાપ = નિસ્ + તાપ = નિસ્તાપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. નિઃ + ચિત = નિશ્ + ચિત = નિશ્ચિત

૨. નિઃ + ચલ = નિશ્ + ચલ = નિશ્ચલ

૩. નિઃ + છલ = નિશ્ + છલ = નિશ્છલ

નિયમ ૫ — સ્ કે વિસર્ગની પહેલાં ઈ કે ઉ હોય, અને પછી ક્ ખ્ પ્ ફ્ આવે તો સ્ કે વિસર્ગનો ષ્ થઈ જાય છે.

નિસ્ + કામ = નિષ્ + કામ = નિષ્કામ

નિઃ + પક્ષ = નિષ્ + પક્ષ = નિષ્પક્ષ

નિઃ + ફળ = નિષ્ + ફળ = નિષ્ફળ

દુસ્ + પ્રયોજન = દુષ્ + પ્રયોજન = દુષ્પ્રયોજન

× × ×

નિયમ ૬ — સ્ કે વિસર્ગની પૂર્વે **અ** હોય અને પછી મૃદુ વ્યંજન આવે તો સ્ કે વિસર્ગનો ઉ થાય છે. તે ઉ આગળના **અ** સાથે ભળતાં એ બંનેનો **ઓ** થાય છે.

મનસ્ + ગત = મન્ + અ + સ્ + ગત
= મન્ + અ + ઉ + ગત
= મન્ + ઓ + ગત
= મનોગત

છંદઃ + બદ્ધ = છંદોબદ્ધ

તેજસ્ + દ્વેષ = તેજોદ્વેષ

પુરસ્ + ગામી = પુરોગામી

× × ×

નિયમ ૭ — વિસર્ગની પછી શ્ ષ્ કે સ્ આવે તો વિસર્ગ કાયમ રહે છે. (સંસ્કૃતમાં વિકલ્પે વિસર્ગનો અનુક્રમે શ્ ષ્ કે સ્ થાય છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. નિઃશ્વાસ = નિ:શ્વાસ

૨. નિઃસ્વાર્થ = નિ:સ્વાર્થ

૩. દુઃશાસન = દુ:શાસન

× × ×

નિયમ ૮ — સ્ કે ર્ પહેલાં અ આવે અને પછી કઠોર વ્યંજન આવે, તો સ્ કે ર્ નો વિસર્ગ થાય છે. પદાંત ર્ પછી મૃદુ વ્યંજન કે સ્વર આવે તો ર્ કાયમ રહે છે.

૧. પુનર્ + કથન = પુનઃકથન

૨ પુનર્ + રચના = પુનર્રચના

સંસ્કૃતમાં ઉપરના નિયમ (૨) મુજબ એની સંધિ **પુનારચના** થાય છે.

અંતર્ + કરણ = અંતઃકરણ

અધસ્ + પાત = અધઃપાત

પયસ્ + પાન = પયઃપાન

પુનર્ + આવર્તન = પુનરાવર્તન

પુનર્ + લગ્ન = પુનર્લગ્ન

નમસ્કાર અને તિરસ્કારમાં આ નિયમોનો અપવાદ છે.

મનોયત્ન ૧૫

સંધિ છોડો :—

નિષ્ફળ, નિરાધાર, નીરોગી, મનોસુકુર, નભોમંડળ, પુનર્મિલન, અધઃપાત, અધોગામી, પુરોહિત, તપોવન, નિઃસ્પૃહ, નમસ્કાર, દુર્યોધન, મનોભાવ, નિરાકાર, નિઃસાર, નિરુત્સાહી, છંદઃશાસ્ત્ર, તેજોવધ, પુનઃકથન, પુનર્વિવાહ, તેજોહીન, મનોરથ, તપોવન, પુરસ્કાર.

વ્યા–૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંધિ કરો :—

નિઃ + વિષય, નિઃ + શંક, આયુઃ + વેદ, દુઃ + યોધન, નિઃ + તેજ નિઃ + પક્ષ, પુનર્ + કથન, છંદઃ + બદ્ધ, નિઃ + ગત, નિઃ + રવ, મનઃ- + રમા, નિઃ + પ્રાણ, અધસ્ + પતન, પુરઃ + કર્તા, નિ : + આશ, પુનર્ + યોગ, તેજસ્ + હીન, નિઃ + મલ, તપઃ + ચર્યા, પુરઃ + સર, રજસ્ + ગુણ, પુરસ્ + કર્તા, છંદઃ + રચના, મનસ્ + રથ.

પ્રકરણ ૪

નામ અને તેના પ્રકાર

તમે જુદાં જુદાં પદોની ઓળખ શીખી ગયા છો. એ પદો વિશે અહીં ટૂંકમાં પુનરાવર્તન કર્યું છે અને સાથે સાથે નવી દૃષ્ટિએ રજૂઆત પણ કરી છે.

નામ — પ્રાણી, પદાર્થ, ગુણ કે ક્રિયાને ઓળખવા માટે જે પદ વપરાય છે તેને **નામ** કહે છે.

(૧) સરકસમાં અમે **હાથી, સિંહ, વાઘ** તથા અન્ય પ્રાણીઓ જોયાં. (પ્રાણીનાં નામો)

(૨) **આબુ** ઉપર યાત્રાળુઓએ સુંદર **મંદિરો** જોયાં. (પદાર્થોનાં નામો)

(૩) તમને **તીખાશ** અને **ગળપણ** બંને ગમે છે ? (ગુણનાં નામો)

(૪) મોરનું કળામય **નૃત્ય** તો જુઓ ! (ક્રિયાનું નામ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામના પ્રકાર

નામના જુદા જુદા પ્રકાર હોય છે એ પણ તમે શીખી ગયા છો. નીચે એ દર્શાવ્યા છે.

૧ જાતિવાચક નામ

(૧) **કૂતરો** વફાદાર પ્રાણી છે. (કૂતરાનો આખો વર્ગ સૂચવતું નામ)

(૨) તમારો **કૂતરો** દેખાવે ચપળ છે. (વર્ગની એક વ્યક્તિ સૂચવતું નામ)

(૩) **ચપ્પુ** એ બહુ ઉપયોગી વસ્તુ છે. (પદાર્થના આખા વર્ગને સૂચવતું નામ)

(૪) તમારો **ચપ્પુ** મને આપશો? (વર્ગની એક વસ્તુ સૂચવતું નામ)

કોઈ પણ પદાર્થ કે પ્રાણીના આખા વર્ગ માટે કે તે વર્ગની ગમે તે એક વ્યક્તિ કે વસ્તુ માટે જે નામ વપરાય છે તે **જાતિવાચક નામ** કહેવાય છે.

અભ્યાસ

નીચે જાતિવાચક નામ જુદી જુદી રીતે બને છે એ બતાવ્યું છે.

શબ્દ	સાધિત શબ્દ [જાતિવાચક નામ 'કરનાર'ના અર્થમાં]	શબ્દ	સાધિત શબ્દ [જાતિવાચક નામ]
ઘડવું	ઘડનાર	કુંભ.	કુંભકાર, કુંભાર
લડવું	લડવૈયો	ભઠ્ઠી	ભઠિયારો
ખેલવું	ખેલાડી	તેલ	તેલી
તોલવું	તોલાટ	પખાલ	પખાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દ	સાધિત શબ્દ [જાતિવાચક નામ 'સાધન'ના અર્થમાં]	શબ્દ	સાધિત શબ્દ [જાતિવાચક નામ]
છીણવું	છીણી	કણ	કણિયો
પીંજવું	પીંજણ	ગુંદર	ગુંદરિયું
ઢાંકવું	ઢાંકણ	કંઠ	કંઠી
ખાંડવું	ખાંડણી	પાન	પાનદાન

શબ્દ	સાધિત શબ્દ [જાતિવાચક નામ સ્થળવાચક]	શબ્દ	સાધિત શબ્દ [જાતિવાચક નામ]
ઊતરવું	ઉતારો	ઘાસ	ઘાસિયું
રહેવું	રહેઠાણ	કીડી	કીડિયારું
નાહવું	નાવણિયું	પાણી	પાણિયારું

શબ્દ	સાધિત શબ્દ જાતિવાચક નામ	શબ્દ	સાધિત શબ્દ જાતિવાચક નામ
રૂપું	રૂપિયો	વાંસ	વાંસળી
લાકડું	લાકડી	કાષ્ઠ	કાઠી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન ૧૬

નીચે આપેલા શબ્દો પરથી જાતિવાચક નામ બનાવો.

[क] 'કરનાર' ના અર્થમાં —

દોડવું, ખાવું, બજાવવું, ગાવું, પીંજવું, લૂંટવું, પૂજા, લોહ, સોનું.

[ख] 'સાધન' ના અર્થમાં —

વીંઝવું, ઓઢવું, ખમણવું, પાથરવું, ગાળવું, કંકુ, ફૂલ.

[ग] સ્થળવાચક —

બેસવું, રાંધવું, ઘોડો.

૨ વિશેષનામ (સંજ્ઞાવાચક નામ)

(૧) **તાપી સાતપૂડામાંથી** નીકળે છે. (પદાર્થનાં ખાસ નામો)

(૨) **રમેશનો** ભાઈ હરિ મેદાનમાં છે. (છોકરાઓનાં ખાસ નામો)

(૩) **ગૂજરાત વિદ્યાપીઠ** અમદાવાદમાં છે. (સંસ્થાનું ખાસ નામ)

કોઈ એક પ્રાણી કે પદાર્થને પોતાના વર્ગ કે જાતિનાં બીજાં પ્રાણીઓથી કે પદાર્થોથી અલગ રીતે ઓળખવા માટે જે ખાસ નામ અપાય છે તે **વિશેષનામ** કે સંજ્ઞાવાચક નામ કહેવાય છે.

વિશેષનામ જાતિવાચક તરીકે

કેટલીક વાર વિશેષનામ જાતિવાચક તરીકે વપરાય છે. દા. ત.:

(૧) એના કુળમાં રોહિત જાણે **પ્રહ્લાદ** પાક્યો.
અહીં પ્રહ્લાદ એટલે 'સત્યાગ્રહી ભક્ત' એવો અર્થ છે.

(૨) અમારી ક્રિકેટની ટુકડીમાં સુધીર તો **વિજય મરચંટ** છે.
વિજય મરચંટ એટલે 'ક્રિકેટનો મહાન ખેલાડી' એવો અર્થ છે.

(૩) ગંગાબહેનને ગામમાં સૌ કોઈ **સાવિત્રી** લેખતું.
સાવિત્રી એટલે 'સતી સ્ત્રી' એવો અર્થ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) કાંચી એ દક્ષિણનું **કાશી** છે.
અહીં કાશી એટલે 'પવિત્ર તીર્થ' એવો અર્થ છે.

મનોયત્ન ૧૭

નીચેનાં વાક્યોમાં કયાં વિશેષનામો જાતિવાચક નામ તરીકે વપરાયાં છે તે શોધો અને તેમનો અર્થ કહો :

૧ જતે દિવસે અરવિંદ આપણી સેનાનો અર્જુન બનશે.
૨ ગોદાવરી દક્ષિણની ગંગા છે.
૩ રૉકી પર્વત એ અમેરિકાનો હિમાલય છે.
૪ આ છોકરો તો જાણે હરિશ્ચંદ્ર પાક્યો.
૫ અબ્દુલ ગફારખાન સરહદના ગાંધી ગણાય છે.
૬ અમદાવાદ એ ગુજરાતનું માન્ચેસ્ટર છે.
૭ કાશ્મીર ભારતનું સ્વિટ્ઝર્લૅન્ડ ગણાય છે.

૩ દ્રવ્યવાચક નામ

(૧) આ **પિત્તળ**ના વાસણમાં **ઘઉં** ભર્યા છે. (ધાતુઓ અને અનાજરૂપી દ્રવ્યનાં નામો)

(૨) **હીરો કોલસાની** ખાણમાંથી પેદા થાય છે. (ખનિજ દ્રવ્યનાં નામો)

(૩) આ વસ્તુ **ઘીમાં** કે **તેલમાં** તળી છે. (સ્નિગ્ધ દ્રવ્યનાં નામો)

બીજા દાખલા — ચોખા, ચણા, વટાણા; દિવેલ, કોપરેલ, પેટ્રોલ; ચાંદી, લોખંડ, સોનું; અબરખ, આરસ, પથ્થર.

જે નામ દ્રવ્યને ઓળખવા માટે વપરાય છે તે **દ્રવ્યવાચક નામ** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રવ્યવાચક નામ જાતિવાચક તરીકે

કેટલીક વાર દ્રવ્યવાચક નામ જાતિવાચક નામ તરીકે વપરાય છે.

(૧) અમે મુસાફરીમાં ઘણાં **પાણી** પીધાં છે.
અહીં ઘણાં પાણી એટલે ઘણી જાતનાં કે ઘણાં સ્થળનાં પાણી એવો અર્થ છે.

(૨) આ દુકાને તલનું, સીંગનું, ખરસાણીનું વગેરે બધાં **તેલો** મળે છે.

અહીં તેલો એટલે જુદી જુદી જાતનાં તેલ એવો અર્થ છે.

મનોયત્ન ૧૮

નીચે આપેલાં દ્રવ્યવાચક નામોને જાતિવાચક તરીકે વાપરી વાક્યો બનાવો.

લાકડું, ઘી, દૂધ, રૂ, પથ્થર, માટી.

૪ સમૂહવાચક નામ

૧ **સૈન્ય** આગળ વધ્યું. (સૈનિકોનો સમૂહ સૂચવતું નામ)

૨ મેળામાં ખૂબ મોટી **મેદની** હતી. (લોકોના સમૂહને સૂચવતું નામ.)

દાખલા — ઝૂમખો (ચાવીનો કે કોઈ વસ્તુનો સમૂહ) ધણ (ગાયોનો સમૂહ) કાફલો (વહાણોનો સમૂહ)

જે નામ પ્રાણી કે પદાર્થના સમૂહનો અર્થ સૂચવે તે **સમૂહવાચક નામ** કહેવાય છે.

૫ ભાવવાચક નામ

૧ બાળકોને **ગળપણ** બહુ ગમે છે. (ગળ્યા પદાર્થના ગુણનું નામ)

૨ **પ્રમાણિકતા** પર પ્રેમ રાખો. (વ્યક્તિના ગુણનું નામ)

૩ મોર **નૃત્ય** કરે છે. (નાચવાની ક્રિયાનું નામ)

૪ મને ખૂબ **ભૂખ** લાગી છે. (એક પ્રકારની લાગણીનું નામ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ નિર્દોષ માણસો **ઘડપણમાં** આનંદી હોય છે. (અવસ્થા કે સ્થિતિનું નામ)

૬ શ્રીમંતાઈ કરતાં **ગરીબાઈ** પુરુષાર્થને પ્રેરક બને છે. (સ્થિતિનું નામ)

(જે નામ ગુણ, લાગણી, ક્રિયા કે સ્થિતિને દર્શાવે અને મનમાં ભાવરૂપે જ સમજી શકાય તેને **ભાવવાચક નામ** કહે છે.

પૂર્વગ અને પ્રત્યયના પ્રકરણમાં ભાવવાચક નામ જુદાં જુદાં પદો પરથી શી રીતે બને છે તે બતાવ્યું છે. તેનો અભ્યાસ કરીને નીચેનું મનોયત્ન કરો.

મનોયત્ન ૧૯

નીચે આપેલા શબ્દો પરથી **ભાવવાચક નામ** બનાવો :

[क]	એક	હઠીલું	ભિન્ન	સુંદર	કરુણ	દયાળુ
	મધુર	શેઠ	પાકું	ઊંડું	હોશિયાર	માલિક
	ઊંચું	મોટું	નાનું	ઘરડું	ચાલાક	તેજસ્વી.
[ख]	વાંચવું	આવવું	દેવું	કમાવું	ગભરાવું	દુ:ખવું
	લખવું	કાપવું	ચાવવું	થનગનવું	ભાંગવું	ચીતરવું
	પૂજવું	રહેવું	સીવવું	ઊકળવું	લખવું	સરખાવવું
	ચર્ચવું	દળવું	ચડવું	પજવવું	ખોદવું	ચોરવું
	બોલવું	કળવું	ભણવું	નીમવું	તપાસવું	વાવવું

મનોયત્ન ૨૦

નીચેનાં ભાવવાચક નામો કયા વિશેષણ, નામ કે ક્રિયાપદ પરથી બન્યાં છે તે કહો :

અનેકતા	તારુણ્ય	બળાપો	ડહાપણ	દલાલી	ભોંઠપ
દેવત્વ	ઐક્ય	મૂંઝવણ	ગોરપદું	હુંડિયામણ	નાનમ
માયાળુતા	નીચાણ	ઘેલછા	કારભારું	દગાબાજી	હીણપત
સોંઘારત	માણસાઈ	બનાવટ	મહેનતાણું	દળાઈ	પરોણાગત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ અને ક્રિયાપદનો અન્વય

૧ જ્યારે ક્રિયાનાથ તરીકે જુદી જુદી જાતિનાં નામો આવે છે ત્યારે ક્રિયાપદ નાન્યતર જાતિના બહુવચનમાં આવે છે.

(૧) કોટ અને **ટોપી** ખીંટી પર ભેરવેલાં હતાં. [નર અને નારી જાતિનાં]

(૨) કાગડો અને કબૂતર ઝાડની ડાળે બેઠાં હતાં. [નર અને નાન્યતર જાતિનાં]

(૩) **બારી** અને **બારણું** બંધ હતાં. [નારી અને નાન્યતર જાતિનાં]

૨ જ્યારે જુદી જુદી જાતિ કે વચનનાં નામો 'વા' 'કે' 'અથવા' થી જોડાઈને આવે ત્યારે ક્રિયાપદ પોતાની નજીકના નામ સાથે અન્વય લે છે. આવે પ્રસંગે બહુવચનનું નામ ક્રિયાપદની નજીક મૂકવું ઠીક લાગે છે.

(૧) જુઓ ત્યાં ચપ્પુ કે **છરી પડી હશે.**
જુઓ ત્યાં છરી કે **ચપ્પુ પડ્યો હશે.**

(૨) કડિયો અથવા બીજા **કારીગરો** કામ **કરતા હશે.**

મનોયત્ન ૨૧

[क] નીચેનાં વાક્યોને ક્રિયાપદમાં ઘટતો ફેરફાર કરી 'અને'થી જોડો :

૧ ત્યાં કલમ પડી હતી. ત્યાં ખડિયો પડ્યો હતો.
૨ મેદાનમાં ગાય ઊભી છે. મેદાનમાં બળદો ઊભા છે.
૩ પ્યાલું પડી ગયું. લોટો પડી ગયો.
૪ નદી ઊભરાઈ હતી. ઝરણું ઊભરાયું હતું.
૫ ભાઈ જતો હતો. બહેન જતી હતી.
૬ બારી ઉઘાડી હતી. બારણું ઉઘાડું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[ख] નીચેનાં વાક્યોને ક્રિયાપદના રૂપમાં જરૂર લાગે ત્યાં ફેરફાર કરી 'અથવા'થી જોડો.

૧ ભીંત પર ટોપલી ટાંગેલી હશે. ભીંત પર ટોપલો ટાંગેલો હશે.
૨ રમેશ ઇનામ જીત્યો હશે. વિદ્યા ઇનામ જીતી હશે.
૩ તેને થાળી ખરીદવી હતી. તેને ઢાંકણું ખરીદવું હતું.
૪ મારે લીંબુઓ જોઈતાં હતાં. મારે કેરીઓ જોઈતી હતી.
૫ તમે બારી ઉઘાડી રાખજો. તમે બારણું ઉઘાડું રાખજો.
૬ તમે કોટ સિવડાવ્યો? તમે ખમીસ સિવડાવ્યું?

પ્રકરણ ૫

વિશેષણ અને તેના પ્રકાર

તમે શીખી ગયા છો કે વિશેષણ ગુણ કે સંખ્યાનું વર્ણન કરી જે તે નામના અર્થમાં વધારો કરે છે.

(૧) **નીલ** ગગનમાં તારાઓ ઝબૂકતા હતા. [ગુણ દર્શાવે છે]

(૨) **પ્રમાણિક** ન્યાયાધીશે **ગરીબ** માણસને છોડી મૂકયો. [ગુણ દર્શાવે છે]

(૩) અમે **પાંચ** તીર્થસ્થળો જોઈ ચૂક્યા છીએ. [સંખ્યા દર્શાવે છે]

જે પદ નામના અર્થમાં તેના ગુણનું કે સંખ્યાનું વર્ણન કરી વધારો કરે તે વિશેષણ કહેવાય છે.

વિશેષણના પ્રકાર

વિશેષણના જુદા જુદા પ્રકાર નીચે દષ્ટાંત સહિત આપ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણવાચક વિશેષણ

૧. **વીર** પુરુષો કદીયે **અધમ** કૃત્યો કરતા નથી.

જે વિશેષણ નામનો ગુણ બતાવે તે ગુણવાચક વિશેષણ કહેવાય છે.

સંખ્યાવાચક વિશેષણ

૧. માનવી માત્ર **બે** આંખે અસંખ્ય તારાઓને જોઈ શકે છે.

જે વિશેષણ નામની સંખ્યાનો અર્થ દર્શાવે તે સંખ્યાવાચક વિશેષણ કહેવાય છે.

માપવાચક વિશેષણ

૧ અમે **ઘણું** કામ કરવાથી ખૂબ થાકી ગયા છીએ.

જે વિશેષણ માપ કે જથ્થાનો અર્થ દર્શાવે તે માપવાચક વિશેષણ કહેવાય છે.

પ્રશ્નવાચક વિશેષણ

૧ રમેશને કઈ વસ્તુ ગમે છે?

૨ તમે **શી** ઇચ્છા રાખી ને શું ફળ આવ્યું?

જે વિશેષણ પ્રશ્ન પૂછી નામના અર્થમાં વધારો કરે તે પ્રશ્નવાચક વિશેષણ કહેવાય છે.

દર્શક વિશેષણ

૧ **આ** ઘર રામુનું છે. **પેલું** ઘર કોનું છે?

૨ **એ** ફૂલ **તે** છોકરાને પસંદ નહિ પડે.

જે વિશેષણ નામની તરફ આંગળી ચીંધી તેના અર્થમાં વધારો કરે તે **દર્શક વિશેષણ** કહેવાય છે.

કૃદંત વિશેષણ

૧ **હસતું** બાળક સૌને ગમે છે. (વર્તમાન કૃદંત)

૨ **ઘવાયેલો** યોદ્ધો જમીન પર ઢળી પડ્યો. (ભૂતકૃદંત)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ **ધોવાનાં** કપડાં જુદાં કાઢજો. (ભવિષ્ય કૃદંત)

જે કૃદંત નામના અર્થમાં વધારો કરે તે **કૃદંત વિશેષણ** કહેવાય છે.

મૂળ સર્વનામો વિશેષણ તરીકે

માપવાચક, દર્શક, અને પ્રશ્નવાચક વિશેષણો મૂળ સર્વનામો છે. એ સર્વનામો નામની આગળ આવી તેના અર્થમાં વધારો કરે છે ત્યારે તે વિશેષણનું કાર્ય કરે છે.

૧ ત્યાં કોણ ઊભું છે? (પ્રશ્નવાચક સર્વનામ)
૨ ત્યાં કોણ કોણ છોકરાઓ હતા? (પ્રશ્નવાચક વિશેષણ)

વિકારી અવિકારી વિશેષણ

કેટલાંક વિશેષણ પોતાના વિશેષ્યની જાતિ અને વચન પ્રમાણે પોતાનાં રૂપ બદલે છે.

૧ **ઊંચું** શિખર ને તેની **ઊંચી** ટોચ! ત્યાં જવામાં **શો** આનંદ હતો!
૨ નદીનો પટ **લાંબો** હતો; ત્યાં વૃક્ષોની **લાંબી** હાર હતી.

જે વિશેષણ પોતાનું રૂપ પોતાના વિશેષ્યનાં જાતિવચન પ્રમાણે બદલે છે તે **વિકારી વિશેષણ** કહેવાય છે.

૧ **સુંદર** બગીચો, **સુંદર** વૃક્ષો અને **સુંદર** ફૂલ — બધુંયે **સુંદર**!
૨ **બહુ** કામ કરવાને **બહુ** ધગશ જોઈએ.

જે વિશેષણ વિશેષ્યનાં જાતિવચન પ્રમાણે રૂપ બદલતું નથી, પણ પોતાના મૂળ રૂપે વપરાયા કરે છે તે **અવિકારી વિશેષણ** કહેવાય છે.

અનુવાદ્ય અને ક્રિયાપૂરક વિશેષણ

૧ **ઉદાર** છોકરાએ **ગરીબ** ભિખારીને મદદ કરી.
૨ અશ્રુ સર્યાં **વિમલ** નેત્રથી વેગવંત.

જે વિશેષણ નામની સાથે સીધો સંબંધ રાખી તેના અર્થમાં વધારો કરે છે તે **અનુવાદ્ય વિશેષણ** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ કેળવણીથી છોકરો ઉદાર બન્યો.

૨ અમે મહેશને **હોશિયાર** માન્યો.

જે વિશેષણ ક્રિયાપૂરકનું કામ કરી નામના અર્થમાં વધારો કરે છે તે **ક્રિયાપૂરક કે વિધિવાચક** વિશેષણ કહેવાય છે.

નોંધ – વિશેષણના આ પ્રકાર વાક્યમાં તેમના સ્થાન પ્રમાણે પડે છે.

અનુવાદ્ય નામના વર્ધક તરીકે, અને વિધિવાચક ક્રિયાપદને વિધાન કરવામાં મદદ કરી ક્રિયાપૂરકને સ્થાને આવે છે.

વશેષણ — વિશેષ્ય

અભ્યાસ

વિકારી વિશેષણનું રૂપ એના વિશેષ્યના જાતિવચન પ્રમાણે બને છે. એનો અભ્યાસ કરો.

૧ દયાળુ માણસનું હૃદય **પોચું** હોય છે.

૨ આ ટોપલીમાંનાં **ફળો** બહુ **પોચાં** છે.

'પોચું' એ નાન્યતરજાતિનું વિકારી વિશેષણ છે. એનું બહુવચન 'ઉં'નું 'આં' કરવાથી થયું છે. **પોચું–પોચાં**

૧ **ભલો છોકરો** સૌને વહાલો હોય છે.

૨ **ભલા છોકરાઓએ** અપંગને રસ્તો દેખાડ્યો.

'ભલો' એ નરજાતિનું વિકારી વિશેષણ છે. એનું બહુવચન 'ઓ' નો 'આ' કરવાથી થાય છે. **ભલો-ભલા**

૧ તમારે કદીયે **બૂરી વાત** સાંભળવી નહિ.

૨ કોઈની **બૂરી વાતો** કરવી નહિ.

'બૂરી' એ નારીજાતિનું વિકારી વિશેષણ છે. નારીજાતિમાં બંને વચન માટે એક જ રૂપ વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન ૨૨

નીચેનાં વાક્યોમાં વિશેષ્યનાં જાતિવચન પ્રમાણે જોઈતું રૂપ કૌંસમાં આપેલા વિશેષણ પરથી બનાવો, અને એ વિશેષણ કયા પ્રકારનું છે તે કહો :

૧ તમે બજારમાંથી — ફળો લેતા આવજો. (સારું)
૨ સુધાએ સીતા માટે — દૂધ રાખી મૂક્યું. (થોડું)
૩ ટોપલીમાં ચાર — કેરી રાખી છે. (પાકેલું)
૪ દૂરથી આબુ પર્વત — દેખાતો હતો. (ભૂરું)
૫ પેલા ઝાડ નીચે — ઢોર ઊભાં છે. (મારકણું)
૬ માને નાનો પુત્ર બહુ — હતો (લાડકું)
૭ લોકો — નેતાઓનું બહુમાન કરે છે. (માનીતું)
૮ — સ્ત્રી આળસમાં સમય વિતાવતી નથી. (કામગરું)
૯ — બાળકો ઘરમાં ભાંગફોડ કરે છે. (ધાંધલિયું)
૧૦ ભાઈઓએ — ઘરો વહેંચી લીધાં. (બાપીકું)

અભ્યાસ

[क] જુદી જુદી જાતિનાં વિશેષ્યો 'અને' થી જોડાયેલાં હોય કે ભેગાં આવ્યાં હોય ત્યારે તેમની સાથેનું વિશેષણ નાન્યતર જાતિના બહુવચનમાં આવે છે.

૧ મે ત્યાં **ઘણાં** સ્ત્રીપુરુષો જોયાં.
૨ રમણનાં મા અને બાપ **ભલાં** હતાં.

[ख] વિશેષ્ય 'કે' અગર 'અથવા'ના સંબંધે જોડાયેલાં હોય તો તેમનું વિશેષણ પાસેના નામ પ્રમાણે રૂપ લે છે.

૧ બજારમાંથી **ધોળી** ચાદર કે ટુવાલ લેતા આવજો.
૨ બજારમાંથી **ધોળો** ટુવાલ કે ચાદર લેતા આવજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન ૨૩

નીચેનાં વાક્યોમાં ખાલી જગ્યાએ કૌંસમાંના વિશેષણનું યોગ્ય રૂપ વિશેષ્યનાં જાતિવચન જોઈ મૂકો :

૧ મારાં કાકા અને કાકી બહુ — હતાં (ભલું)
૨ બધા ભાઈઓમાં રમેશ અને સુધીર પિતાને — હતા. (લાડકું)
૩ પ્રદર્શનમાં — મોટર અને વિમાન ધ્યાન ખેંચતાં હતાં. (નવું)
૪ બજારમાંથી — કાકડી કે પપૈયું લાવજો. (તાજું)
૫ અમે લીધેલાં બોર અને દરાખ — નીકળ્યાં. (ખાટું)
૬ બારીબારણું — રાખી બહાર જશો નહિ. (ઉઘાડું)
૭ પરીક્ષાને માટે — નિબંધ કે વાર્તા લખી આપજો. (ટૂંકું)
૮ રમેશને એક — પેન કે પુસ્તક ભેટમાં આપજો. (સારું)
૯ વર્ષાઋતુમાં — નદી અને તળાવ સુંદર દેખાય છે. (ભરેલું)
૧૦ તમને — કમળ કે મોગરો ગમે છે? (ખીલેલું)

અભ્યાસ

[ग] નાન્યતરજાતિના વિશેષ્યને વિભક્તિનો પ્રત્યય લાગ્યો હોય ત્યારે થતો અન્વય :

૧ તેણે **રાતા** હરણનો શિકાર કર્યો.
૨ અમે જંગલમાં **રાતાં** હરણોને જોયાં.

વિશેષ્ય 'હરણનો' અને 'હરણોને' છે. એ બંનેને વિભક્તિનો પ્રત્યય લાગ્યો છે. હવે વિશેષણનું રૂપ જુઓ. નાન્યતરજાતિના એક વચનના વિશેષ્ય સાથે 'રાતું'નું 'રાતા' થયું છે. એમાં અનુસ્વાર લાગતું નથી.

બહુવચનમાં 'રાતું'નું 'રાતાં' થયું છે. નાન્યતરજાતિના બહુ-વચનના વિશેષ્ય સાથે વપરાતા વિશેષણને અનુસ્વાર લાગે છે તે ધ્યાનમાં રાખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન ૨૪

વાક્યોમાં ખાલી જગ્યાએ કૌંસમાં આપેલા વિશેષણનું યોગ્ય રૂપ બનાવી મૂકો :

૧ અમે ગામનાં — ઘરોની મુલાકાત લીધી. (મોટું)
૨ એક — ઝાડની ઉપર પંખીઓ બેઠાં હતાં. (મોટું)
૩ તારાઓ — આકાશમાં ઝગઝગતા હતા. (ભૂરું)
૪ બાગમાં છોડો પર — ફૂલોને જોયાં. (ખીલેલું)
૫ — ઢોરને ખીલે બાંધી રાખવું જોઈએ. (મારકણું)
૬ અમે નદીકિનારે — ફળનો આહાર કર્યો. (પાકેલું)
૭ — બોરને ખરીદી શું કરશો ? (કાચું)
૮ પેલા — તરબૂચને કાપશો નહિ. (કાચું)
૯ — વિમાનને વીંધવું મુશ્કેલ હોય છે. (ઊડતું)
૧૦ કોઈ પણ — કામમાં કદી હાથ ઘાલશો નહિ. (નઠારું)

અભ્યાસ

[ઘ] ગુજરાતીમાં સામાન્ય રીતે વિશેષણને વિભક્તિ લાગતી નથી; પણ વિકારી વિશેષણને ત્રીજી કે સાતમીનો 'એ' પ્રત્યય કોઈ વાર લાગે છે.

૧ બાગમાં બાળકો **મોટે** સાદે બોલતા હતા. (ત્રીજી)
૨ પેલું મકાન **ઊંચે** સ્થળે આવેલું છે. (સાતમી)

પ્રત્યય સાધિત વિશેષણો

શબ્દ	વિશેષણ	શબ્દ	વિશેષણ
સમાજ	સામાજિક	આશા	આશામય
શાસ્ત્ર	શાસ્ત્રીય	ગરજ	ગરજાઉ
શાળા	શાળાકીય	બાપ	બાપીકું
પ્રકાશ	પ્રકાશિત	પ્રેમ	પ્રેમાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધન	ધનવાન	લજ્જા	લજ્જાળુ
બુદ્ધિ	બુદ્ધિમાન	કામ	કામગરું
ધન	ધનવંત	વહાલ	વહાલસોયું
શ્રી	શ્રીમંત	ધાંધલ	ધાંધલિયું
તલ	તલપૂર	દગો	દગાખોર
રમત	રમતિયાળ	ન્યાય	ન્યાયી
મૂઠી	મૂઠીભર	ટોળું	ટોળાબંધ
હઠ	હઠીલું	છટા	છટાદાર
વિગત	વિગતવાર	દરિયો	દરિયાવ

મનોયત્ન ૨૫

પ્રત્યય લગાડી નીચેના શબ્દો પરથી વિશેષણ બનાવો :

સંસાર	સુખ	રૂપ	માયા	તેજ
દુઃખ	નિરાશા	શક્તિ	વાત	ઘટા
ધર્મ	ભાષા	કુળ	કજિયો	દળ
રાષ્ટ્ર	ઊપજ	ઘૂંટણ	નશો	ચીન
સ્વર્ગ	હેત	હોંસ	મસ્તી	વગડો
મોહ	સ્નેહ	રસ	દેશ	ગમ્મત
ક્રોધ	દયા	દ્વેષ	હિંદ	પ્રેમ

અભ્યાસ

નીચે ધાતુ પરથી બનતાં વિશેષણો આપ્યાં છે.

શબ્દ	વિશેષણ	શબ્દ	વિશેષણ
પૂજ્ (પૂજવું)	પૂજ્ય, પૂજનીય	વંઠવું	વંઠેલ, વંઠેલું
રમ્ (રમવું)	રમ્ય, રમણીય	માનવું	માનીતું
નશ્	નષ્ટ	રખડવું	રખડાઉ, રખડુ
કૃ	કૃત	મારવું	મારકણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન ૨૬

નીચેના શબ્દો પરથી વિશેષણ બનાવો :

જાણવું, ઓળખવું, બોલવું, લડવું, શીખવું, ટકવું, ઉડાવવું.

વિશેષણનો નામ તરીકે ઉપયોગ

૧ મોટા માણસોને માન આપવું જોઈએ.

૨ **મોટાને** માન આપવું જોઈએ.

બીજા વાક્યમાં વિશેષણને નામની માફક પ્રત્યય લાગ્યો છે અને એનો ઉપયોગ નામ તરીકે થયો છે. આ રીતે **વિશેષણ** નામ તરીકે પણ વપરાય છે.

પ્રકરણ ૬

સર્વનામ અને તેના પ્રકાર

તમે શીખી ગયા છો કે જે પદ નામની જગ્યાએ આવી નામનું કામ કરે છે તે સર્વનામ કહેવાય છે; જેમ કે
હરિહરે બહેનને કહ્યું, "**હું તારે** માટે રમકડું લેતો આવીશ."

સર્વનામના પ્રકાર

પુરુષવાચક સર્વનામ

૧. હું રમેશને ઉદ્દેશી બોલ્યો, "તું જરૂર સફળ થશે."

૨. **તેઓ** આ કાર્ય પૂર્ણ કરશે.

હું–પહેલો પુરુષ, તું–બીજો પુરુષ, તેઓ–ત્રીજો પુરુષ. ત્રણે પુરુષોનાં નામને બદલે જે સર્વનામ વપરાય તે **પુરુષવાચક સર્વનામ** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નાર્થ સર્વનામ

૧ તમારે **શું** જોઈએ છે? તમને એ **કોણ** આપશે?
૨ બધાં ફૂલોમાં **કયું** સુંદર છે?

જે સર્વનામ પ્રશ્ન પૂછવાના અર્થમાં વપરાય તે **પ્રશ્નાર્થ સર્વનામ** કહેવાય છે.

દર્શક સર્વનામ

૧ **આ** રમણ લેશે, **પેલું** ગોવિંદ લેશે.
૨ **એ** ભલે અહીં પડયું રહ્યું.

જે સર્વનામ કોઈ વસ્તુનો અંગુલિનિર્દેશ કરવા વપરાય છે તે **દર્શક સર્વનામ** કહેવાય છે.

સંબંધી સર્વનામ

૧ **જે** માથે વીતે **તેને** સહન કરજો.
૨ **જેનો** જન્મ **તેનું** મરણ નિશ્ચિત છે.
જેવું ઇચ્છશો **તેવું** મળશે.

અહીં દરેક વાકયમાં સર્વનામો જોડકાં તરીકે વપરાયાં છે. એમ એકની સાથે બીજું વપરાય છે.

જે સર્વનામ જોડકાંમાં એકબીજાની અપેક્ષા રાખી સાથે જ વપરાય તે **સંબંધી સર્વનામ** કહેવાય છે.

અનિશ્ચિત સર્વનામ

૧ આ પૈસો **કોઈને** આપી દેજો.
૨ આ બાગ **અમુકને** માટે જ નહિ, **હરકોઈને** માટે ખુલ્લો છે.
૩ **દરેકને** કંઈક કરવાની ઇચ્છા હતી.

જે સર્વનામ કોઈ એક ચોક્કસ પ્રાણી કે પદાર્થનો નિર્દેશ ન કરતાં, તેનો નિર્દેશ અનિશ્ચિત રાખે છે તે **અનિશ્ચિત સર્વનામ** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વવાચક સર્વનામ

૧ પ્રમુખે **પોતે** સભાજનોને સમજાવીને શાંત પાડયા.
૨ તમે **જાતે** આ કાર્ય કરજો.

દાખલા – પોતે, નિજ, પંડે, ખુદ

જે સર્વનામ સ્વનો કે પોતાપણાનો અર્થ બતાવવા વપરાય તે **સ્વવાચક સર્વનામ** કહેવાય છે.

પરસ્પરવાચક સર્વનામ

૧ તમે **એકએકને** ચાહતાં શીખો, **એકબીજાને** ધિક્કારશો નહિ.
૨ બંને મિત્રોએ **પરસ્પર** પોતાના અનુભવો વર્ણવ્યા.

જે સર્વનામ એકબીજા વચ્ચેનો અર્થ સૂચવવા વપરાય છે તે **પરસ્પરવાચક સર્વનામ** કહેવાય છે.

'શું' વિવિધ પદ તરીકે

[૧] સર્વનામ તરીકે:

[क] (i) રામને **શું** જોઈએ? (ii) ત્યાં **શું** પડયું છે?

[ख] કયું કયું અથવા કઈ કઈ વસ્તુઓના અર્થમાં

(i) તમે **શું શું** ખાશો? (ii) રાજાએ ભેટમાં **શું શું** આપ્યું?

(૨) વિશેષણ તરીકે:

[क] (i) તેણે **શો** અભિપ્રાય આપ્યો? (ii) સીતાએ **શી** વાત કરી? (iii) તમે **શું** કામ કરો છો?

[ख] કેવું, કેટલું બધું, જેવું વગેરે અર્થમાં

(i) **શો** એનો વૈભવ અને **શો** એનો ભપકો.
(ii) **શી** એની મહેનત અને **શું** એનું પરિણામ.
(iii) શુક્રનો તારો ટીલડી **શો** શોભતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩] **અવ્યય તરીકે :**

[क] (i) શું હરિ બાગમાં છે? (ii) શું તમે કાલે જશો ?

[ख] ગણતરી બતાવવાના અર્થમાં

(i) શું સુખમાં કે શું દુઃખમાં, સંત નિર્લેપ રહે છે.

(ii) ચોર શું, શાહુકાર શું, બધા માનવી જ છે ના ?

પુરુષવાચક સર્વનામ અને ક્રિયાપદનો અન્વય

[૧] વાક્યમાં ક્રિયાનાથ તરીકે પહેલા પુરુષ સર્વનામ સાથે બીજા કે ત્રીજા પુરુષનું સર્વનામ 'અને'થી જોડાઈને આવે તો ક્રિયાપદ પહેલા પુરુષ બહુવચનમાં આવે છે.

(૧) હું અને તું મેળામાં જઈશું.

(૨) હું અને **તે** સાંજે ગામ **પહોંચીશું.**

(૩) હું, તું અને **તેઓ** સાંજે નદીમાં **તરીશું.**

[૨] વાક્યમાં ક્રિયાનાથ તરીકે બીજા પુરુષના સર્વનામ સાથે ત્રીજા પુરુષનું સર્વનામ 'અને'થી જોડાઈને આવે તો ક્રિયાપદ બીજા પુરુષ બહુવચનમાં આવે છે.

(i) **તમે** અને **તેઓ** ત્યાં **બેસજો.**

(ii) તું અને **તે** સાથે મળીને **રમજો.**

મનોયત્ન ૨૭

નીચેનાં વાક્યોમાં 'શું' સર્વનામ, વિશેષણ કે અવ્યય તરીકે વપરાયું છે તે કહો :

૧ ટોપલીમાં શું ભરેલું છે?

૨ તમારી **શી** ઇચ્છા છે?

૩ શું આજે વરસાદ પડશે?

૪ આજે બાગમાં શું રોપશો ?

૫ જીવનમાં તમે શું ભલું કામ કર્યું છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬ તમારે શું શું ખરીદવું છે?
૭ **શી** તેની બહાદુરી, **શી** તેની ચતુરાઈ?
૮ શું ધન કે શું વિદ્યા, પરિશ્રમ વિના મળતાં નથી.
૯ યાત્રા જવા માટે શું શું જોઈશે?
૧૦ કમળ **શાં** તેનાં નયન હતાં.

મનોયત્ન ૨૮

વાક્યમાં ક્રિયાનાથ જોઈને કૌંસમાંથી આપેલા ધાતુ પરથી ક્રિયાપદનું જોઈતું રૂપ બનાવો :

૧ હું અને તું ગઈ કાલે બાગમાં (જવું)
૨ હું અને તમે પેલી ચોપડી (વાંચવું)
૩ તમે અને તે ક્યાં (જવું)
૪ હું, તું અને તે વૃક્ષોને પાણી (પાવું)
૫ તું અને તેઓ મને સાંજે મળવા (આવવું)

પ્રકરણ ૭

ક્રિયાપદના પ્રકાર

તમે શીખી ગયા છો કે જે પદ ક્રિયા બતાવી પોતાના ઉદ્દેશ્ય વિષે વિધાન કરે છે તે ક્રિયાપદ કહેવાય છે.

૧ હરિ **ઊંઘે** છે.
૨ રમણે બારી **ઉઘાડી.**

ક્રિયાપદના પ્રકાર

અકર્મક ક્રિયાપદ

૧ સાંજે ઢોર પાછાં **વળે છે.** ૨ રામ ઘરમાં **છે.**
જે ક્રિયાપદને કર્મ હોતું નથી તે **અકર્મક ક્રિયાપદ** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સકર્મક ક્રિયાપદ

૧ ચિતારાએ ચિત્ર દોર્યું. ૨ મેં સુંદર દૃશ્ય જોયું.

જે ક્રિયાપદને કર્મ હોય છે તે **સકર્મક ક્રિયાપદ** કહેવાય છે.

દ્વિકર્મક ક્રિયાપદ

૧ મારા મિત્રે મને વચન **આપ્યું**. ૨ તું ગરીબને દાન **આપજે**. પ્રધાન કર્મ : વચન, દાન; ગૌણકર્મ : મને, ગરીબને. જે સકર્મક ક્રિયાપદને બે કર્મ હોય તે **દ્વિકર્મક ક્રિયાપદ** કહેવાય છે.

અપૂર્ણક્રિયાવાચક ક્રિયાપદ

૧ વખત જતાં હરીશ **થયો.**

અહીં ક્રિયાપદ પૂર્ણ વિધાન કરી શકતું નથી. એ જ વાક્ય બીજી રીતે લખ્યું છે.

૧ વખત જતાં હરીશ **નેતા** થયો.

અહીં 'નેતા' શબ્દની મદદથી ક્રિયાપદ પૂર્ણ વિધાન કરી શક્યું છે. આવાં ક્રિયાપદ અપૂર્ણક્રિયાવાચક ક્રિયાપદ કહેવાય છે.

૨. સભાએ નગરશેઠને **પ્રમુખ** બનાવ્યા.

'બનાવ્યા' ક્રિયાપદ 'પ્રમુખ' શબ્દની મદદથી પૂર્ણ વિધાન કરી શકે છે. આથી એ અપૂર્ણ ક્રિયાવાચક ક્રિયાપદ છે. જે ક્રિયાપદને પૂર્ણ વિધાન કરવામાં બીજા પદની જરૂર હોય છે, તે ક્રિયાપદ **અપૂર્ણ-ક્રિયાવાચક** કહેવાય છે.

સકર્મક અકર્મક તરીકે

૧ છોકરો **વાંચે છે.** ૨ મારી બહેન **રાંધે છે.**

અહીં બંને ક્રિયાપદો કર્મ વિના વપરાયાં છે. 'વાંચે છે' ક્રિયાપદ અહીં શું વાંચે છે એવો અર્થ બતાવવા વપરાયું નથી, પણ વાંચવાની ક્રિયા થાય છે એટલું જ બતાવવાનો અર્થ છે. આમ સકર્મક ક્રિયાપદો અહીં અકર્મક તરીકે વપરાયાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવકર્તૃક ક્રિયાપદ

૧ રમણને પેટમાં દુખે છે. (દુખવાનું)
૨ હરિને શહેરમાં ગમતું નથી. (ગમવાનું)

અહીં ક્રિયાપદો ભાવે પ્રયોગમાં છે. તેમનામાં સમાયેલો ભાવ એ જ તેમનો કર્તા છે. બીજો કોઈ કર્તા નથી.

જે ક્રિયાપદનો કર્તા તેનો ભાવ હોય તે **ભાવકર્તૃક ક્રિયાપદ** કહેવાય છે.

સહાયકારી ક્રિયાપદ

૧ છોડ પર ફૂલો ખીલે **છે.** (વર્તમાનકાળ)
૨ પૂજારી આરતી કરતો **હતો.** (ચાલુ ભૂતકાળ)

'છે' અને 'હતો' એ ક્રિયાપદો મુખ્ય ક્રિયાપદને કાળ બનાવવામાં સહાય કરે છે.

'હોય' એ ક્રિયાપદ સંશયનો અર્થ બતાવવામાં સહાય કરે છે.

૧ રામ કદાચ બાગમાં બેઠો **હોય.**

જે ક્રિયાપદ મુખ્ય ક્રિયાપદને કાળ કે અર્થ સૂચવવામાં મદદ કરે તે **સહાયકારી ક્રિયાપદ** કહેવાય છે.

સંયુક્ત ક્રિયાપદ

૧ મારી બાએ આંગણું **વાળ્યું.**
૨ મારી બાએ આંગણું **વાળી નાખ્યું.**

પહેલા વાક્યમાં 'વાળ્યું' એ ક્રિયાપદ વાળવાની ક્રિયા ભૂતકાળમાં બની એવો સાદો અર્થ બતાવે છે.

બીજા વાક્યમાં 'વાળી નાખ્યું' એમાં બે ક્રિયાપદો છે પણ એનો અર્થ 'વાળી' અને 'નાંખી દેવું' એવો થતો નથી. એનો અર્થ વાળવાની ક્રિયા જલદીથી પૂર્ણ થઈ એવો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ અહીં બે ક્રિયાપદો ભેગાં આવીને એક ખાસ અર્થ ઉત્પન્ન કરે છે.

જ્યારે બે ક્રિયાપદો સાથે આવીને પોતપોતાનો સ્વતંત્ર અર્થ નહિ, પણ ભેગાં મળીને એક ખાસ અર્થ ઉત્પન્ન કરે ત્યારે તે **સંયુક્ત ક્રિયાપદ** કહેવાય છે.

સહાયકારી અને સંયુક્ત

૧ છોકરાઓ મેદાનમાં દોડતા **હતા.**

૨ મોટી ચીસ સાંભળીને અમે ત્યાં દોડી **ગયા.**

'હતા' એ સહાયકારી ક્રિયાપદ છે અને એ ચાલુ ભૂતકાળ બનાવવા માટે વપરાયું છે.

'ગયા' એ ક્રિયાપદ સહાયકારી નથી. એ તો 'દોડી' ક્રિયાપદના અર્થમાં ખાસ અર્થ ઉમેરીને સંયુક્ત ક્રિયાપદ બનાવવા માટે વપરાયું છે.

જુદા જુદા અર્થનાં સંયુક્ત ક્રિયાપદ

[૧] ઝડપથી ક્રિયા પૂર્ણ કરવાના અર્થમાં 'આવવું' 'જવું' 'દેવું' 'આપવું' વગેરે ક્રિયાપદો વપરાય છે.

૧ તું આ સંદેશો **આપી આવ.**

૨ તમે અહીંથી **નાસી જાઓ.**

૩ તું હવે કાગળ **લખી દે.**

૪ મને આ કામ **કરી આપ.**

[૨] એકાએક ક્રિયા બનવાના અર્થમાં 'ઊઠવું', 'પડવું' વગેરે ક્રિયાપદો વપરાય છે.

૧ અશોક એકાએક ચીસ **પાડી ઊઠયો.**

૨ જોતજોતામાં વરસાદ **તૂટી પડયો.**

[૩] ક્રિયા સતત થવાના અર્થમાં

૧ અરવિંદની તબિયત **સુધરતી જાય છે.**

૨ તેઓ ગાતા ગયા અને **નાચતા ગયા.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ આ રૂઢિ વર્ષોથી **ચાલી આવી છે.**

૪ અમે આ કામ રાજ **કરતા આવ્યા છીએ.**

૫ ડૂબતા માણસે દોરડું **પકડી રાખ્યું.**

૬ આ મોટા વડની ડાળીઓ કેવી **ફેલાઈ રહી છે!**

'જવું' 'આવવું' 'રાખવું' અને 'રહેવું' ક્રિયાપદો વર્તમાન કૃદંત અથવા તો પૂર્વક્રિયાવાચક ભૂતકૃદંતની સાથે વપરાઈ ક્રિયાની સતતતાનો અર્થ બતાવે છે.

[૪] ક્રિયાની આવૃત્તિના (વારંવાર થવાના) અર્થમાં

૧ સવારથી વરસાદ **પડ્યા કરે છે.** (પડવાની ક્રિયા વારંવાર થાય છે)

૨ સભામાં તેણે વચ્ચેવચ્ચે **બોલ્યા કર્યું.** (બોલવાની ક્રિયા વારંવાર કરી.)

'કરવું' એ ક્રિયાપદ ભૂતકૃદંતની સાથે વપરાઈને સંયુક્ત ક્રિયાપદ બનાવે છે.

[૫] ક્રિયાની પરિપૂર્ણતા બતાવવાના અર્થમાં

૧ આ બાબતમાં હું પત્ર **લખી ચૂક્યો છું.**

૨ કારીગરોએ કામ લગભગ પૂરું **કરી નાખ્યું છે.**

૩ તમે આ ચોપડી સાંજ સુધીમાં **વાંચી કાઢજો.**

૪ અંધારું થતાં માળીએ બાગના દરવાજા **વાસી દીધા.**

૫ અત્યારે જ અમે આ કામ **કરી રહ્યા.**

ચૂકવું, નાખવું, કાઢવું, દેવું, રહેવું એ ક્રિયાપદો ક્રિયાની પરિપૂર્ણતાનો અર્થ બતાવવા વપરાય છે.

[૬] શક્તિમત્તાના અર્થમાં

૧ રમેશથી આ કામ **થઈ શકશે?**

૨ અમે આ કામ **કરી શકીશું.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ આ બાળકો સારું **રમી** જાણે છે.

'શકવું' અને 'જાણવું' એ ક્રિયાપદો ક્રિયા થઈ શકે કે નહિ તેનો અર્થ સૂચવે છે.

પ્રકરણ ૮

કૃદંત અને તેના પ્રકાર

કૃદંત એ ધાતુને પ્રત્યય લાગીને બનેલું પદ છે. કૃદંત ક્રિયા સૂચવે છે, ક્રિયાપદ પણ ક્રિયા સૂચવે છે; પણ ક્રિયાપદ વાક્યમાં સંપૂર્ણ વિધાન કરી શકે છે, કૃદંત કરી શકતું નથી. આમ કૃદંત વિનાનું વાક્ય હોઈ શકે; ક્રિયાપદ વિનાનું હોઈ શકતું નથી.

૧. પંખી ઝાડ પર **બેઠું** છે. [કૃદંત નથી, ક્રિયાપદ છે. વાક્ય પૂર્ણ છે.]

૨. પંખી **ઊડીને** ઝાડ પર [ક્રિયાપદ નથી, કૃદંત છે. વાક્ય અધૂરું છે.]

કૃદંત મૂળ ધાતુ પરથી બને છે તે જ રીતે સાધિત ધાતુ પરથી પણ બને છે.

મૂળ ધાતુ — દોડ	કૃદંત — દોડતો
સાધિત ધાતુ — દોડાવ	કૃદંત — દોડાવતો

કૃદંતના પ્રકાર

[૧] વર્તમાન કૃદંત

૧. પેલો **દોડતો** ઘોડો જુઓ.

જે કૃદંત વર્તમાનકાળ સૂચવે છે તે વર્તમાન કૃદંત કહેવાય છે.

વર્તમાન કૃદંત જુદાં જુદાં પદ તરીકે

૧. **ઊગતો** ચંદ્ર અને **આથમતો** સૂર્ય પૂનમે સાથે જોવાના મળે છે.
પેલું **બંધાતું** ઘર સુંદર થશે. [વિશેષણ તરીકે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. પંખીનું બચ્ચું **ઊડતાં** શીખે છે. } [નામ તરીકે ક્રિયા-
રમેશ પતંગ **ઉડાડતા** શીખે છે. } પદનું કર્મ]

૩. રામ **દોડતાં** પડી ગયો. } [ક્રિયાવિશેષણ તરીકે]
તે **દોડતો** મેદાનમાં ગયો. }

[૨] ભૂતકૃદંત

૧ કાલે **લખેલો** પત્ર અહીં પડ્યો છે.

૨ સમયસર કર્યું કામ નિષ્ફળ જતું નથી.

જે કૃદંત ભૂતકાળની ક્રિયા સૂચવે છે, તે ભૂતકૃદંત કહેવાય છે.

ભૂતકૃદંત જુદાં જુદાં પદ તરીકે

૧ ચાર વરસ પર **ખરીદેલું** કબાટ હજી જેવું ને તેવું છે.
[વિશેષણ તરીકે]

કાચનું **ભાંગ્યું** વાસણ નકામું બને છે. ,,

૨ ખેડૂત **વાવેલું** લણે છે. [નામ તરીકે, ક્રિયાપદનું કર્મ]

તેણે મારું **કહ્યું** માન્યું નહિ. ,,

તે બીજાનું **કરાવ્યું** કરે છે. ,,

[૩] ભવિષ્યકૃદંત

૧ **બેડવાની** બધી કેરી આજે બેડાવી લેજો.

૨ તમે આ **કરવાનું** કામ હાથ ધરો.

અહીં કૃદંતો ક્રિયા ભવિષ્યકાળમાં કરવાની છે એવો અર્થ સૂચવે છે. આથી એ ભવિષ્યકૃદંત કહેવાય છે.

ભવિષ્યકૃદંત જુદાં જુદાં પદ તરીકે

૧ પ્રમુખે **આપવાના** ભાષણની તૈયારી કરવા માંડી [વિશેષણ તરીકે]

પડાવવાના ઝાડ પર નિશાન કરો. ,,

આવનાર માણસને પુસ્તક આપજો. ,,

૨ તમે **આવનારનું** સ્વાગત કરજો. [નામ તરીકે]

તેણે **જનારને** મોટેથી બોલાવ્યો [નામ તરીકે ક્રિયાપદનું કર્મ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪] **સામાન્ય કે ધાતુનામ કૃદંત**

૧ નિયમિત **વાંચવું** એ ફાયદાકારક છે.

૨ મેં વહેલી સવારે **ઊઠવું** પસંદ કર્યું.

૩ પ્રભુભજન **કરવાથી** મનને શાંતિ મળે છે.

૪ દાન **કરવામાં** પાત્ર જોવું જોઈએ

આ કૃદંતો કોઈ પણ એક કાળનું સૂચન કરતાં નથી. એ દરેક કાળમાં એક સરખાં કે સામાન્ય રૂપે વપરાય છે. આથી એ **સામાન્ય કૃદંત** કહેવાય છે. એને **ધાતુનામ કૃદંત** પણ કહે છે, કારણ કે એ ક્રિયાપદના ધાતુનું નામ હોય છે.

નોંધ–સામાન્ય કૃદંતને નામની માફક વિભક્તિ લાગે છે.

[૫] **હેત્વર્થ કૃદંત**

૧ અમે **રમવાને** મેદાનમાં ગયા. [રમવા માટે]

૨ પેલા ગરીબને **રહેવા** ઘર નથી. [રહેવા માટે]

'રમવાને' એ 'રમવું' કૃદંતનું ચોથી વિભક્તિનું રૂપ છે. એ હેત્વર્થ કૃદંત કહેવાય છે.

રહેવા=રહેવાને. આ હેત્વર્થ કૃદંતમાં ચોથી વિભક્તિનો 'ને' પ્રત્યય અધ્યાહાર રહેલો છે.

હેત્વર્થ કૃદંત અન્ય પદ તરીકે

૧ તમારે **ઓઢવાને** રજાઈ જોઈશે. [ક્રિયાવિશેષણ તરીકે]

[૬] **પૂર્વક્રિયાવાચક [સંબંધક] કૃદંત**

૧ રમાકાંત હમણાં જ **જમીને** બહાર ગયો.

૨ સીતાએ કપડાં **ધોઈ** દોરડી પર નાંખ્યાં.

અહીં બંને વાકયોમાં ક્રિયાપદની ક્રિયા અને તે પૂર્વે કૃદંતની ક્રિયા બની છે. આથી આ કૃદંતો પૂર્વક્રિયાવાચક કૃદંત કહેવાય છે.

ધોઈ = ધોઈને. અહીં 'ને' પ્રત્યય અધ્યાહાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વક્રિયાવાચક કૃદંત ૫૬ તર

૧ હમણાં જ ખેલાડીઓ **રમીને** ઘેર ગયા. [ક્રિયાવિશેષણ તરીકે]

કૃદંત

[કાળની દૃષ્ટિએ]	[અર્થની દૃષ્ટિએ]
વર્તમાન કૃદંત – રમતો	હેત્વર્થ – રમવાને
ભૂત કૃદંત – રમ્યો, રમેલો	સામાન્ય કૃદંત – રમવું
ભવિષ્ય કૃદંત – રમવાનો, રમનાર	પૂર્વક્રિયાવાચક – રમીને (સંબંધક)

મનોયત્ન ૨૯

નીચેનાં વાક્યોમાંથી કૃદંત શોધો અને તેનો પ્રકાર કહો.

૧ આકાશમાં **ઊડતું** વિમાન જોવાની મજા પડે છે.
૨ **ભાંગેલું** વહાણ દરિયામાં ડૂબી ગયું.
૩ કૂતરું **દોડતું** મેદાનમાં ગયું.
૪ તેને **ખાધેલું** પચતું નથી.
૫ પેલો છોકરો **તરતાં** શીખે છે.
૬ **ધોવાનાં** કપડાં જુદાં પાડો.
૭ ત્યાં કોણ કોણ **જનાર** છે?
૮ યોદ્ધાને **લડવાને** હથિયાર જોઈએ છે.
૯ વહેલા **ઊઠીને** અમે કસરત કરીએ છીએ.
૧૦ અમને મોટેથી **વાંચવાની** ટેવ પડી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૯

ક્રિયાવિશેષણ અને તેના પ્રકાર

તમે ક્રિયાવિશેષણના પ્રકારો વિશે આગલા ધોરણમાં શીખી ગયા છો. અહીં એની જુદી દૃષ્ટિએ વિગતવાર રજૂઆત કરી છે.

૧. મારો મિત્ર સૌથી **છેલ્લો** આવ્યો.

'છેલ્લો' એ ક્રિયાવિશેષણ છે. એનું રૂપ 'મિત્ર' એ નામની જાતિ અને વચન સાથે સંબંધ રાખે છે, પણ અર્થની દૃષ્ટિએ એ ક્રિયાપદનો વધારો કરે છે.

૨ અશોક **ધીમે** ચાલ્યો, સીતા પણ **ધીમે** ચાલી. 'ધીમે' એ ક્રિયાવિશેષણ છે. એનું રૂપ એકનું એક જ રહે છે, એટલે એ અવ્યય છે. આથી આવું અવ્યય રૂપે રહેનારું ક્રિયાવિશેષણ **ક્રિયાવિશેષણ-અવ્યય** કહેવાય છે.

ક્રિયાવિશેષણના પ્રકાર

૧	તમે જાઓ. ગોવિંદ **સમયસર** આવશે	(કાળવાચક)
૨	હું **અહીં** જ ઊભો રહીશ.	(સ્થળવાચક)
૩	ગાડી **ઝડપથી** દોડતી હતી.	(રીતવાચક)
	ધમધમ કરતો તે દાદર ઊતર્યો.	,,
૪	રમેશ **કેમ** અહીં આવ્યો હતો?	(કારણ કે હેતુવાચક)
૫	મહેશ **કદાચ** બાગમાં મળે.	(સશંયવાચક)
૬	મનોહર આ કામ **ચોક્કસ** કરશે.	(નિશ્ચયવાચક)
	સુધીર **ખરેખર** પસ્તાયો.	,,
૭	**જાણે** વ્યોમમાં હીરાઓ ઝગમગતા હતા.	(સંભાવનાવાચક)
	રખે હારી જવાય એ બીકે તે દોડ્યો નહિ.	,,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮ તમે **બહુ** બેઠા, હવે **જરા** ખોદવા લાગો. (માપવાચક)
૯ **ભલે,** હું એનું સ્વાગત કરીશ. (સ્વીકારવાચક)
૧૦ આળસ કરશો **નહિ.** (નકારવાચક)
રાધાકૃષ્ણ વિના બીજું બોલશો **મા.** ,,
૧૧ મોહન **પણ** મેળામાં ગયો. (ભારવાચક)
તમને મારો ભાઈ ગામમાં **જ** મળશે. ,,
૧૨ સત્યનો **અંતે** જય થશે. (ક્રમવાચક)

અભ્યાસ

(૧) કાળવાચક ક્રિયાવિશેષણ

હમણાં, અત્યારે, અધુના, ત્યારે, ક્યારે, જ્યારે, આજે, પ્રતિદિન, હરરોજ, દરરોજ, કદી, સદા, યદા, તદા, એકદા, વારંવાર, કોઈ વાર, અંતે, છેવટે, વખતસર, સમયસર, હંમેશાં, નિત્ય, સર્વદા, હવે, તરત, મોડાવહેલા, પોર, ઓણ, પરાર, સત્વર, લાગલો, તત્કાળ, આજકાલ, તત્ક્ષણ, રાતોરાત.

(૨) સ્થળવાચક ક્રિયાવિશેષણ

ત્યાં, જ્યાં, ક્યાં, અહીં, તહીં, અત્ર, તત્ર, સર્વત્ર, બધે, ઉપર, નીચે, અંદર, બહાર, પાસે, નજીક, છેટે, દૂર, આઘે, ઊંચે, આગળ, પાછળ, આમ, તેમ, આથમણે, ઉગમણે, આ પાસ, તે પાસ, ચોપાસ, ચોમેર, આણીમેર, તેણીમેર, અહીં સુધી, તહીં સુધી.

(૩) રીતવાચક ક્રિયાવિશેષણ

આમ, તેમ, એમ, કેમ, જેમ, એકદમ, અકસ્માત્, ઠીક, ઉતાવળે, ધીમે ધીમે, ઓચિંતે, હળવે, રીતસર, ઝટ, ગુપચુપ, સર્વથા, અન્યથા, યથા, બહુધા, અનેકધા.

(૪) હેતુવાચક ક્રિયાવિશેષણ

આથી, તેથી, એથી, કેમ, કાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) સંશયવાચક ક્રિયાવિશેષણ

કદાચ, કદાચિત્, કદી, ઘણે ભાગે, મોટે ભાગે, ઘણું કરી

(૬) નિશ્ચયવાચક ક્રિયાવિશેષણ

અવશ્ય, જરૂર, નક્કી, ખરેખર, ખચીત, ખરે, બેશક, નિઃશંક, બેલાશક

(૭) સંભાવનાવાચક ક્રિયાવિશેષણ

જાણે, શકે, રખે, શું

(૮) માપવાચક ક્રિયાવિશેષણ

બહુ, જરા, થોડું, ઘણું, લગીર, લગરીક, લગાર, વિશેષ, વધારે, અતિશય, અત્યંત, એટલું, કેટલું, જેટલું, છેક, બિલકુલ, ઓછું, કંઈક, કિંચિત્, બસ

(૯) સ્વીકારવાચક ક્રિયાવિશેષણ

ભલે, હા, વારુ, સારું, ઠીક, છો

(૧૦) નકારવાચક ક્રિયાવિશેષણ

ન, ના, મા, મ, નહિ, નહીં.

(૧૧) ભારવાચક ક્રિયાવિશેષણ

પણ, જ, ય, યે, તો.

(૧૨) ક્રમવાચક ક્રિયાવિશેષણ

પ્રથમ, પહેલાં, અંતે, પહેલું, બીજું, છેલ્લું, ક્રમશઃ, ઉત્તરોત્તર, ક્રમસર, ક્રમવાર.

સાધિત થયેલાં ક્રિયાવિશેષણ

૧ તમે ક્યાં **સુધી** અહીં ઊભા રહેશો ? (શબ્દસમૂહ)
૨ રામચંદ્રે **જીવનપર્યંત** લોકોની સેવા કરી. (સમાસ)
૩ તમે **યથામતિ** કાર્ય કરજો. (સમાસ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલા — ઘણું કરીને, આજ સુધી, ત્યાં સુધી, અહીં સુધી, મુખ્યત્વે કરીને, ત્યાં લગી, સામાન્ય રીતે, જુસ્સાભેર, પ્રતિવર્ષ, જિંદગીપર્યંત, ધ્યાનપૂર્વક, યથાવિધિ, યથાશક્તિ, પ્રતિદિન, આજીવન, અનેક રીતે.

શબ્દસમૂહ કે સમાસનું બનેલું ક્રિયાવિશેષણ

૧ બાળકો **સાંજે** મેળામાં ગયાં.

'સાંજ' એ નામ પરથી 'સાંજે' ક્રિયાવિશેષણ બન્યું છે; સાધિત થયું છે.

આ રીતે વિશેષણ પરથી અને સર્વનામ પરથી પણ સાધિત ક્રિયાવિશેષણ બને છે.

અભ્યાસ

(क)નામ ઉપરથી	સાધિત ક્રિ.વિ.	નામ ઉપરથી	સાધિત ક્રિ.વિ.
સાંજ	સાંજે	ઉતાવળ	ઉતાવળે
સવાર	સવારે	રીત	રીતસર
કાલ	કાલે	દિન	પ્રતિદિન
વખત	વખતસર	ક્ષણ	તત્ક્ષણ
ક્રમ	ક્રમવાર	જીવન	જીવનભર
હોંસ	હોંસભેર	રસ	રસભેર

(ख)વિશેષણ ઉપરથી	સાધિત ક્રિ.વિ.	વિશેષણ ઉપરથી	સાધિત ક્રિ.વિ.
એક	એકત્ર	અનેક	અનેકધા
સર્વ	સર્વત્ર	વિશેષ	વિશેષતઃ
અન્ય	અન્યથા	એવું	એવામાં
બહુ	બહુધા	તેવું	તેવામાં
જરા	જરામાં	એટલું	એટલામાં
તેટલું	તેટલામાં		

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ગ)સર્વનામ પરથી	સાધિત ક્રિ.વિ.	સર્વનામ પરથી	સાધિત ક્રિ.વિ.
આ	આમ	જે	જેમ
એ	એમ	કોણ	કેમ
તે	તેમ		

પ્રકરણ ૧૦

અવ્યયના પ્રકાર

નામયોગી અવ્યય

નામયોગી અવ્યય એક નામ કે સર્વનામની પાછળ આવી બીજા નામ સાથેનો સંબંધ વિભક્તિના જુદા જુદા અર્થમાં બતાવે છે. આ વસ્તુ નીચેના દાખલાઓ પરથી સ્પષ્ટ થશે.

નામયોગી અવ્યય	વિભક્તિનો અર્થ
(૧) તમે સાંજ **લગી** રહેજો.	બીજી વિભક્તિનો અર્થ, કાળની મર્યાદા સૂચવે
અમે મુંબઈ **સુધી** મુસાફરી કરી. [લગણ, પર્યંત, લગી, સુધી]	બીજી વિભક્તિનો અર્થ, સ્થળની મર્યાદા સૂચવે.
(૨) આ કામ નોકર **દ્વારા** કરાવજો. [દ્વારા, વડે, મારફત, લીધે, કરીને]	ત્રીજી વિભક્તિ, સાધનનો અર્થ
રામની **સાથે** કાલે જરૂર જજો. [સાથે, સુધ્ધાં]	ત્રીજી વિભક્તિ, સાથે હોવાનો અર્થ
(૩) ચૂનીને **માટે** રમકડું લાવજો. [કાજે, ખાતર, વાસ્તે, અર્થે, માટે, સારુ]	ચોથી વિભક્તિ, હેતુનો અર્થ
(૪) આંબા **ઉપરથી** એક મોટી કેરી પડી. [થકી, ઉપરથી, અંદરથી વગેરે]	પાંચમી વિભક્તિ, અપાદાનનો અર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) ઝાડની **નીચે** અમે આરામ કર્યો. સાતમી વિભક્તિ, અધિકરણ કે સ્થળના અર્થમાં

[અંદર, બહાર, નીચે, ઉપર, આસપાસ, વિશે, અગાઉ, પછાડી, આગળ, પાછળ, કને, માંહે, વચ્ચે, સમીપ, પૂંઠે, વાંસે વગેરે]

વિભક્તિના અર્થ ઉપરાંત અન્ય અર્થ સૂચવવા

(૧) પાણી **વિના** ખેતી ન થાય. અભાવનો અર્થ

[વિના, વગર, સિવાય, વિણ, વણ]

(૨) તે ગાંડાની **જેમ** બકે છે. રીત તથા સાદૃશ્યના અર્થમાં

[પેઠે, જેમ, માફક, તરીકે]

(૩) વિંધ્યાચળ **કરતાં** હિમાલય ઊંચો છે. તુલનાના અર્થમાં

નામયોગી સાથેના નામની વિભક્તિ

જે નામ સાથે નામયોગી વપરાયું હોય તે નામને ઘણુંખરું છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય લાગેલો હોય છે; કેટલીક વાર એ પ્રત્યય ગમ્યમાન એટલે સમજી લેવાનો હોય છે. જેમ કે, ઝાડની ઉપર અથવા ઝાડ ઉપર; ગામની ભણી અથવા ગામ ભણી; ઘરને વિશે અથવા ઘર વિશે; રામના કરતાં અથવા રામ કરતાં.

નોંધ (૧) કરીને = દ્વારા, વડે. 'કરીને' એ નામયોગી જે નામ સાથે વપરાયું હોય તેને છઠ્ઠીનો પ્રત્યય લાગતો નથી, પરંતુ ત્રીજીનો પ્રત્યય લાગે છે. દા. ત. **છરીએ** કરીને આ ફળ કાપો.

(૨) કેટલીક વાર નામયોગી નામની આગળ વપરાય છે, ત્યારે નામને ત્રીજી વિભક્તિનો જ પ્રત્યય લાગે છે. દાખલા: વિના **વાંકે** તેને ઠપકો ન આપશો. વગર **મહેનતે** કેવી રીતે સફળ થશો? વણ **આવડતે** તે હારી ગયો.

નામયોગી અને ક્રિયાવિશેષણ

નામયોગી જ્યારે નામને લાગ્યા વિના એકલું જ વપરાય છે ત્યારે તે ક્રિયાવિશેષણનું કામ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસ

(૧) ઓરડાની **અંદર** આવો. — નામયોગી
અંદર આવો. — ક્રિયાવિશેષણ
(૨) ઝાડની **પાસે** જાઓ. — નામયોગી
પાસે જાઓ. — ક્રિયાવિશેષણ
(૩) ઝાડની ઉપર ચઢો. — નામયોગી
ઉપર ચઢો. — ક્રિયાવિશેષણ

મનોયત્ન ૩૦

નામયોગી પદ શોધો અને તે કઈ વિભક્તિનો અર્થ સૂચવે છે તે કહો :

૧ તેઓ બંને જીવન સુધી મિત્રો રહ્યા.
૨ રમેશે તેના ચપ્પુ વતી દોરડી કાપી.
૩ તમે ગામમાં કેટલા દિવસ લગી રહેશો?
૪ હું મારા નોકર મારફત ચિઠ્ઠી મોકલીશ.
૫ મારા પાડોશી કુટુંબ સાથે યાત્રાએ ગયા છે.
૬ મારે વાસ્તે તમે મુંબઈથી શું લાવશો?
૭ તે પોતાના ગામ થકી દૂર ચાલ્યો ગયો.
૮ દેશ કાજે દરેકે આત્મત્યાગ કરવા તૈયાર રહેવું જોઈએ.
૯ બાળકો મેળાની અંદર આનંદે ફરતાં હતાં.
૧૦ આ બે વાડાની વચ્ચે આંબાનું વૃક્ષ છે.

મનોયત્ન ૩૧

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં પદોમાં ક્યાં નામયોગી અને ક્યાં ક્રિયાવિશેષણ છે તે કહો :

૧ માળ પરથી ઊતરીને હું **નીચે** આવ્યો.
૨ ઝાડની **નીચે** ગાયોનું ટોળું ઊભું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ **બહાર** કોણ ઊભું છે તે મને કહો.
૪ અમારા ગામની **બહાર** એક મેદાન છે.
૫ અમે ટેકરી ઉપર ચઢીને **આસપાસ** જોયું.
૬ આ મકાનની **આસપાસ** બગીચો છે.
૭ તે બે ભાઈઓની **વચ્ચે** તકરાર પડી.
૮ તમે આમ ખસીને **વચ્ચે** ઊભા રહો.
૯ કૂતરો બિલાડીની **પૂઠે** દોડ્યો.
૧૦ તમે પૂઠે શું જુઓ છો?

(૨) ઉભયાન્વયી અવ્યય

તમે શીખી ગયા છો કે ઉભયાન્વયી અવ્યય બે પદોને, શબ્દસમૂહોને કે વાક્યોને જોડે છે.

૧ **રામ અને ભરત** ભેટી પડ્યા. [બે પદો]
૨ **આજે સાંજે કે કાલે સવારે** તમે આવજો. [બે શબ્દસમૂહો]
૩ **તેને જવા દો પણ તમે અહીં બેસો.** [બે વાક્યો]

સમાન કક્ષાનાં પદો કે વાક્યોને જોડનારાં

આ અવ્યયો જુદા જુદા અર્થમાં આવે છે તે નીચે બતાવ્યું છે.

૧ અમે બાગમાં બેઠા **અને** બાળકો રમવા લાગ્યાં. (સમુચ્ચયવાચક)
૨ તમે ત્યાં ગયા **પણ** અમે ગયા નહિ. (વિરોધવાચક)
૩ શાંત બેસો **અથવા** ઘેર જાઓ. (વિકલ્પવાચક)
૪ તેણે મહેનત કરી **તેથી** સફળ થયો. (અનુમાનવાચક)
૫ અહિંસક **અર્થાત્** જેમાં હિંસા ન હોય એવું વર્તન રાખો. (પર્યાયવાચક)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસ

સમુચ્ચયવાચક—સમૂહ કે સમુચ્ચયનો અર્થ બતાવવા આ અવ્યયો વપરાય છે. અને, ને, તથા.

વિરોધવાચક—બે હકીકતોની વચ્ચે વિરોધ હોય તો તે દર્શાવવા આ અવ્યયો વપરાય છે. પણ, પરંતુ, કિંતુ, તથાપિ, છતાં.

વિકલ્પવાચક—બે હકીકતોની વચ્ચે પસંદગી કરવી હોય ત્યાં આ અવ્યયો વપરાય છે. કે, અથવા, વા, યા, કિંવા, અગર, નહિ તો, નહિતર, નીકર.

અનુમાનવાચક — એક હકીકતમાંથી બીજી હકીકત અનુમાન રૂપે નીકળે એમ બતાવવા આ અવ્યયો વપરાય છે. તેથી, એટલે, એથી, આથી, માટે, તેથી કરીને.

પર્યાયવાચક—દુર્બોધ કે કઠિન શબ્દનો બીજો શબ્દ કે પર્યાય સૂચવવા આ અવ્યયો વપરાય છે. અર્થાત્, એટલે કે.

આ બધાં ઉપરનાં અવ્યયો સમાન કક્ષાનાં પદો કે શબ્દસમૂહો કે વાક્યોને જોડે છે.

૧ **હરિ અને રમેશ** ક્યાં બેઠા છે? [સમાન કક્ષાનાં બે પદો]

૨ **ઘરની અંદર કે ઘરની બહાર** માણસો ઊભા છે?
[સમાન કક્ષાના શબ્દસમૂહો]

૩ **ગાર્ડે સિસોટી મારી અને ગાડી ઊપડી.**
[સમાન કક્ષાનાં વાક્યો]

૪ મેં તેને કહ્યું, "**તું જા પણ બાબુને મોકલ.**"
[સમાન કક્ષાનાં ઉપવાક્યો]

મુખ્યવાક્ય અને ઉપવાક્યોને જોડનારાં

(i) મુખ્યવાક્યને નામવાક્ય સાથે જોડનાર

૧ સેનાપતિએ સૈનિકોને કહ્યું કે કૂચ શરૂ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ii) મુખ્યવાક્યને ક્રિયાવિશેષણવાક્ય સાથે જોડનાર

૧ **જ્યારે** હું બાગમાં ગયો **ત્યારે** ત્યાં કોઈ નહોતું. (કાળવાચક)
૨ **જ્યાં** ખેલ પૂરો થયો કે લોકો વિખરાઈ ગયા. (,, ,,)
૩ **જો** તમે ઉતાવળ કરશો **તો** કામ બગડી જશે. (શરતવાચક)
૪ **જ્યાં** **પહેલાં** મેદાન હતું **ત્યાં** આજે બાગ છે. (સ્થળવાચક)
૫ **જોકે** તે શ્રીમંત છે **તોપણ** કંજૂસ છે. (વિરોધવાચક)
૬ **જેમ** મારી સાથે વર્ત્યા **તેમ** તેની સાથે વર્તજો. (રીતવાચક)
૭ તે ઘરે પાછો આવ્યો **કારણ** કે તે ગાડી ચૂકી ગયો. (કારણવાચક)
૮ ધન સંગ્રહો **કે** ઘડપણમાં કામ લાગે. (હેતુવાચક)
૯ પવન **એટલો** બધો ફૂંકાયો **કે** બારી બંધ કરવી પડી. (પરિણામવાચક)

(૩) ઉદ્‌ગારવાચક અવ્યય

૧ અહો ! કેવું સુંદર દૃશ્ય.

'અહો' એ પદ અહીં આશ્ચર્યની લાગણી બતાવવા કાઢેલો ઉદ્‌ગાર છે. એ પદ વાક્યમાં હોવા છતાં એને વાક્યનાં બીજાં પદો સાથે વ્યાકરણની દૃષ્ટિએ કશો સંબંધ નથી. એ પદનો કેવળ અર્થની દૃષ્ટિએ પ્રયોગ કરવામાં આવે છે. આથી એને **કેવળપ્રયોગી** અવ્યય પણ કહે છે.

આ પદ જુદી જુદી લાગણીનો ઉદ્‌ગાર દર્શાવવા વપરાય છે.

૧ **અહો !** કેવું સુંદર દૃશ્ય. (આશ્ચર્યવાચક)
[ઓ ! અધધ ! અહાહા ! ખરે ! બાપરે !]
૨ **હો, હો !** આપણે જીત્યા ખરા. (હર્ષવાચક)
૩ **અરેરે !** બિચારું પંખી. (શોકવાચક)
[ઓરે ! અરે ! ઊં ! ઓયરે ! હાય ! હાયરે ! હરે રામ !]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ **ધિક!** તારા જીવતર પર. (ધિક્કારવાચક)
[છી! થૂથૂ! છટ! હટ! ફિટ ફિટ!]

૫ **જી,** આ હું આવ્યો! (વિનયવાચક)
[જી! જી સાહેબ! હા જી! જી હા!]

૬ **ચૂપ!** હવે જબાન બંધ કર. (મનાઈવાચક)
[ચપ! ચૂપ! બસ! ખામોશ!]

૭ **શાબાશ!** તેં કમાલ કરી. (પ્રશંસાવાચક)
[વાહ! વાહવાહ! ધન્ય! ઠીક! સરસ!]

૮ **જય જય!** કુશળ તો છો ને! (કલ્યાણવાચક)
[કલ્યાણ! સ્વસ્તિ! ખમા!]

૯ **એય!** રસ્તામાંથી આઘો ખસ. (સંબોધનવાચક)
[અલ્યા! અલી! એય! ઓ! અરે ઓ!]

પ્રકરણ ૧૧

શબ્દ : જુદાં જુદાં પદ તરીકે

૧. રજનીકાંત **મોડી** રાતે ઘેર આવ્યો.

૨. ગાડી **મોડી** ઊપડી.

બંને વાક્યોમાં 'મોડી' શબ્દનું રૂપ એક જ છે, પણ કાર્ય જુદું જુદું છે. પહેલા વાક્યમાં 'મોડી' એ વિશેષણ છે, બીજા વાક્યમાં 'મોડી' એ પદ ક્રિયાવિશેષણ છે.

આમ પદોની ઓળખ તેમના રૂપ પરથી નહિ, પણ વાક્યમાં તે શું કામ કરે છે તેની ઉપર આધાર રાખે છે.

નીચે જુદા જુદા દાખલાઓ દ્વારા એક જ શબ્દ જુદાં જુદાં પદ તરીકે આવે છે તે બતાવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસ

૧ શિયાળા **પછી** ઉનાળો આવે છે. (નામયોગી)
૨ ઘર બળી ગયું, **પછી** બંબો આવ્યો. (ઉભયાન્વયી)
૩ તમે મને **પછી** મળજો. (ક્રિયાવિશેષણ)

૧ તેણે દેશસેવાનું **પણ** લીધું. (નામ)
૨ તમે જાઓ **પણ** બાબુને મોકલજો. (ઉભયાન્વયી)
૩ નેતાને **પણ** પ્રજા આગળ નમવું પડે છે. (ક્રિયાવિશેષણ)

૧ અમે **ગોળ** પૈડાને ગબડાવ્યા કર્યું. (વિશેષણ)
૨ ખેલાડીઓ મેદાનમાં **ગોળ** દોડ્યા. (ક્રિયાવિશેષણ)

૧ તમે હંમેશાં **સાચું** બોલજો. (નામ)
૨ **સાચું** કામ કરતાં ડરવું ન જોઈએ. (વિશેષણ)

૧ અમે **દોડતો** ઘોડો જોયો. (કૃદંત)
૨ હરિ સામા મહોલ્લામાં **દોડતો** હતો. (ક્રિયાપદ)
૩ રામ મેદાનમાં **દોડતો** ગયો. (ક્રિયાવિશેષણ)

૧ તમે એમાંથી **કયું** પસંદ કરશો ? (સર્વનામ)
૨ તમને **કયું** ફૂલ ગમે છે ? (વિશેષણ)

૧ તું આ કામ **કર**. (ક્રિયાપદ)
૨ પ્રજાએ **કર** આપવો જોઈએ. (નામ)

૧ રામ **શું** કહેશે ? (સર્વનામ)
૨ **શું**, તમે પણ ઘેર જશો ? (અવ્યય)
૩ તેણે મોડા થવાનું **શું** કારણ આપ્યું ? (વિશેષણ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૨

પ્રયોગ

તમે ક્રિયાપદના કર્તરિ, કર્મણિ અને ભાવે એમ ત્રણે પ્રયોગ વિશે સામાન્ય રીતે શીખી ગયા છો. આ પ્રયોગો વિશે અહીં કંઈક વિશેષ શીખીશું.

૧. કર્તરિ પ્રયોગ

ક્રિયાપદનું રૂપ જ્યારે કર્તાનાં જાતિ, વચન અને પુરુષ પ્રમાણે બને છે, ત્યારે ક્રિયાપદ કર્તરિ પ્રયોગમાં હોય છે. અકર્મક તેમ જ સકર્મક એ બંને પ્રકારનાં ક્રિયાપદો કર્તરિ પ્રયોગનાં હોય છે.

અકર્મક ક્રિયાપદના દાખલા

૧ આકાશમાં **તારાઓ ચળકતા હતા.**
૨ શિકારીના બાણથી **હરણ** જમીન ઉપર **ઢળી પડ્યું.**
૩ **અમે** શિખરો જોતાં જોતાં આગળ **વધ્યા.**
૪ ઝાડ પરથી **ફળ તૂટી પડ્યું.**
૫ **ચંદ્રમા** ક્ષિતિજે **હતો.**

સકર્મક ક્રિયાપદના દાખલા

૧ **હું** રોજ પાઠ **વાંચું છું.**
૨ **સુથાર** લાકડું **વહેરતો હતો.**
૩ **સવિતા** રાત્રે તારાઓ **જોતી હતી.**
૪ **અમે** ફળ **ખાઈએ છીએ.**
૫ **છોકરાંઓ** કેરી **ખાતાં હતાં.**

ઉપરનાં બધાં વાક્યોમાં આવેલાં ક્રિયાપદોએ પોતપોતાના કર્તા પ્રમાણે રૂપ લીધાં છે. જ્યાં ક્રિયાપદ સકર્મક છે ત્યાં પણ કર્મ પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયાપદનાં રૂપ થયાં નથી. આ ઉપરથી સમજાશે કે અકર્મક તેમ જ સકર્મક બંને પ્રકારનાં ક્રિયાપદો કર્તરિ પ્રયોગમાં વાપરી શકાય છે.

કેટલાંક ખાસ ક્રિયાપદોનો કર્તરિ પ્રયોગ

ગમવું - રુચવું

૧ મને આ કામ **રુચતું નથી.**

૨ રમેશને આ વાત **ગમતી નથી.**

આ બંને ક્રિયાપદો અકર્મક છે એટલે એનો કર્મણિ પ્રયોગ હોઈ શકે નહિ. **કામ** પોતે જ 'રુચતું નથી' એ ક્રિયાપદના કર્તાને સ્થાને છે. તેવી જ રીતે '**વાત**' પોતે જ 'ગમતી નથી' એ ક્રિયાપદનો કર્તા છે. આથી આ પ્રકારનાં ક્રિયાપદો કર્તરિ પ્રયોગનાં હોય છે.

૨. કર્મણિ પ્રયોગ

ક્રિયાપદનું રૂપ જ્યારે કર્મનાં જાતિવચન પ્રમાણે બને છે, ત્યારે ક્રિયાપદ કર્મણિ પ્રયોગમાં હોય છે. સકર્મક ક્રિયાપદનો જ કર્મણિ પ્રયોગ હોઈ શકે તે ધ્યાનમાં રાખવું.

૧ મેં યાત્રાનાં સ્થળોમાં એક સુંદર **દૃશ્ય જોયું.**

૨ લશ્કરે ઝડપભેર **કૂચ કરી.**

૩ રમણે આખી રાત **વાર્તા વાંચી.**

ઉપરનાં વાક્યોમાં ક્રિયાપદોએ પોતપોતાનાં કર્મ સાથે સંબંધ રાખી તેનાં જાતિવચન પ્રમાણે પોતાનું રૂપ લીધું છે. આથી એ બધાં કર્મણિ પ્રયોગમાં છે.

શક્યાર્થ બતાવનારી સકર્મક ક્રિયાપદની રચનામાં

ક્રિયાપદનો પ્રયોગ

૧ મારાથી આજે સવારે પત્ર લખાયો નહિ.

૨ રમણથી આ કામ થશે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'લખાયો નહિ' એટલે લખી શકાયો નહિ. 'થશે નહિ' એટલે કરાશે નહિ એવા અર્થમાં **થશે** ક્રિયાપદ વપરાયું છે. આ પ્રકારની રચનામાં મૂળ કર્મ ઉદ્દેશ્યને સ્થાને આવે છે અને કર્તાને પાંચમી વિભક્તિનો 'થી' પ્રત્યય લાગે છે. આ રચનામાં ક્રિયાપદ શક્યતાનો અર્થ બતાવે છે, અને તે કર્મ પ્રમાણે પોતાનું રૂપ લે છે. તેથી ક્રિયાપદ આવા પ્રકારની રચનામાં કર્મણિ પ્રયોગમાં હોય છે.

૩. ભાવે પ્રયોગ

ક્રિયાપદ જ્યારે ક્રિયાપદના ભાવ સાથે સંબંધ રાખી પોતાનું રૂપ લે છે ત્યારે તેનો પ્રયોગ ભાવે પ્રયોગ ગણાય છે. ક્રિયાપદનો ભાવ નાન્યતરજાતિ એકવચનનું નામ હોય છે, તેથી ક્રિયાપદ પણ આ પ્રયોગમાં નાન્યતરજાતિ એકવચનમાં હોય છે.

૧ છોકરાને પેટમાં ખૂબ દુખ્યું. (દુખવાનું)
૨ રમણને શહેરમાં ગમ્યું નહિ. (ગમવાનું)
૩ તેણે હોંસભેર વાંચ્યું. (વાંચવાનું)

'દુખ્યું' એ ક્રિયાપદનું રૂપ 'છોકરાને' એ નરજાતિના નામ સાથે સંબંધ રાખતું નથી, એટલે એ કર્તરિ પ્રયોગમાં નથી. વળી વાક્યમાં કર્મ નથી એટલે એ કર્મણિપ્રયોગમાં પણ હોઈ શકે નહિ. ત્યારે એ ક્રિયાપદનું રૂપ કોની સાથે સંબંધ રાખે છે? શું દુખ્યું? દુખવાનું દુખ્યું એમ બોલીએ તો વાક્યનો અર્થ સ્પષ્ટ થાય છે. 'દુખ્યું' ક્રિયાપદ દુખવાનું એ નામ સાથે સંબંધ ધરાવીને તેનાં જાતિવચન તથા પુરુષ પ્રમાણે રૂપ લે છે. 'દુખવાનું' એ દુખે છે ક્રિયાપદના ભાવનું નામ છે.

એવી જ રીતે 'ગમ્યું' એ ક્રિયાપદ તેના ભાવના નામ 'ગમવાનું' સાથે સંબંધ રાખે છે, અને 'વાંચ્યું' એ 'વાંચવાનું' સાથે સંબંધ ધરાવે છે. તેથી એ ક્રિયાપદો ભાવે પ્રયોગોનાં કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકર્મક ક્રિયાપદનો ભાવે પ્રયોગ

૧ સુધાથી **જવાયું** નહિ. (જવાનું)
૨ તેનાથી મોટેથી **હસી પડાયું.** (હસવાનું)
૩ માથામાં તેને ખૂબ **દુખે** છે. (દુખવાનું)
૧ મારાથી વખતસર **વંચાયું** નહિ. (વાંચવાનું)
૨ તેનાથી બરાબર **ખવાયું** નહિ. (ખાવાનું)
૩ તેના ભાઈથી **લખાતું** નથી. (લખવાનું)

વંચાયું નહિ એટલે વાંચી શકાયું નહિ. આમ આ બધાં ક્રિયાપદોમાં શક્યાર્થ રહેલો છે. આવી રીતે સકર્મક ક્રિયાપદ પણ અકર્મક તરીકે વપરાઈને કરણરચનામાં આવી શક્યાર્થ બતાવે ત્યારે એ ક્રિયાપદ ભાવે પ્રયોગમાં હોય છે.

સકર્મક ક્રિયાપદનો ભાવે પ્રયોગ (કરણરચનામાં)

૧ રમેશથી કૂતરાને **મરાઈ** ગયું. (મારવાનું)
૨ તેનાથી ન **કહેવાનું** કહેવાઈ ગયું. (કહેવાનું એ ભાવ ઉદ્દેશ્ય તરીકે છે)

અહીં સકર્મક ક્રિયાપદ કરણરચનામાં છે અને ક્રિયાપદ પોતાનો ભાવ જે ઉદ્દેશ્ય તરીકે વાક્યમાં આખ્યાત હોય કે અનાખ્યાત હોય તેની સાથે સંબંધ રાખીને તેનું રૂપ લે છે, તેથી એ ભાવે પ્રયોગમાં છે. બીજું કોઈ કર્મ ઉદ્દેશ્ય તરીકે ન હોવાથી તેની સાથે ક્રિયાપદ સંબંધ ધરાવતું નથી. એટલે ક્રિયાપદ કર્મણિપ્રયોગમાં ગણી શકાય નહિ.

નોંધ — મગનથી છાની **વાત કહેવાઈ ગઈ.**

અહીં સકર્મક ક્રિયાપદ કરણરચનામાં હોવા છતાં, વાત એ કર્મને ઉદ્દેશીને ક્રિયાપદ પોતાનું રૂપ લે છે. તેથી અહીં ક્રિયાપદનો પ્રયોગ કર્મણિપ્રયોગ છે. એ તફાવત ધ્યાનમાં રાખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધિત ધાતુનો પ્રયોગ

જેમ મૂળ ધાતુનાં ક્રિયાપદો જુદા જુદા પ્રયોગનાં હોય છે તેવી રીતે સાધિત ધાતુનાં ક્રિયાપદો પણ જુદા જુદા પ્રયોગમાં વપરાય છે.

અભ્યાસ

કર્તરિપ્રયોગ

મૂળ ધાતુ	સાધિત ધાતુ
૧ સુધા પાઠ **વાંચતી હતી.**	સુધા પાઠ **વંચાવતી હતી.**
૨ **મહેશ દોડતો હતો.**	**મહેશ** ગાયને **દોડાવતો હતો.**

કર્મણિ પ્રયોગ

મૂળ ધાતુ	સાધિત ધાતુ
૧ હર્ષદે **ગીત ગાયું.**	હર્ષદે **ગીત ગવાડ્યું – ગવરાવ્યું.**
૨ રમેશે **મીઠાઈ ખાધી.**	રમેશે **મીઠાઈ ખવરાવી.**

ભાવે પ્રયોગ

મૂળ ધાતુ	સાધિત ધાતુ
૧ મેં સભામાં **ગાયું.** (ગાવાનું)	મેં સભામાં **ગવરાવ્યું.** (ગવરાવવાનું)
૨ મારાથી વંચાયું નહિ. (વાંચવાનું)	મારાથી **વંચાવરાવાવ્યું** નહિ .(વંચાવવાનું)
૩ તેનાથી ચલાયું નહિ. (ચાલવાનું)	તેનાથી બાળકને ચલાવાયું નહિ.

આમ સાધિત ધાતુનાં ક્રિયાપદો પણ ત્રણે પ્રયોગોમાં વપરાય છે તે જોઈ શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૩

પૃથક્કરણ : મિશ્રવાક્ય, સંયુક્તવાક્ય

૧ **વિદાય લેતાં જે અશ્રુઓ શકુંતલાની આંખમાં ઊભરાયાં** તે નીરખતાં ઋષિને વાર ન લાગી.

૨ **જ્યારે રાત્રિનું અંધારું વધે છે અને જ્યારે આકાશમાંથી કુતૂહલ નેત્રે તારાઓ ધરતી પર મીટ માંડે છે,** ત્યારે માનવ હૃદય આશ્ચર્યથી તેમને નિહાળી રહે છે.

પહેલા વાક્યમાં એક મુખ્ય વાક્ય અને એક ઉપવાક્ય છે.

બીજામાં એક મુખ્ય વાક્ય અને બે ઉપવાક્યો છે. એ બંને મિશ્રવાક્યો છે.

જે વાક્યમાં માત્ર એક જ મુખ્ય વાક્ય હોય અને એક કે એકથી વધુ ઉપવાક્યો હોય તે મિશ્રવાક્ય કહેવાય છે.

નામ વાક્ય :

૧ **સત્યનો સદા જય થાય છે એ** સાચું છે.
[‘ છે ’ ના ઉદ્દેશ્ય તરીકે]

૨ મારી ફરિયાદ છે કે **તમે મહેનત કરતા નથી.**
[‘ છે ’ ના ક્રિયાપૂરક તરીકે]

૩ **આપણા ઉત્સવો પવિત્ર છે એ** ભાવના ભૂલવી નહિ.
[‘ ભાવના ’ ના સમાનાધિકરણમાં]

૪ **ધીરજનાં ફળ મીઠાં એ** જાણવું સૌને જરૂરી છે.
[‘ જાણવું ’નું કર્મ]

૫ **ઢગલાબંધ શબ્દોની સહાનુભૂતિનું મૂલ્ય છે** એના કરતાં નાની સરખી મદદનું મૂલ્ય વધારે છે. [‘એ’ના સમાનાધિકરણમાં]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષણ વાક્ય :

(૧) **જે ફૂલોમાં સુગંધ અને સૌંદર્ય છે** તે કોને પ્રિય નથી ?

(૨) **જેનું હૃદય શુદ્ધ**, તેનું જીવન શુદ્ધ.

(૩) **જ્યાં એક સમયે તળાવ હતું** તે જગ્યા પર આજે બાગ છે.

ક્રિયાવિશેષણ વાક્ય :

(૧) **જ્યારે બીજનો ચંદ્ર ઊગે છે** ત્યારે કેટલી આતુર આંખો ક્ષિતિજે જાય છે ? [કાળવાચક]

(૨) **જ્યાં આગબોટ ઊપડી** કે મુસાફરોએ વિદાયનો રૂમાલ ફરકાવ્યો. [કાળવાચક]

(૩) કામ કરતાં શીખો કે **પરાવલંબી જીવન ગાળવું ન પડે.** [હેતુવાચક]

(૪) **જો કોઈ મહેમાન આવતો** તો તે તેમનું સ્વાગત કરતા. [શરતવાચક]

(૫) અમે વિસામો ખાવા નીચે બેઠા, **કારણ કે અમે થાકયા હતા.** [કારણવાચક]

(૬) તે એવા શૌર્યથી લડ્યો કે **શત્રુઓ પણ વાહ વાહ પોકારી ઊઠયા.** [પરિણામવાચક]

(૭) **જેમ કુમળું ઝાડ વાળીએ** તેમ તે વળે. [રીતવાચક]

(૮) **જોકે તેણે મારું બૂરું કર્યું હતું** તો પણ મેં તેને મદદ કરી. [વિરોધવાચક]

(૯) **જેટલું દોડી શકાય** તેટલું દોડજે. [માપવાચક]

અભ્યાસ

૧ હું જગતને કહીશ કે જ્યારે બધાં રાજ્યો સંધિ કરવાને તૈયાર હતાં, ત્યારે એક મંત્રીએ તેમ થવા ન દીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
पुस्तकालय गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ મારા મનમાં દરેક ક્ષણે વિચાર આવતો કે જો ભોગજોગે મોટરો અહીં ખોટકી પડી તો આપણું શું થાય ?

૩ જોકે યાત્રામાં જે લાભ દેવદર્શનથી થાય તે એક કોરે મૂકીએ, તોપણ તેથી મન પર સારી અસર થાય છે.

ઉપરનાં વાક્યોનું, મુખ્યવાક્ય અને ઉપવાક્યની દૃષ્ટિએ પૃથક્કરણ કર્યું છે તે જુઓ.

(૧) (i) હું જગતને કહીશ — મુખ્યવાક્ય.

(ii) કે ત્યારે એક મંત્રીએ તેમ ન થવા દીધું — નામ વાક્ય, ‘ કહીશું ’નું કર્મ

(iii) જ્યારે બધાં રાજ્યો સંધિ કરવાને તૈયાર હતાં — ક્રિ. વિ. વાક્ય, કાળવાચક ‘ થવા દીધું ’નું ક્રિયાવર્ધક.

(૨) (i) મારા મનમાં ક્ષણે ક્ષણે વિચાર આવતો — મુખ્યવાક્ય.

(ii) કે તો આપણું શું થાય — નામવાક્ય, ‘ વિચાર ’ના સમાનાધિકરણમાં

(iii) જો મોટરો અહીં ખોટકી પડે — ક્રિ. વિ. વાક્ય, શરતવાચક, ‘ થાય ’ નું ક્રિયાવર્ધક.

(૩) (i) તોપણ તેથી મન પર સારી અસર થાય છે — મુખ્યવાક્ય.

(ii) જોકે તે એક કોરે મૂકીએ — ક્રિ. વિ. વાક્ય વિરોધવાચક, ‘ થાય છે ’ નું ક્રિયાવર્ધક.

(iii) યાત્રામાં જે લાભ દેવદર્શનથી થાય — વિશેષણવાક્ય, ‘ તે ’નું ઉદ્દેશ્યવર્ધક.

મનોયત્ન ૩૨

નીચેનાં વાક્યોનું મુખ્યવાક્ય અને ઉપવાક્યની દૃષ્ટિએ પૃથક્કરણ કરો :

(૧) જયદેવ આમ છેક નમતું આપશે એવો તેને ખ્યાલ સરખો પણ આવ્યો નહોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) તે બોલ્યો, "હું તારો ઉપકાર કેમ ભૂલું કારણ કે તારે લીધે તો આ સિંહાસન સ્થિર બન્યું છે."

(૩) જો આપણને સુબુદ્ધિ નહીં આવી હોત, જો આપણે કાયર થયા હોત, તો આજે આપણા દેશનું નામનિશાને ન હોત.

(૪) માણસ સવારે ઊઠીને રસ્તા ઉપર દાતણ કરે અને જોશભેર અવાજ કરીને ગળું સાફ કરે એ રિવાજ અસામાજિક છે.

(૫) મેં પત્રમાં લખ્યું કે મારી તને સલાહ છે કે નઠારાનું તું કદીયે અનુકરણ કરીશ નહિ.

(૬) જેમ નદી પહાડમાંથી નીકળતી વખતે નાની હોય છે તથા બહાર પડ્યા પછી થોડેક સુધી તે ફૂલોમાં તથા કાંકરામાં રમતી રમતી જાય છે, તેમ માણસ બાલ્યાવસ્થામાં હોય છે.

(૭) જ્યાં ઈશ્વરે વિશાળ હાથે પોતાની ઉદારતા વાપરેલી છે, જ્યાંની ભૂમિ પવિત્ર તથા દેવતાઈ જણાય છે, ત્યાં કોઈ પણ દુષ્ટ કામ કરતાં માણસને કુદરતી રીતે ત્રાસ લાગે છે.

(૮) રીતભાતમાં પણ એવો નિયમ છે કે જે રીતભાતથી અંતરની સદ્વૃત્તિ સિદ્ધ થઈ શકતી હોય તે જ રીતભાત ઉત્તમ ગણાય છે.

(૯) બોલવામાં તમે સ્વાભાવિક રીતે જેવું બોલી શકતા હો તેના કરતાં વધારે ચીપીને બોલવું નહિ.

(૧૦) જેમ દેવો મરતા નથી, અપ્સરાઓનું લાવણ્ય મ્લાન થતું નથી તેમ તારાઓની તાજગી વાસી થતી નથી.

(૧૧) જ્યારે કોઈ મોટું તોફાન આવે અને અનેક વહાણોને તે ડુબાડી પસાર થઈ જાય, ત્યારે દરિયામાં જે શાંતિ ફેલાય તેવી શાંતિ ઘરમાં ફેલાઈ રહી.

(૧૨) જો આઈના દેખતાં લોંચમાંથી પાણીમાં ઊછળી પડીશું, તો આઈની શી દશા થશે એ વિચાર એટલો તો અસહ્ય થઈ ગયો કે મારો શ્વાસ રૂંધાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંયુક્ત વાક્ય

૧ **સૂર્ય અસ્ત થયો અને અમે ઘર તરફ વળ્યા.**

૨ જ્યારે મેં સાધુ સામું જોયું, **ત્યારે તેણે મારા ખભા ઉપર હાથ મૂક્યો અને મને ઉત્સાહ આપ્યો.**

૩ જ્યાં સલામતી છે, **ત્યાં પુરુષાર્થ નથી,** કળા **નથી, કાવ્ય નથી.**

૪ **સૌ રાષ્ટ્રધ્વજની નીચે ઊભા રહો અને,** જ્યાં સુધી હિંદનો પ્રત્યેક નાગરિક સુખી ન બને ત્યાં સુધી અમે જંપીશું નહિ, **એવી પ્રતિજ્ઞા લો.**

પહેલા વાક્યમાં બે સ્વતંત્ર વાક્ય છે. એમાં ઉપવાક્ય નથી.

બીજા વાક્યમાં બે મુખ્યવાક્યો અને એક ઉપવાક્ય છે.

ત્રીજામાં ત્રણ મુખ્યવાક્યો અને એક ઉપવાક્ય છે.

ચોથામાં બે મુખ્યવાક્યો અને બે ઉપવાક્ય છે.

આ ચારે સંયુક્ત વાક્યો છે.

જે વાક્યમાં ઉપવાક્ય વિના એકલાં બે કે બેથી વધારે સ્વતંત્ર વાક્યો આવે, અથવા ઉપવાક્ય કે ઉપવાક્યો સહિત બે કે બેથી વધારે મુખ્યવાક્યો આવે તે વાક્યને સંયુક્તવાક્ય કહેવામાં આવે છે.

ઉપરનાં વાક્યોનું પૃથક્કરણ કર્યું છે તેનો અભ્યાસ કરો.

અભ્યાસ

(૧) (i) સૂર્ય અસ્ત થયો — સ્વતંત્ર વાક્ય
(ii) અને અમે ઘર તરફ વળ્યા — સ્વતંત્ર વાક્ય

(૨) (i) ત્યારે તેણે મારા ખભા પર હાથ મૂક્યો — મુખ્યવાક્ય
(ii) અને મને ઉત્સાહ આપ્યો — મુખ્યવાક્ય
(iii) જ્યારે મેં સાધુ સામું જોયું — ક્રિ. વિ. કાળવાચક, 'મૂક્યો'નું ક્રિયાવર્ધક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) (i) ત્યાં પુરુષાર્થ નથી — મુખ્યવાક્ય
(ii) (ત્યાં) કળા નથી — મુખ્યવાક્ય
(iii) (ત્યાં) કાવ્ય નથી — મુખ્યવાક્ય
(iv) જ્યાં સલામતી છે — ક્રિ. વિ. વાક્ય, સ્થળવાચક, 'નથી'નું ક્રિયાવર્ધક

(૪) (i) સૌ રાષ્ટ્રધ્વજની નીચે ઊભા રહો — મુખ્યવાક્ય
(ii) અને એવી પ્રતિજ્ઞા લો — મુખ્યવાક્ય
(iii) જ્યાં સુધી હિંદનો પ્રત્યેક નાગરિક સુખી ન બને — ક્રિ. વિ. વાક્ય, કાળવાચક, 'જંપીશું નહિ'નું ક્રિયાવર્ધક
(iv) ત્યાં સુધી અમે જંપીશું નહિ — નામવાક્ય, 'પ્રતિજ્ઞા'ના સમાનાધિકરણમાં.

મનોયત્ન ૩૩

નીચેનાં વાક્યોનું મુખ્યવાક્ય અને ઉપવાક્યની દૃષ્ટિએ પૃથક્કરણ કરો :

૧ જેવા અમે સ્ટેશન પર પહોંચ્યા કે વરસાદે અમારું શુભ સ્વાગત કર્યું અને ત્યાં સ્નેહઘેલા ટોળાએ અમારો જયનાદ પોકાર્યો.

૨ દુર્ગારામની કીર્તિ હવે પૂર્ણકળાએ પહોંચી અને એ કોઈ વિલક્ષણ પુરુષ છે એવું ઘણા માણસોને લાગ્યું.

૩ જો આપણને દુઃખ હોય તો તે બીજાની ઉપર નાખવાનો આપણને હક નથી, અને એવે સમયે મંડળીમાં ન ભળવું એ જ વધારે સારું છે.

૪ જે માતા પોતાનાં બચ્ચાંને સારુ મરી જાણે છે તે ક્ષત્રિયાણી છે, જે પતિ પોતાની સ્ત્રીને સારુ જાત દે છે તે ક્ષત્રિય છે.

૫ જ્યારે માણસને નુકસાન વેઠવું પડે છે ત્યારે એ નિશ્ચય કરે છે કે પાપને રસ્તે નહિ જાઉં, પણ એનો એ નિશ્ચય ટકતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬ બીજી જ ક્ષણે પિતાશ્રી બેઠા થયા અને મને છાતી સરસો ચાંપી કહ્યું, "દત્તુ, બીશ મા. મને કંઈ થયું નથી."

૭ તમને હું ડરાવતો નથી, પણ ખરી વાત કહું છું કે હું થોડે દિવસે અવંતી જઈશ અને સમય આવ્યે મારી ઇચ્છા સિદ્ધ કરીશ.

૮ સાબરમતી માત્ર સૌંદર્યશોભન આરસી નથી, પણ જીવનની ધાત્રી છે; એ ખાલી રસની પ્રતિમા જ નથી પણ માંગલ્યની ભર્ત્રી છે.

૯ આસપાસનાં શેરડીનાં કારખાનાંના અસંખ્ય ગિરમીટિયાઓએ હડતાલ પાડી, અને જેમ નદીનો ખાલી કોરો પટ પૂર આવતાં બંને બાજુથી ભરાવા માંડે તેમ ખાલીખમ થયેલું પાંચદસ માણસની વસ્તીવાળું ફિનિક્સ સેંકડો ને હજારો લોકોથી ઊભરાવા લાગ્યું.

પ્રકરણ ૧૪

અલંકાર

૧ તેનું હૃદય કઠોર છે.

૨ તેનું હૃદય પથ્થર જેવું છે.

પહેલા વાક્યની હકીકત જ બીજા વાક્યમાં આલંકારિક ભાષા વાપરીને કહી છે. હૃદયને પથ્થર સાથે સરખાવી કઠોરતાનો ખ્યાલ સચોટતાથી આપ્યો છે. આમ બીજા વાક્યની કહેવાની રીત **અર્થની** દૃષ્ટિએ ચમત્કૃતિ ભરેલી છે.

૧ જલધિ જલ દલ ઉપર દામિની દમકતી.

આ પંક્તિમાં અર્થની દૃષ્ટિએ નહિ પણ શ્રુતિમાધુર્યની દૃષ્ટિએ ચમત્કૃતિ સાધેલી છે. 'જ' અને 'લ' અને 'દ' વર્ણોનું પુનરાવર્તન કરી પંક્તિ કર્ણમધુર બનાવી છે. એટલું જ નહિ પણ વીજળીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચમકારાનું દૃશ્ય પણ ખડું કર્યું છે. આમ અહીં **શબ્દની દૃષ્ટિએ** ચમત્કૃતિ સાધી છે.

આવી શબ્દના અર્થની કે શબ્દના વર્ણની ચોટભરેલી કે ચમત્કૃતિ ભરેલી રચના **અલંકાર** કહેવાય છે.

સોના ઝવેરાતના અલંકારો આપણા દેહની શોભા વધારે છે, તેમ ભાષાના અલંકારો કાવ્યના દેહની શોભામાં વૃદ્ધિ કરે છે.

અલંકારના પ્રકાર

અલંકારના બે પ્રકાર છે :

(૧) અર્થની દૃષ્ટિએ ચમત્કૃતિ સાધનાર અર્થાલંકાર

(૨) શબ્દના વર્ણની ચમત્કૃતિ સાધનાર શબ્દાલંકાર

અર્થાલંકાર

[૧] ઉપમા

૧ અનિલ શી ઝટ સાંઢણી ઊપડી.

૨ સમુદ્ર જેવું ઉર એ ઉદાર.

અહીં સાંઢણીને અનિલની સાથે સરખાવી છે. એ બંને વચ્ચેનો સમાન ધર્મ 'ઝડપ' છે. 'અનિલ'એ સરખામણીનું ધોરણ એટલે કે **ઉપમાન** છે. 'સાંઢણી' સરખાવવામાં આવેલો પદાર્થ એટલે કે **ઉપમેય** છે. 'શી' એ તુલનાસૂચક શબ્દ છે.

બીજા દાખલામાં, ઉરને સમુદ્ર સાથે સરખાવ્યું છે. એ બંને વચ્ચે ઉદારતાનો ગુણ સમાન છે.

ઉપમાન – સમુદ્ર, ઉપમેય – ઉર, સમાનધર્મ – ઉદારતા, ઉપમાસૂચક શબ્દ – જેવું.

આ રીતે ભિન્ન પ્રકારની બે વસ્તુઓને તેમની વચ્ચેના કોઈક સમાન ધર્મને લીધે સરખાવવામાં આવે ત્યારે **ઉપમા** અલંકાર બને છે.

૧ સમરાંગણમાં તે વીર સિંહની જેમ લડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં અલંકાર ઉપમા છે, પણ એમાં સમાન ધર્મનો ઉલ્લેખ નથી. એ સમજી લેવાનો છે.

આમ ઉપમામાં કેટલીક વાર સમાનધર્મ સૂચવનારો શબ્દ અધ્યાહાર હોય છે. પણ 'જેવું' 'માફક', 'શો', 'શી' વગેરે ઉપમાસૂચક શબ્દો તો હોય જ છે.

અભ્યાસ

૧ એનું હૈયું ફૂલ જેવું કોમળ છે.
૨ આ કપડાં બગલાની પાંખ જેવાં છે.
૩ ઊસ જેવું ખારું.
૪ એનો ટેક ધ્રુવ જેવો અચલ છે.
૫ જીવન પરપોટા જેવું છે.
૬ તે હરણ માફક ચંચળ છે.

[૨] રૂપક

૧ તેનું લીલી વાડી જેવું જીવન સુકાઈ ગયું. (ઉપમા)
૨ તેની જીવનની લીલી વાડી સુકાઈ ગઈ. (રૂપક)

બીજા વાક્યમાં જીવનને લીલી વાડી સાથે સરખાવી છે એટલું જ નહિ, પણ જીવન એ જ લીલી વાડી છે એમ કહ્યું છે. અહીં આ બે વસ્તુઓ વચ્ચે અભેદ કલ્પ્યો છે. બીજી રીતે કહીએ તો એક વસ્તુને બીજીનું રૂપ આપ્યું છે.

આ રીતે જ્યારે બે વસ્તુઓ વચ્ચે અભેદ કે એકરૂપતા કલ્પીને ઉપમેયને ઉપમાનનું રૂપ આપવામાં આવે ત્યારે **રૂપક** અલંકાર બને છે.

અભ્યાસ

૧ **પ્રભુના નામનાં** પુષ્પો પરોવી **કાવ્યમાલા** તું,
પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી પ્રીતે દેજે.
[પ્રભુનાં નામ રૂપી પુષ્પો; કાવ્ય રૂપી માલા]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ **ઝાકળનાં મોતીઓ** ઘાસ પર વિખેરાયાં હતાં.
[ઝાકળનાં બિંદુ રૂપી મોતીઓ]

૩ **રામધન** તો **ગોકળગાય** છે.
[રામધનને ગોકળગાય કહ્યો છે.]

૪ એની **વાણી** તો **અમૃત** છે.
[વાણી રૂપી અમૃત]

૫ મારા ભાઈના **અક્ષરો મોતીના** દાણા છે.

૬ તેઓની **જીભ** તો દાતરડું છે.

નોંધ–રૂપકમાં ઉપમાસૂચક શબ્દો હોતા નથી.

[૩] **ઉત્પ્રેક્ષા**

૧ વ્યોમમાં તારાઓ જાણે હીરાઓની જેમ ઝગમગતા હતા.

અહીં તારાઓ હીરા જેવા છે એવું નિશ્ચયસૂચક વિધાન નથી. અહીં ઉપમા નથી. વળી તારાઓ હીરા જ છે એમ રૂપકની માફક કહ્યું નથી.

ત્યારે અહીં શો અર્થ છે? તારાઓ જાણે હીરાઓ ન હોય એવો તર્ક કે સંભાવનાનો અર્થ છે.

ઉપમેય જાણે ઉપમાન હોય એવો તર્ક કે સંભાવના કરવામાં આવે ત્યારે તે **ઉત્પ્રેક્ષા** અલંકાર બને છે.

ઉત્પ્રેક્ષામાં જાણે, શકે, રખે, હશે, શું, માનું, જેવા સંભાવના-સૂચક શબ્દો વપરાય છે.

[ઉત્પ્રેક્ષા–ઉત્ = ઉત્કટ કે ઉપમાન, પ્ર = પ્રકૃષ્ટપણે, ઈક્ષા = જ્ઞાન. ઉપમાનનું 'શંકાથી પ્રેરાઈને' પ્રકૃષ્ટપણે જ્ઞાન જે અલંકારથી થાય તે ઉત્પ્રેક્ષા]

અભ્યાસ

૧ એનું ચારિત્ર્ય જાણે કુંદન જેવું છે.

૨ એનું મુખ જાણે ચંદ્ર જેવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ પિતાને લાગ્યું કે પુત્ર જાણે કુળમાં અંગારો પાક્યો.

૪ પ્રભાતિયાં ગાય સુભક્ત પ્રીતે.
જાણે રવિના ગુણ ગાય ગીતે.

[૪] અતિશયોક્તિ

૧ ધ્રૂજે ધ્રુવ ને મેરુ ડગિયો, ખળભળિયાં પાતાળ.

ધ્રુવતારો અને મેરુ પર્વત અચલ લેખાય છે. તે કદીયે ચલાયમાન થતા નથી એ પ્રસિદ્ધ છે. પણ અહીં કવિએ ધ્રુવને અને મેરુને તેના નૈસર્ગિક ગુણથી વિરુદ્ધ વર્તતા વર્ણવીને ઉત્પાત હદ બહારનો હતો, એવી અસર ઊભી કરી છે.

૨ ભીમે ગદા ઉગામી ત્યાં તો કેટલાયે ભૂમિ પર ઢળી પડ્યા.

ગદાનો માર પડ્યા પછી શત્રુ ઢળી પડે એ સ્વાભાવિક ગણાય, પણ અહીં કવિએ કારણ બને તે પહેલાં જ તેનું પરિણામ કે કાર્ય થઈ ગયું એવું વર્ણન કર્યું છે. આમ કરવામાં એનો હેતુ ભીમની ગદાની ઉગ્રતા બતાવવાનો છે.

આમ જ્યારે વાસ્તવિક પરિસ્થિતિ કે કુદરતના નિયમથી વિરુદ્ધ, હદ વટાવીને કોઈ પદાર્થ કે પ્રસંગનું વર્ણન કરવામાં આવે, ત્યારે **અતિશયોક્તિ** નામનો અલંકાર બને છે.

અતિશયોક્તિ એટલે અતિશયભર્યું કથન.

રૂપક અતિશયોક્તિ

૧ તલવારને ઘુમાવી યુદ્ધમાં એ સિંહ ઝઝૂમી રહ્યો.

અહીં સિંહ એટલે બહાદુર યોદ્ધો એવો અર્થ આખા વાક્યના અર્થમાંથી સમજાય છે. અહીં યોદ્ધાનો ઉલ્લેખ વાક્યમાં કર્યો નથી, પણ ઉપમાન સિંહ દ્વારા જ એ ઉપમેય સમજાય છે. આમ ઉપમાન અહીં ઉપમેયને ગળી ગયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી રીતે જ્યારે વાક્યમાં માત્ર ઉપમાનનો જ નિર્દેશ હોય અને તે પરથી ઉપમેયનો ખ્યાલ કરવાનો હોય ત્યારે તે અલંકાર રૂપક મટી જઈને **અતિશયોક્તિ રૂપક** બને છે.

[૫] **વ્યતિરેક**

૧ ગરુડની દૃષ્ટિ કરતાં પણ તેમની દૃષ્ટિ વેધક હતી.

૨ તેની કાંતિ સૂર્યને ઝાંખી પાડી દે એવી હતી.

ઉપમાન—ગરુડની દૃષ્ટિ; સૂર્ય

ઉપમેય—તેમની દૃષ્ટિ; તેની કાંતિ

અહીં ઉપમેયના ગુણને ઉપમાનના ગુણ કરતાં ચડિયાતો વર્ણવ્યો છે. આથી કથનમાં વિશેષ એટલે ઉપમેયનો અતિરેક કે અધિકતા બતાવવામાં આવી છે.

આમ જ્યારે ઉપમેયને ઉપમાન કરતાં ચડિયાતું બતાવવા માટે ઉપમાનને ઉતારી પાડવામાં આવે, ત્યારે તે **વ્યતિરેક** અલંકાર બને છે. આ અલંકારમાં એક પ્રકારની અતિશયોક્તિ કરવી પડે છે.

અભ્યાસ

૧ તે બાળકનાં અંગો ફૂલથીયે વધારે સુકુમાર હતાં.

૨ હીરા કનકમય કોટી, હાર્યો દ્રવ્યે કુબેર.

૩ વજ્રથીયે ઘણાં કઠણ પુષ્પથી પણ કોમળાં,
અહો, એવા મહાત્માનાં કો જાણે ચિત્તને ખરાં.

[૬] **અપહ્નુતિ**

૧ શું ચંદ્ર ? ના, ના, અમીકુંભ એ તો.

૨ ના રાજગાદી, પથ કંટકોનો.

અહીં ચંદ્રને ચંદ્રરૂપે નકારવામાં આવ્યો છે, અને તે ચંદ્ર નહિ પણ અમૃતનો કુંભ છે એમ ભારપૂર્વક વિધાન કરવામાં આવ્યું છે. અહીં ઉપમેયને ઉપમેયના સત્ય સ્વરૂપે નકારીને તેનો ઉપમાન સ્વરૂપે જ સ્વીકાર કરવામાં આવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ રીતે રાજગાદીને એ રાજગાદી નથી એમ નકારીને એ કંટકનો પંથ છે એમ કહ્યું છે.

જ્યારે ઉપમેયના વાચ્યાર્થને નકારીને તેને જ ઉપમાન રૂપે ઓળખવામાં આવે, ત્યારે **અપહ્નુતિ** અલંકાર બને છે.

(અપહ્નુતિ એટલે નકારવું કે છુપાવવું તે.)

[૭] અર્થાન્તર ન્યાસ

૧ સીતા સમાણી સતી કોણ શાણી ?
પતિ પ્રતિજ્ઞાય સદા પ્રમાણી.
કુરંગ હણવા મતિ ભ્રષ્ટ કીધી,
વિનાશકાળે વિપરીત બુદ્ધિ.

૨ ઉદ્યમે જ થતાં કાર્યો, નહિ માત્ર મનોરથે,
સૂતેલા સિંહને મુખે પ્રવેશે મૃગ ના કદી.

પહેલો દાખલો લો. એની પહેલી ત્રણ લીટીમાં, સીતા કેવી વિચારશીલ અને વિવેકી સ્ત્રી હતી છતાં એક હરણના ચામડાની શોભા જોઈ તેને તેના પર લોભ થયો; અને તેથી તેને હણવા માટે તેની મતિ બગડી. આનું આ ત્રણ લીટીમાં વિશેષ હકીકત રૂપે વર્ણન છે. આમાં રહેલા રહસ્યનું સમર્થન કરવા ચોથી લીટીમાં એક સામાન્ય સિદ્ધાંતનું વિધાન કરવામાં આવ્યું છે. આમ અહીં સામાન્ય સિદ્ધાંતથી વિશેષ હકીકતનું સમર્થન કર્યું છે.

બીજા દાખલામાં પહેલી લીટીમાં સામાન્ય સિદ્ધાંતનું નિરૂપણ કર્યું છે, અને બીજી લીટીમાં તેનું સમર્થન કરવા એક નિરુદ્યમી સિંહનું વિશેષ હકીકત રૂપે વર્ણન કર્યું છે.

આ રીતે જ્યારે વિશેષ હકીકતનું સામાન્ય સિદ્ધાંતથી અથવા સામાન્ય સિદ્ધાંતનું વિશેષ હકીકતથી સમર્થન કરવામાં આવે, ત્યારે **અર્થાન્તર ન્યાસ** નામનો અલંકાર બને છે. [અર્થાન્તર એટલે અન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ, અને ન્યાસ એટલે સ્થાપન કરવું કે વર્ણવવું તે. એક અર્થનું તેનાથી જુદા અર્થ વડે સ્થાપન કરવું તે.]

[૮] દૃષ્ટાન્ત

૧. કેરીના ભારથી આંબો ઝૂકી રહે, તેમ સજ્જન વિદ્યાથી વિનયી બને છે.

૨. વાયુ વિનાના સ્થળમાં જેમ દીવાની જ્યોત સ્થિર રહે છે, તેમ યોગીનું ચિત્ત સંયમને લીધે સ્થિર હોય છે.

પહેલા વાક્યમાં, સજ્જન વિદ્યાથી વિનયી બને છે એ વાત આંબા અને કેરીના દૃષ્ટાંત દ્વારા સચોટ રીતે રજૂ કરવામાં આવી છે.

બીજા વાક્યમાં, યોગીનું ચિત્ત કેવું સ્થિર હોય છે તેનું સચોટ વર્ણન વાયુ વિનાના સ્થળમાં દીવાની જ્યોત કેવી હોય છે તે દૃષ્ટાંત દ્વારા કરવામાં આવ્યું છે. આમ એક પદાર્થ અને તેના ગુણનું વર્ણન કરવાનું હોય ત્યારે અન્ય પદાર્થ અને તેના ગુણના સંબંધનું દૃષ્ટાંત આપી વર્ણન કરીને સચોટતા સાધવામાં આવે છે.

આ અલંકારમાં :—

(૧) બે પદાર્થો વચ્ચેના સંબંધની તુલના કોઈ બીજા બે પદાર્થો વચ્ચેના સંબંધની સાથે કરવામાં આવે છે, જેમ કે,

આંબો : કેરી ભાર	: :	સજ્જન : વિદ્યા
નમવું તે		નમ્રતા, વિનય

એક આખું વાક્ય ઉપમેય તરીકે અને બીજું આખું વાક્ય ઉપમાન તરીકે આવે છે. બંને વાક્યોના પદાર્થો અને તેની વચ્ચેના સંબંધો એકબીજાનાં બિંબપ્રતિબિંબ હોય તેમ વર્ણવવામાં આવે છે. જેમ કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિંબ — ઉપમાનવાક્ય	આંબો	કેરીના ભારથી	નીચો નમે છે.
	↓↑	↓↑	↓↑
પ્રતિબિંબ — ઉપમેયવાક્ય	સજ્જન	વિદ્યાથી	વિનયી બને છે.

આ અલંકારને **દૃષ્ટાંત** કહે છે.

અભ્યાસ

૧ તલની ઓથે જેમ તેલ રહ્યું છે, કાષ્ઠમાં હુતાશન.

૨ હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.

૩ વડ તેવા ટેટા, બાપ જેવા બેટા.

[૯] વ્યાજસ્તુતિ

૧ તમારી તે કંઈ વાત થાય, તમે તો મોટા ઘરનાં! અહીં ઉપર ઉપરથી કોઈનાં વખાણ કર્યાં હોય એવું લાગે છે, પણ બોલનારનો હેતુ સામાની નિંદા કરવાનો છે આથી 'મોટા ઘરનાં' એ શબ્દોનો અર્થ કટાક્ષભર્યા ઊલટા અર્થમાં લેવાનો છે.

અહીં મોટા ઘરનાં એટલે મોટા ઘરનાં નહિ એવાં.

૨ રાજાજી રણમાં તો ગયા પણ તેણે એકે શત્રુને હણ્યો નહિ; શત્રુઓ મોં બતાવે તો ને!

આ વાક્યમાં પ્રથમ ભાગમાં રાજાની નિંદા થતી હોય તેવું ભાસે છે, પરંતુ પાછળના ભાગ સાથે વાક્યનો અર્થ ઘટાવતાં એમાંથી રાજાની ગર્ભિત સ્તુતિનો અર્થ નીકળે છે.

આ રીતે જ્યારે વાક્યમાં નિંદા દ્વારા સ્તુતિ અને સ્તુતિ દ્વારા નિંદાનો અર્થ સૂચવાય ત્યારે વ્યાજોક્તિ અથવા **વ્યાજસ્તુતિ** નામનો અલંકાર બને છે.

(વ્યાજોક્તિ એટલે સ્તુતિ કે નિંદાના બહાના હેઠળ કરેલું તેનાથી ઊલટું કથન)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૦] શ્લેષ

૧ રાજાની ખ્યાતિ તેના **કર**ના યોગ્ય ઉપયોગ પર આધાર રાખે છે. અહીં **કર** શબ્દના બે અર્થ ઘટાવી શકાય: (૧) બાહુ (૨) કરરૂપી નાણું. આમ એ શબ્દના બે અર્થોને લીધે વાક્યમાં બે અર્થો ઉત્પન્ન થઈ અર્થચમત્કાર સધાયો છે.

(૧) રાજાની ખ્યાતિ તેના બાહુ એટલે સત્તાના યોગ્ય ઉપયોગ ઉપર આધાર રાખે છે (૨) રાજાની ખ્યાતિ તેણે ઉઘરાવેલાં કરનાં નાણાં કેવી રીતે તે વાપરે તેના ઉપર આધાર રાખે છે.

૨ લે, આ શકુંતલા'વી.

અહીં શકુંતલાના પુત્ર સર્વદમનને એક તાપસી રમકડું લાવી ઉપરનું વાક્ય કહે છે. માયેલા સર્વદમનને એ વાક્યના ધ્વનિમાંથી "લે, આ શકુંતલા આવી" એવા અર્થનો ભાસ થાય છે. આથી તે ઉત્સુકતાથી તેની માને જોવા માટે ડોકું ફેરવે છે. એ જ વાક્યનો બીજો અર્થ, 'લે, આ શકુંત એટલે પક્ષી લાવી' એવો થાય છે. આમ અહીં આખા વાક્યના ઉચ્ચારણમાંથી બે અર્થ ઘટાવી શકાય છે. વાક્યના કોઈ શબ્દમાંથી અનેક અર્થ નીકળતા હોય અથવા તો તેના ઉચ્ચારણથી અનેક અર્થનો ભાસ થતો હોય, ત્યારે **શ્લેષ** અલંકાર બને છે.

[શ્લેષ એટલે એક શબ્દમાં અનેક અર્થોનું ભેગા મળવું કે હોવું તે.]

અભ્યાસ

૧ ન્યાયાધીશ — તમારો **વર્ણ** કયો? સાક્ષી — મારો **વર્ણ** શ્યામ છે.

૨ નકશામાં જોયું તે જાણે જોયું ક્યાં? **ન કશામાં**?

૩. એ ભાઈને મસકો બહુ પ્રિય છે. (માખણ ખુશામત)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૧] અનન્વય (ઉપમા)

૧ રામરાજ કેવું, તો વળી રામરાજ જેવું.
૨ તીર્થોમાં કાશી, તે વળી કાશી.

પહેલા વાક્યમાં 'રામરાજ' એ ઉપમેય છે અને ઉપમાન પણ છે. બીજા વાક્યમાં કાશી ઉપમેય અને ઉપમાન બંને પોતે જ છે. આનો અર્થ એ થયો કે ઉપમેય કોઈ વાર એવું તો અપૂર્વ હોય છે કે તેને સરખાવવાને યોગ્ય ઉપમાન જડતું નથી. આથી ઉપમેય પોતે જ પોતાનું ઉપમાન બની રહે છે, અને એમ ઉપમેયની અનન્યતા સાબિત થાય છે.

જ્યારે ઉપમેય અપૂર્વ છે એમ બતાવવું હોય ત્યારે એને જ પોતાનું ઉપમાન બનાવવામાં આવે છે અને એનો અન્વય કોઈ અન્ય ઉપમાન સાથે થતો નથી. એ રીતે **અનન્વય** (ઉપમા) અલંકાર બને છે.

અભ્યાસ

૧ કર્ણની ઉદારતા તે કર્ણની.
૨ ભીમની ગદા તે ભીમની ગદા.
૩ હિમાલયની શોભા તે હિમાલયની શોભા.
૪ પવિત્રતામાં ગંગા તે વળી ગંગા.

[૧૨] સજીવારોપણ

૧ ઝૂકે વૃક્ષો નમસ્કારે, પુષ્પોયે સૌ સુરભિ ભારે.

અહીં, વૃક્ષોને મનુષ્યની માફક નમસ્કાર કરતાં કલ્પ્યાં છે. કવિએ વૃક્ષોને મનુષ્ય જેવાં સજીવ કલ્પીને તેમાં મનુષ્યના ગુણધર્મોનું આરોપણ કર્યું છે.

૨ આકાશમાં ઊડતાં પંખીઓ ઊગતા સૂર્યનું સ્વાગત કરતાં હતાં.

અહીં પંખીઓને માનવની માફક આનંદથી જાણે મહેમાનને સ્વાગત કરતાં હોય એવાં કલ્પ્યાં છે, એટલે કે પંખીઓમાં માનવના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણધર્મોનું આરોપણ કર્યું છે. આ રીતે કેટલીક વાર નીચલી કોટીનાં સજીવ પ્રાણીઓમાં મનુષ્યના વ્યક્તિત્વનું આરોપણ કરવામાં આવે છે.

ઉપર પ્રમાણે જ્યારે કોઈ નિર્જીવ કે જડ પદાર્થને સજીવ ધારી લેવામાં આવે, અથવા તો હલકી કોટીનાં પ્રાણી કે જીવજંતુમાં માનવ સ્વભાવનું આરોપણ કરવામાં આવે, ત્યારે **સજીવારોપણ** અલંકાર બને છે.

નોંધ: આ અલંકારનો પ્રકાર અંગ્રેજી ભાષામાંથી આવ્યો છે અને એને અંગ્રેજીમાં Personification કહે છે.

અભ્યાસ

૧ **નદી** વહે છે ગિરિથી રમંતી, ફૂલો તણાં ગીત હજાર ગાતી.
૨ ગગને **સૂરજ** ઝોકાં ખાતો, **આભ** તણી આંખો ઘેરાઈ.
૩ નવા લીલાં વસ્ત્રો **તરુવર** ધરે છે સહુ સ્થળે.
૪ **સંધ્યા** રમે છે ક્ષિતિજે ઉમંગે.

[૧૩] સ્વભાવોક્તિ

૧ હિમે ઢાંકયાં ગિરિવર તણાં શૃંગ શૃંગે શશી છે,
ને ગુલ્મોના પ્રતિફુલ ઉરે ભૃંગ બાઝી રહ્યા છે.

આ પંક્તિઓમાં, બરફથી છવાયેલાં શિખરો પર ચંદ્રનાં કિરણો પડવાથી કેવું દશ્ય જામે છે તેનું અને ફૂલોના ઝૂમખા ઉપર કેલી કરતા ભ્રમરોનું દશ્ય કવિએ આબેહૂબ રીતે કર્યું છે. આ વર્ણનમાંથી આપણા મનમાં સ્વાભાવિક ચિત્ર ખડું થાય છે.

૨ ઊંચે બધાં શિખર શ્વેત થયાં જણાય,
નીચે નદી વહનમાં તરુઓ તણાય.

ઊગતા પ્રભાતનું કેવું સુરેખ ચિત્ર દોરી દર્શન કરાવ્યું છે!

૩ નાનાં બચ્ચાં ટળવળી રહી માત સામું જુએ છે,
ને પંપાળે નિજ નજીક જે કંઠને ચંચુથી એ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં સારસીનાં બચ્ચાંઓ કેવાં ટળવળે છે અને સારસી એના પર કેવો પ્રેમ કરે છે તેનું રમ્ય ચિત્ર કેવું સ્વાભાવિક રીતે ઊપસી આવ્યું છે.

આવી રીતે કોઈ વસ્તુનું કે કુદરતના દૃશ્યનું કે માનવના વર્તનનું સ્વાભાવિક અને આબેહૂબ વર્ણન કરવામાં આવે છે ત્યારે તે **સ્વભાવોક્તિ** અલંકાર બને છે.

આ અલંકાર લાગે એટલો સહેલો નથી. એમાં કુદરતનું ઝીણવટભર્યું અવલોકન અને ચાતુર્યભર્યું વર્ણન કરવાની શક્તિ એમ બંનેની જરૂર હોય છે.

[૧૪] વિરોધાભાસ

૧ મહાન પુરુષો મૃત્યુને ભેટીને અમર બને છે.

૨ સૌ કોઈને દાક્તરની ક્રૂર માયાળુતાનો અનુભવ થાય છે.

ઉપરનાં વાક્યો ઉપલકિયા દૃષ્ટિએ જોતાં અર્થ વગરનાં અથવા સ્વતઃવિરોધી લાગે છે. પરંતુ એ વાક્યોને ઊંડા ઊતરીને તપાસતાં એમાં રહેલું રહસ્ય સમજાય છે, અને છેવટે વિરોધ એ વિરોધ તરીકે ન રહેતાં માત્ર વિરોધનો આભાસ બની જાય છે. પહેલા વાક્યનો સાચો અર્થ એ છે કે મહાન પુરુષો જડ દેહે મૃત્યુ પામે છે, પરંતુ કીર્તિ દેહે અમર રહે છે.

બીજા વાક્યમાં પણ અર્થની દૃષ્ટિએ વિરોધ જણાય છે. દાક્તર માયાળુ અને ક્રૂર એમ બંને શી રીતે હોઈ શકે એવી શંકા થાય છે. પણ દરદીના ભલા માટે કડવી દવા આપવાના કે વાઢકાપ કરવાના એવા ઉપરથી ક્રૂર ભાસતા ઉપાયોની પાછળ તેનો હેતુ શુભ હોય છે. એ જ્યારે સમજાય છે ત્યારે દાક્તર ક્રૂર પણ માયાળુ કેવી રીતે હોઈ શકે એ સત્ય સમજાય છે.

આ રીતે ઉપલકિયા દૃષ્ટિએ કોઈ કથનમાં વિરોધ કે અર્થહીનતા દેખાતી હોય, પણ ઊંડા ઊતરીને જોતાં એ વિરોધ ખોટો લાગે અને વાક્ય રહસ્યપૂર્ણ બને ત્યારે **વિરોધાભાસ** નામનો અલંકાર બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસ

૧ સજ્જનો દુર્જનોને મૌનથી જ જવાબ આપે છે.
૨ તે તેના કામમાં નિયમિત રીતે અનિયમિત રહે છે.
૩ સૌંદર્યો પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે.
૪ કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે.
૫ મૃત્યુ મરી ગયું રે લોલ.
૬ પાપ કરતું બહુ જીવે તે ધરમી ઝટ મરી જાયે.

[૧૫] લક્ષ્યાર્થ

૧ તે આખો **પ્યાલો** ગટગટાવી ગયો.

આ વાક્યમાં 'પ્યાલો' એ શબ્દનો વાચ્યાર્થ 'પ્યાલું' લઈએ તો વાક્ય અર્થ વગરનું લાગે છે. પરંતુ વાચ્યાર્થને બદલે પ્યાલો = પ્યાલામાંનું પાણી એવો 'પ્યાલા' શબ્દ વડે રૂઢિથી લક્ષિત થયેલો અર્થ લઈએ, તો શું ગટગટાવી ગયો તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. એ રીતે જ વાક્ય અર્થવાળું બને છે. આવા પ્રકારના અર્થચમત્કૃતિવાળા શબ્દપ્રયોગનું તાત્પર્ય તેના વાચ્યાર્થમાં નહિ, પણ તેના લક્ષ્યાર્થમાં રહેલું હોય છે.

આ રીતે જ્યારે વાચ્યાર્થને છોડીને લક્ષ્યાર્થનું સૂચન કરવા શબ્દપ્રયોગ થાય છે ત્યારે એક પ્રકારની ચમત્કૃતિ સધાય છે. આથી એને **લક્ષ્યાર્થ** અલંકાર કહી શકાય.

અંગ્રેજીમાં લક્ષ્યાર્થ સૂચવતા બે અલંકારો છે: (૧) Metonymy (૨) Synecdoche

લક્ષ્યાર્થની વિવિધ રીતો

(૧) પ્રતીક દ્વારા પદાર્થનું સૂચન

બધા સૈનિકો **સિંહાસનને** વફાદાર રહેશે. (સિંહાસન = રાજા)
પુત્રનાં લક્ષણ **પારણામાંથી** જ વરતાય. (પારણું = બાળપણ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) સાધન કે સાહિત્ય દ્વારા વ્યક્તિનું સૂચન

તુમુલ યુદ્ધમાં **તલવારો ઝૂઝી.** (તલવાર = યોદ્ધો)

છેવટે, વિજય તો **કલમનો** જ થયો. (કલમ = લેખક)

(૩) પાત્ર દ્વારા તેમાંના પદાર્થનું સૂચન

અડધું **ગામ** મેળામાં ઊલટયું. (ગામ = ગામના લોકો)

નળ ક્યારે આવશે? (નળ = પાણી)

(૪) લેખક દ્વારા તેની કૃતિનું સૂચન

તમે **વાલ્મીકિ** વાંચ્યો છે. (વાલ્મીકિ = રામાયણ)

તમે **કલાપીનું** અધ્યયન કર્યું છે. (કલાપી = કલાપીની કૃતિઓ)

(૫) પદાર્થનું તેના અંશ વડે સૂચન (અંગાંગી સંબંધ)

સભામાં કેટલાં **માથાં** હતાં? (માથાં = માણસો)

તું સો **શરદ** જીવજે. (શરદ = વરસ)

(૬) વિશેષનામ જાતિવાચક નામ તરીકે

એ તો **ભીમનો** અવતાર છે. (ભીમ = બળવાન પુરુષ)

કાંચી એ દક્ષિણનું **કાશી** છે. (કાશી = શ્રેષ્ઠ પવિત્ર સ્થાન)

(૭) પદાર્થ દ્વારા તેમાંના ગુણનું સૂચન

તેને હૈયે **રામ** વસ્યો. (રામ = ઉદારતાનો ગુણ)

તેની જીભમાં મધ છે. (મધ = મીઠાશ)

તેની આંખમાં વાઘ ડોકિયાં કરે છે. (વાઘ = ક્રૂરતા)

(૮) ગુણ દ્વારા પદાર્થનું સૂચન

આજકાલ **સત્તાનું** જ માન પડે. (સત્તા = સત્તાધારી વ્યક્તિ)

ધરમને ત્યાં ધાડ પડી. (ધરમ = ધાર્મિક વ્યક્તિ)

(૯) દ્રવ્ય દ્વારા તેમાંથી બનાવેલી કૃતિનું સૂચન

આ **આરસ** તો જીવંત છે. (આરસ = આરસની પ્રતિમા)

તે **સોનેથી** જાણે મઢેલી હતી. (સોનું = સોનાના દાગીના)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દાલંકાર

(૧) વર્ણસગાઈ (વર્ણાનુપ્રાસ)

આજ ફળી અંતરની એકલ આશ જો,
ઘૂઘરીએ ઘમઘમતા આવ્યા ઘોડલા.

ઉપરની પંક્તિઓમાં જોશો તો જણાશે કે 'અ' અને 'ઘ' વર્ણો વારંવાર સંભળાય છે. આ વર્ણોના પુનરાવર્તનથી પંક્તિઓમાં એક પ્રકારનું શ્રુતિમાધુર્ય સધાયું છે.

આ પ્રકારના વર્ણના પ્રાસને વર્ણસગાઈ કે **વર્ણાનુપ્રાસ** અલંકાર કહે છે.

(૨) **અંત્યાક્ષરપ્રાસ**

ચાખડીઓ પહેરી રે પધારો ચટકંતા,
મંદિરિયે આવો રે પ્રભુજી લટકંતા.

પહેલી પંક્તિમાં અંત્યાક્ષર 'તા' છે. બીજી પંક્તિમાં પણ 'તા' અક્ષર જ અંત્યાક્ષર છે. આ રીતે બંને વર્ણોનો પ્રાસ સાધવામાં આવ્યો છે.

જ્યારે પંક્તિને છેડે આવેલા વર્ણનો પ્રાસ સધાય છે, ત્યારે તેને **અંત્યાક્ષરપ્રાસ** અલંકાર કહે છે.

(૩) **આદ્યાક્ષરપ્રાસ**

૧ ગહન શાંતિ વને પ્રસરી રહે,
ગગન રક્તપ્રભા ક્ષિતિજે ગ્રહે.

બંને પંક્તિઓની શરૂઆતમાં 'ગ' વર્ણ વપરાયો છે, અહીં આ રીતે બંને પંક્તિના આદ્ય અક્ષરનો પ્રાસ સાધવામાં આવ્યો છે.

આવા પંક્તિની શરૂઆતમાં અક્ષર કે વર્ણના પ્રાસને **આદ્યાક્ષર-પ્રાસ** કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) **મધ્યાક્ષરપ્રાસ**

કરેલ કીરતિ **મેર**, દુનિયામાં તે દેખવા,
શું કાર્યસ થઈ **ફેર**, ભોજ પધાર્યો ભૂમિમાં.

પ્રથમ પંક્તિની મધ્યમાં 'મેર' શબ્દ છે. એની સાથે બીજી પંક્તિના મધ્યમાં આવેલા 'ફેર' શબ્દનો પ્રાસ સાધ્યો છે.

આવા પંક્તિની મધ્યમાં આવેલા અક્ષરોના પ્રાસને **મધ્યાક્ષરપ્રાસ** કહે છે.

(૫) **યમક**

ચક્ર શી પૂંછવાળીથી વિખૂટો **ચક્ર**વાક હે,
ચિંતા**ચક્રે** ચઢેલો આ **ચક્ર**વર્તી પૂછે તને.

ઉપરની પંક્તિઓમાં ચક્ર શબ્દ વારંવાર આવ્યો છે અને તે જુદા જુદા અર્થમાં વપરાયો છે. ચિંતાચક્ર, ચક્રવાક, અને ચક્રવર્તી એ ત્રણે શબ્દોમાં 'ચક્ર'નો અર્થ જુદો જુદો થાય છે, આ પંક્તિઓમાં 'ચક્ર' શબ્દ વારંવાર આવવાથી એક પ્રકારનો અનુપ્રાસ સધાયો છે.

આમ જુદા જુદા અર્થના પણ સમાન ધ્વનિવાળા શબ્દો જ્યારે વાક્યમાં વારંવાર વપરાય અને શ્રુતિચમત્કાર ઊભો કરે ત્યારે **યમક** અલંકાર બને છે.

મનોયત્ન ૩૪

નીચે આપેલાં વાક્યો કે પંક્તિઓમાં આવેલા અલંકાર ઓળખો:-

૧ આશા ઊંડી ખાડ, પહાડથી પણ પુરાય નહિ,
હેમ મેરુ સમ હોય તોયે મન માને નહિ.

૨ વા ફરે, વાદળ ફરે, ફરે નદીનાં પૂર,
શૂરા બોલ્યા ના ફરે, પશ્ચિમ ઊગે સૂર.

૩ ને મેઘઝાડી થકી નીકળી સિંહ પેલો,
જો એકલો નભ વિશે વિચરે શું ઘેલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ શોભા વર્ણું શું હું, ઝટ પછી મેઘરાજા પધાર્યા,
વૃક્ષાદિએ હરખથી નડી સ્વસ્તિ શબ્દો પુકાર્યા.
૫ રવિને શિર સૌ કુસુમો નમશે.
૬ નવદ્વીપની વિદ્યાપીઠ એ નવદ્વીપની જ વિદ્યાપીઠ.
૭ અંગાર નેનો મહીં ક્રોધ કેરો !
૮ ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે. (એ = માતાના)
૯ જેવું આથમતા રવિનું તેજ,
મા વિના એવું બાપનું હેત.
૧૦ તુજ કેશ કલાપ મેઘ શો,
પણ મેઘે ન કુમાશ એહની.
૧૧ આંખના પલકારામાં પાછા આવજે.
૧૨ સકલ વનલતા પણ જાણે આંસુ ખરેખરાં પાડે,
તેમ પત્ર વેરે છે, ઊભરા કેવા પ્રકારથી કાઢે.
૧૩ જળે જળે કમળ ન નીપજે.
૧૪ પક્ષીઓ અને માણસો સપક્ષ હોવાથી શોભે છે.
૧૫ વસંતઋતુ સમ હાસ્ય એનું.
૧૬ બાલ્યાવસ્થા એ જીવનનું પ્રભાત છે.
૧૭ રે આજ પ્રતાપ પ્રતાપે ઘૂમી રહેશે રણમોઝાર.
૧૮ પણ મૃગ ટોળામાં કૂદે વનરાજ કરી હોંકાર,
ત્યાં કૂદ્યા તેમ પ્રતાપી શૂરા બાવીશ હજાર.
૧૯ ત્યાં હાથીઓના પરિવાર જેવી
સેના પડી પથ્થર કાળમીંઢની.
૨૦ જ્યારે તાંદુલ મુખમાં મૂક્યા ઊડી છાપરી આકાશ,
તેણે સ્થાનક સુદામાને થયા સપ્ત ભૂમિના આવાસ.
૨૧ સાતે આકાશ પડે શિર પર પણ હઠીએ ના તલપૂર !
ઓ ભારત ! બન બહાદુર !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨ અસંખ્ય જગદીપ શા ઝળહળી રહ્યા તારલા.

૨૩ ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદપિ અર્થ નવ સરે,
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચુ ના ભરે.

૨૪ દુઃખના ડુંગરો સામે ખડકાયા.

૨૫ ચંદન કદીયે સુગંધ ત્યજતું નથી.

૨૬ એને દુષ્ટ કહી સંબોધવું ગમતું નથી, મારી જીભ લાજે.

૨૭ પ્યાલું પીધું તૃપ્ત થઈ ત્યાં.

૨૮ અપૂર્વ શોભા હતી ચક્ષુ સામે
તળાવ કેવું ખીલી હર્ષતું'તું !

૨૯ જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે.

૩૦ એના મનમાં રાક્ષસ જાગ્યો.

૩૧ રાતદિન એ જ વિચાર; કેટલા મોંનું પોષણ કરી શકું ?

૩૨ દીવો દીવાને પ્રગટાવે તેમ ઉદાત્ત હૈયું અન્યને ઉદાત્ત કરે.

૩૩ ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.

૩૪ કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી.

૩૫ જીવે સો વર્ષ ધ્રુવડ રે, ન ગમ તેને કંઈ દિનની.

૩૬ ગાંધીજીએ લોકોને મરીને જીવવાનો મંત્ર આપ્યો.

૩૭ રાજ તણા કર ભારથી ખેડૂતનો કર ખાલી થયો.

૩૮ અલી, રામ મહીં નથી રામ જરા.

૩૯ તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહિ.

૪૦ પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે.

૪૧ દેખી બૂરાઈ ના ડરું હું, શી ફિકર છે પાપની ?
ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની.

૪૨ જેલ બહારનાં ઝાડ કાલના વરસાદથી તાજાં થઈ પ્રસન્ન ગીતો ગાય છે.

૪૩ વાદળોનાં છિદ્રોમાંથી જ્યારે સૂરજે પોતાનાં કિરણો હાથની આંગળીઓની જેમ ફેલાવ્યાં, ત્યારે એ પંખો કે પંઝો જોવા જેવો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૪ આકાશમાં રૂપાળાં વાદળોનો દરિયાકિનારો બનાવી સૂર્ય ત્યાં રમતો હતો.

૪૫ વાંદરનાં બચ્ચાં જેમ માને પેટે વળગી પડી નિર્ભય બની આનંદ પામે છે, તેમ જ આ કુમળી કળીઓ નિર્ભયતાથી આંબાની ડાળે લટકી આનંદ માણે છે.

૪૬ આકાશના તારાઓ મિત્રોની ગરજ સારતા હતા.

૪૭ વ્યોમના ચંદરવાને છેદી જાણે કોઈ સહસ્ર આંખવાળો પૃથ્વીને ભાળતો હતો.

૪૮ મળ્યો શું તવ પત્ર? ના કિરણ એ અંધકારે મહા.

૪૯ ગયો સુહૃદ કે? નહિ, જીવન આશ ચાલી ગઈ.

૫૦ હીરાની કણિકા સમાન ઝગકે તારા, ઝગારે ગ્રહો.

૫૧ માંડી સિંહાસન રવિ ગિરનાર શૃંગે,
યાત્રાળુને કનકઅંગુલિથી નિમંત્રે.

૫૨ આશા પંખીડું મેં તો પૂર્યું કનકમય પાંજરે.

૫૩ દીસે તારા જેવાં ચકચકિત શાં સ્નિગ્ધ નયનો!

૫૪ નવાં લીલાં વસ્ત્રો તરુવર ધરે છે સહુ સ્થળે.

૫૫ હસતી કોમલ રાત્રિ દિગંતમાં.

૫૬ દીસે તારાથીયે નયન અદકાં તેજ ભરિયાં.

૫૭ સૂકાં પર્ણે પવન જાણે ધાટે સૂઈ રહ્યો!

૫૮ પવન ધ્રૂજે ધ્રૂજે આ તારા, વિશ્વઝંઝાવાતે!

૫૯ શીતળતાએ શશી હાર્યો, મૂકે કળા, પામે કષ્ટ.

૬૦ અસંખ્ય નેત્રો નીરખે નપુંસક
ઘૃણા ભરેલું અતિ નિંદ્ય દૃશ્ય એ.

૬૧ બુદ્ધિ પ્રમાણે માનવીનું કરું છું વરણન,
જેમ સાગરમાંથી ચાંચ જળની ભરે પક્ષીજન.

૬૨ મૂંગું હળ આજે તો બોલે એરણ જાગી આંખો ચોળે.

૬૩ પીડિત ધરણી અંતર ખોલે, પ્રગટે નવી ચિનગારી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૪ શૂન્યગેહે આવ તું મારે, નીરવ ગાને આવ.
૬૫ જેણે રણ છોડયું, એનાથી તે વધુ શૂરવીર કોણ?
૬૬ હલ્યું સકળ ગામનું હૃદય વાત એ સુણી.
૬૭ સ્વદેશ સુધારવાની સભાનો છું સભાસદ
સુબોધક રાજાઓના સાથમાં સામીલ છું.
૬૮ સહસા વજ્રાઘાતે ઘવાઈ ગિરિ તે ધ્રૂજે,
તેમ શીખો, કંપી ઊઠયા આ વાતે.
૬૯ જોયો નહિ. તેનાં લોચન જાણે મોરપિચ્છચાંદલિયા જેવાં.
૭૦ ભૂ પરના ભૂભૃતના ભડભૂપ! ભમંત ભવ્યવન માંહી,
સર્વે અંગે સુંદર રામા મેં ખોઈ તેં જોઈ?
૭૧ આંબાની મંજરીઓ ખાતી કોયલ રે,
વસંતની વાંસલડી સરિખી બોલશે.

પ્રકરણ ૧૫

છંદ

સાહિત્યના ગદ્ય અને પદ્ય એમ બે પ્રકાર છે. ગદ્યના લખાણ કરતાં પદ્યનું લખાણ એક રીતે જુદું તરી આવે છે. પદ્યની રચના સામાન્ય રીતે છંદમાં જોવામાં આવે છે. છંદોનું ખાસ પ્રકારનું સ્વરૂપ હોય છે અને તેથી જ્યારે કાવ્યની રચના છંદમાં કરવામાં આવે છે ત્યારે તેનું બંધન કાવ્યને સ્વીકારવું પડે છે. આમ છંદ એ કાવ્યના દેહનું એક અંગ બની રહે છે.

છંદના પ્રકાર

છંદના બે પ્રકાર છે: (૧) અક્ષરમેળ છંદ (૨) માત્રામેળ છંદ. અક્ષરમેળ છંદને સંસ્કૃતમાં **વૃત્ત** કહે છે; જેમ કે શિખરિણી **વૃત્ત**. અક્ષરમેળ છંદની રચનાનો આધાર અક્ષરોની સંખ્યા અને લઘુગુરુ અક્ષરોની ગણરચના ઉપર રહેલો હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્રામેળ છંદને સંસ્કૃતમાં જાતિ કહે છે. તે વિશે શીખીએ તે પહેલાં અક્ષરમેળ છંદ વિશે વિચારીએ.

અક્ષરમેળ છંદ

લઘુગુરુ અક્ષર

ઉપર જણાવ્યું તેમ અક્ષરમેળ છંદમાં લઘુગુરુ અક્ષરની ગોઠવણી એ અગત્યની વસ્તુ છે. 'અ' અને 'આ' એ બે અક્ષરો પૈકી 'અ' નો ઉચ્ચાર કરતાં જેટલો સમય લાગે છે તેના કરતાં **'આ'** નો ઉચ્ચાર બેવડો સમય લે છે. **આ = અ + અ.** 'અ' એ હ્રસ્વ સ્વર છે અને **આ** એ દીર્ઘ સ્વર છે. કાવ્યશાસ્ત્રમાં હ્રસ્વ અક્ષરને **લઘુ** અને દીર્ઘ અક્ષરને ગુરુ કહે છે. અ, ઇ, ઉ, ઋ એ સ્વરો પોતે અને એ સ્વરો જે વ્યંજનને લાગ્યા હોય તે વ્યંજનો કવિતામાં લઘુ અક્ષર ગણાય છે. દા. ત. ક, કિ, કુ, કૃ, તેવી જ રીતે, ખ, ગ, ઘ, વગેરે વ્યંજનોનાં પણ હ્રસ્વરૂપો લઘુ અક્ષર ગણાય છે.

આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ — આ બધા સ્વરો પોતે અને જે વ્યંજનોને એ લાગ્યા હોય તે વ્યંજનો કવિતામાં ગુરુ અક્ષર ગણાય છે. દા. ત. કા, કી, કૂ, કે, કો, કં, કઃ, વગેરે

લઘુગુરુને માટેની સંજ્ઞા કે ચિહ્ન

˘ ˘ ˘ ˘
ક, કિ, કુ, કૃ, [˘]

અક્ષર લઘુ હોય તો તે દર્શાવવા પિંગળ શાસ્ત્રમાં ˘ ચિહ્ન વપરાય છે.

કા, કી, કૂ કો [–]

અક્ષર ગુરુ હોય તો તે દર્શાવવા – ચિહ્ન વપરાય છે.

લઘુગુરુની ગણરચના

પિતાની કુહાડી લઈ બાળ નાનો
બન્યો ભાયડો હોય બા'દુર શાણો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપલી કવિતાની એ લીટીઓ વાંચતાં જણાશે કે ત્રણ ત્રણ અક્ષરના જૂથનું દરેક લીટીમાં ચાર વાર આવર્તન થાય છે. એ ત્રણ અક્ષરના દરેક જૂથમાં લઘુગુરુ અક્ષરની અમુક ચોક્કસ ગોઠવણી છે. તે આપણે જોઈએ.

પિતાની | કુહાડી | લઈઆ | ઊનાનો

ઉપર જોશો તો જણાશે કે ત્રણ ત્રણ અક્ષરનાં ચાર જૂથ પડયાં છે. દરેક જૂથમાં પહેલો અક્ષર લઘુ અને બીજો અને ત્રીજો ગુરુ છે. લઘુગુરુના બનેલા એવા જૂથને ગણ કહે છે. આ પ્રમાણે લઘુગુરુની રચના જુદી જુદી રીતે કરતાં બધા મળીને આઠ ગણો બને છે.

ગણના પ્રકાર

ગણ	ઉદાહરણ	રચના	સંજ્ઞા
म ગણ	મા તા ના	ત્રણે ગુરુ	म
न ગણ	ન ય ન	ત્રણે લઘુ	न
भ ગણ	ભા ષ ણ	પહેલો ગુરુ	भ
य ગણ	ય શો દા	પહેલો લઘુ	य
ज ગણ	જ વા ન	વચલો ગુરુ	ज
र ગણ	રા મ જી	વચલો લઘુ	र
स ગણ	સ મ તા	છેલ્લો ગુરુ	स
त ગણ	તા કા ત	છેલ્લો લઘુ	त

ઉપર પ્રમાણેના ગણોમાં કોઈ પંક્તિને વિભક્ત કરીએ અને એ ત્રણ ત્રણ અક્ષરના ગણો પાડી રહ્યા પછી જો કોઈ એક કે બે અક્ષરો વધે, તો તે અક્ષરો પૈકીના લઘુને માટે ल અને ગુરુને માટે ग એવી સંજ્ઞા વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ નીચે બતાવ્યું છે :—

ય	મ	ન	સ	ભ	લ ગ
⏑ – –	– – –	⏑ ⏑ ⏑	⏑ ⏑ –	– ⏑ ⏑	⏑ –
અ ઘો ઝાં	ખા તા રા	વિ ધુ પ	ણુ મ હીં	તે જ ન	મ જે

આ પંક્તિમાં ૧૭ અક્ષરો છે તેમાં પાંચ ગણોના પંદર અક્ષર અને પંક્તિને અંતે એક લઘુ અને એક ગુરુ એમ બધા મળીને ૧૭ અક્ષર થાય છે. એ પાંચ ગણો અનુક્રમે **ય મ ન સ ભ** છે.

ચરણ કે પાદ

છંદની દરેક પંક્તિને **પાદ** કે **ચરણ** કહે છે. આવા ચાર ચરણનો એક **શ્લોક** બને છે.

લઘુગુરુ અક્ષર વિશે વધુ

(૧) પંક્તિને છેડે આવેલો લઘુ અક્ષર ગુરુ ગણાય છે. જો લીટીને ગુરુ અક્ષર જોઈતો હોય અને તેને સ્થાને લઘુ અક્ષર આવ્યો હોય તો એને લંબાવીને ગુરુ ગણવામાં આવે છે; જેમ કે,

વીણા તણો નાદ તહીં સુણાય

અહીં છેલ્લે **ય** એ લઘુ અક્ષર છે પરંતુ તેને **યઅ** એમ લંબાવીને ગુરુ બનાવ્યો છે.

(૨) જોડાક્ષર પૂર્વે આવેલા અક્ષરનો ઉચ્ચાર

સત્ય, કૃત્ય, ધર્મ, મહત્ત્વ

ઉપરના શબ્દોમાં મોટા અક્ષરો મૂળ લઘુ છે, પરંતુ એની પાછળ જોડાક્ષર હોવાથી એના ઉચ્ચારમાં એક પ્રકારનો થડકો આવ્યો છે. એ થડકાને લીધે એનો ઉચ્ચાર ગુરુના જેવો થાય છે, અને એની ગણના ગુરુ તરીકે કરવામાં આવે છે.

ત્ય, ર્મ, ત્વ એ અક્ષરોને હ્રસ્વ સ્વર લાગેલો છે તેથી એ પોતે લઘુ છે પણ એના આગળના અક્ષરને થડકો લાગવાથી તે ગુરુ બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતમાંથી આવેલા તત્સમ શબ્દોમાં આ પ્રકારે થડકો કાયમ છે, પરંતુ ગુજરાતી તદ્‌ભવ શબ્દોમાંથી એ થડકો જતો રહ્યો હોય છે તે નીચેના દાખલાઓ ઉપરથી જણાશે.

લખ્યું, ખર્યું, પડ્યું, કહ્યું, ગમ્યું

આ શબ્દોમાં જોડાક્ષરની પૂર્વનો અક્ષર લઘુ છે, અને તે લઘુ જ રહે છે, કેમ કે એના ઉચ્ચારણમાં થડકો લાગતો નથી. **ગમ્યું** શબ્દનો **ગઅમ્યું** એવો ઉચ્ચાર આપણે કરતા નથી, પણ **ગમ્યું** એમ બોલીએ છીએ.

એક શબ્દને છેડે લઘુ અક્ષર હોય અને તેના પછીના અક્ષરની શરૂઆતમાં જોડાક્ષર હોય તો તે પણ આગલા શબ્દને છેડે આવેલા લઘુ અક્ષરને થડકાવીને ગુરુ બનાવે છે; જેમ કે,

શશાંક પ્રેક્ષીને સુભગમણિ સેંથે ઝળકતો.

આ લીટીમાં 'ક' મૂળે લઘુ છે, પરંતુ એની પછી જોડાક્ષર 'પ્રે' આવીને 'ક'ને થડકાવે છે. 'ક'નો ઉચ્ચાર ભારપૂર્વક કરવો પડે છે, એટલે ક ગુરુ બને છે.

અનુસ્વારને લીધે લઘુગુરુ

(૧) અંત (અન્ત) ગંગા (ગઙ્ગા) સંમતિ (સમ્મતિ)

આ શબ્દોમાં અનુસ્વારનો ઉચ્ચાર પોચો કે મંદ નથી, પરંતુ તીવ્ર છે. જે અક્ષરની સાથે તીવ્ર અનુસ્વાર આવે તે અક્ષર લઘુ હોય તોપણ ગુરુ ગણાય છે.

(૨) કુંવર, કુંભાર, કંઈ, ગયું, દીઠું

આ શબ્દોમાં અનુસ્વારનો ઉચ્ચાર પોચો કે મંદ છે. જે અક્ષર સાથે મંદ કે પોચા ઉચ્ચારનું અનુસ્વાર આવે અને તે લઘુ હોય તો તો લઘુ જ રહે છે, ગુરુ ગણાતો નથી.

ગુજરાતીમાં લઘુગુરુ ઉચ્ચારની છૂટ

સંસ્કૃતમાં લઘુ અક્ષરને ગુરુ તરીકે કે ગુરુને લઘુ તરીકે ઉચ્ચારવાની છૂટ કવિઓએ લીધી નથી. પરંતુ ગુજરાતીમાં એ પ્રકારની છૂટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવાય છે. આ પ્રકારની છૂટછાટ જેમ બને તેમ ઓછી અને અનિવાર્ય લાગતું હોય ત્યાં જ લેવાવી જોઈએ. એક રીતે એ દોષ છે. આ પ્રકારની છૂટછાટને પરિણામે ગુરુને લઘુ અને લઘુને ગુરુ તરીકે ગણવામાં આવે છે. નીચે એના દાખલા આપ્યા છે તે જુઓ :—

(૧) પિતા માતા બંધુ અનુપમ સખા હિત કરણા.

આ લીટીમાં **બંધુ** શબ્દમાં ધુ હ્રસ્વ હોઈ લઘુ છે, પરંતુ છંદના બંધારણ પ્રમાણે અહીં ગુરુ અક્ષર હોવો જોઈએ તેથી ધુ નો દીર્ઘ ઉચ્ચાર કરવામાં આવે છે. એ જ રીતે **હિત** શબ્દમાં **હિ** અક્ષરને ગુરુ ગણવામાં આવ્યો છે અને તેથી તેનો ઉચ્ચાર પણ દીર્ઘ કરવો પડે છે.

(૨) પિતા પેસો આવે જગત વીંટતો સાગર રહે.

આ લીટીમાં છંદના બંધારણ પ્રમાણે **વીં** લઘુ હોવો જોઈએ. **વીં**ને લઘુ ગણવા માટે એનો ઉચ્ચાર હ્રસ્વ કરવામાં આવે છે.

માત્રામેળ છંદ

માત્રામેળ છંદ અક્ષરમેળ છંદની માફક લઘુગુરુ અક્ષરની ગોઠવણી ઉપર આધાર રાખતો નથી. એ છંદ માત્રાની સંખ્યા ઉપર આધાર રાખે છે અને તેથી લઘુગુરુ અક્ષરોનું સ્થાન નિશ્ચિત હોતું નથી. માત્રા એટલે અક્ષરનો ઉચ્ચાર કરતાં જે સમય લાગે તેનું નાનામાં નાનું માપ. હ્રસ્વ સ્વરને ઉચ્ચારતાં જેટલો સમય લાગે તેને એક માત્રા ગણવામાં આવે છે. દીર્ઘ સ્વરની બે માત્રા ગણાય છે. અને વ્યંજનની અરધી માત્રા ગણાય છે. ક એ લઘુ અક્ષરની એક માત્રા, **કા** એ ગુરુ અક્ષરની બે માત્રા, અને **ક્** એ વ્યંજનની અરધી માત્રા છે. જેમ કે,

૨ + ૨ = ૪ માત્રા,	૧૧૧ = ૩ માત્રા,	૧૧½ = ૨½ માત્રા
કાકા	રમણ	જગત્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

. Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છંદમાં યતિ (વિરામ)

અક્ષરમેળ તેમ જ માત્રામેળ છંદની પંક્તિઓ વાંચીએ તો આપણને અમુક અક્ષરો પછી વિરામ લેવાની જરૂ પડે છે. આવા વિરામ સ્થાનને યતિ કહે છે.

કૃતઘ્ની લોકોને | કદર નવ | કાંઈ હૃદયની.

ઉપરની પંક્તિમાં છઠ્ઠા અને અગિયારમા અક્ષરો પછી યતિ છે. જ્યાં યતિ હોય ત્યાં આગળ શબ્દ સંપૂર્ણ રીતે પૂરો થવો જોઈએ. જો શબ્દને તોડીને વચ્ચે વિરામ લેવો પડે તો **યતિભંગ** થયો ગણાય છે. યતિભંગ એ દોષ ગણાય છે. સામાસિક શબ્દમાં આપેલાં પદો છૂટાં પાડી શકાય છે, એટલે કે તેને યતિ માટે તોડી શકાય છે. એ દોષ ગણાતો નથી.

અક્ષરમેળ છંદો

નીચે કેટલાક અક્ષરમેળ છંદનું બંધારણ આપ્યું છે તેનાં ઉદાહરણોમાં ઊભી લીટીથી ગણ જુદા પાડ્યા છે.

વસંતતિલકા

અક્ષર – ૧૪ બંધારણ – તભજજગગ

ત	ભ	જ	જ	ગ ગ
નિદ્રા મ	હીં નહિ	હતું ત	નભાન	જ્યારે
જેણે જુ	ઓ પુ ર	ણ રક્ષ	ણ કીધું	ત્યારે

માલિની

અક્ષર – ૧૫ બંધારણ–નનમયય યતિ–૮ અને ૧૫મે અક્ષરે.

ન	ન	મ	ય	ય
મ ધુ ર	સ મ ય	તે વે ખે	ત રે શે	લ ટી ના
ર મ ત	કૃ ષિ વ	લો નાં આ	લ ના નાં	કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિખરિણી

અક્ષર–૧૭ બંધારણ–ય મ ન સ ભ લ ગ યતિ–૫ અને ૧૧ અક્ષરે

ય	મ	ન	સ	ભ	લ ગ
વહે છે	ડોવાયુ	કરીદ	ઈઅઘે	શાંતિવ	નમાં
ઘણુા આ	જે થોડા	ઉડુગ	ણુ પ્રકા	શે ગગ	નમાં

મંદાક્રાન્તા

અક્ષર–૧૭ બંધારણ–મ ભ ન ત ત ગ ગ યતિ–૪, ૧૦ અને ૧૭ અક્ષરે

મ	ભ	ન	ત	ત	ગ ગ
તેપંખી	નાઉપ	રપથ	રોફેંક	તાંફેંકી	દીધો
લાગ્યો તે	નેઅર	રરપ	ડીફાળ	હૈયામ	હીં તો

પૃથ્વી

અક્ષર ૧૭ બંધારણ જ સ જ સ ય લ ગ

જ	સ	જ	સ	ય	લ ગ
સ્મરે છ,	પ્રિયએ	નડી,સ	મયકૂ	લવાડી	થકી
લઈક	સળતાં	ટીએર	સળતાં	નિશાળે	જતાં

શાર્દૂલવિક્રીડિત

અક્ષર ૧૯ બંધાર–મ સ જ સ ત ત ગ–યતિ–૧૨, ૧૯ અક્ષરે

મ	સ	જ	સ	ત	ત	ગ
ઊગે છે	સુરખી	ભરીર	વિમૃદુ	હેમંત	નોપૂર્વ	માં
ભૂરું છે	નભસ્વ	ચ્છસ્વચ્છ	દિસતી	એકેન	થીવાદ	ળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્રગ્ધરા

અક્ષર ૨૧ બંધારણ–મ ર ભ ન ય ય ય યતિ ૭ તથા ૧૪ અક્ષરે

મ	ર	ભ	ન	ય	ય	ય
એનાઉ	ત્પાતભા	રે કડ	ડ ડ ક	રતી ક	ન્હતી શું	ધારિત્રી
એનીભેં	કારત્રા	ડે ગ ઢ	ગ ગ ન	તણા જ્ઞા	યશુંઆ	ગડૂડી?

(૨) માત્રામેળ છંદ

ચોપાઈ

આ છંદનાં ચાર ચરણ હોય છે. દરેક ચરણની માત્રા ૧૫ હોય છે. તાલ–પહેલી માત્રા ઉપર અને પછી ચાર ચાર માત્રાએ. યતિ–૮મી અને ૧૫મી માત્રા પછી. એ છંદમાં છેવટના બે અક્ષરો અનુક્રમે ગુરુ અને લઘુ હોય છે.

૧ ૧   ૨ ૧ ૧   ૧ ૧   ૨ ૨   ૨ ૧
મળી   આપણ   જણ   બંને   બેન—૧૫ માત્રા
સંપે   રમીએ   તો   સુખ   ચેન—૧૫ માત્રા

દોહરો

માત્રા–પહેલા ચરણમાં ૧૩; બીજામાં ૧૧; ત્રીજામાં, ૧૩ અને ચોથામાં ૧૧.

યતિ–૧૩ તથા ૨૪ મી માત્રા પછી, ૧૧ મી માત્રા લઘુ.

૧ ૧ ૨   ૨ ૧   ૧ ૨ ૧ ૨   ૨ ૧   ૧ ૨   ૧ ૧ ૨ ૧
કરતાં   જાળ   કરોળિયો   ભોંય   પડી   ગભરાય
વણ   તૂટેલે   તાંતણે   ઉપર   ચઢવા   જાય

હરિગીત

માત્રા–૨૮ યતિ–૧૪ મી માત્રાએ

૨   ૨ ૧ ૨   ૨ ૨   ૧ ૨ | ૨ ૨ ૧   ૨ ૨   ૨ ૧ ૨
ત્યાં   દૂરથી   દીઠાં   ઘણાં | બેઠેલ   પક્ષી   ભૂપરે
કરવા ક્ષુધાની શાંતિ નૃપ | નિજ વસ્ત્ર તે પર પાથરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો ૨૬–૨૮ માત્રાઓ જુદા જુદા ચરણમાં રાખીએ તો વિષમ હરિગીત બને છે.

મનહર

આ છંદની બે પંક્તિઓ મળીને ૩૧ અક્ષરો હોય છે. આ બે લીટી તૂક કહેવાય છે. અને એ તૂકને અંતે ગુરુ અક્ષર આવે છે. એમાં દરેક આઠ અક્ષરે યતિ હોય છે.

ઉદ્યમથી એકલો હજારને હઠાવી દીએ,
ઉદ્યમથી ધન ધાન્ય ધાર્યું મેળવાય છે.

સવૈયા એકત્રીસા

માત્રા — ૩૧, તાલ – પહેલી અને પછી ચાર ચાર માત્રાએ. યતિ – ૧૬ મી માત્રાને અંતે. દરેક ચરણને અંતે છેલ્લા બે અક્ષરો અનુક્રમે ગુરુ તથા લઘુ જોઈએ. કેટલીકવાર છેલ્લો વર્ણ ગુરુ પણ હોય છે.

૨ ૧ ૧ ૨ ૨ ૨ ૧ ૧ ૨ ૧ ૧ | ૨ ૨ ૨ ૧ ૧ ૧ ૧ ૧ ૨ ૧
(૧) ઝે ર ગ યાં ને વે ર ગ યાં વ ળી | કાળા કે ર ગ યા ક ર ના ર
પ ર ના તી લા જા તિ લા થી | સં પ કરી ચાલે સં સા ર

(૨) પણ ઊંચા નભના સંચારી | પક્ષિરાજ તું આવ્યો આ
ધરતી પર, ત્યાંથી ઉડ પાછો; | પક્ષહીનનો દેશ જ આ.

મનોયત્ન : ૩૫

છંદો ઓળખો : —

૧ હીરાની કણિકા સમાન ઝળકે, તારા ઝગારે ગ્રહો !
મોતીનાં લૂમખાં બધે લચી રહ્યાં, નક્ષત્રમાળા અહો !

૨ ઓ ઈશ્વર ભજીએ તને મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ થાય અમારું કામ.

૩ લઉં ગુલછડી ? સુગંધમય પાંખડી ? કે ધડી
શિલાશકલને અબોલ વદનેય વાચા દઉં ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ તુજ પાંખ ચળકે પર્ણના ઝૂંડો મહીં ચક્રો રચી,
બ્રહ્માંડને પોષી રહી દૃષ્ટિ અહીં એ છે નકી.

૫ ઓંકારના રટણમાં દિન જાય ચાલ્યા.

૬ ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય,
ચોપાસે વલ્લીઓથી પરિમલ પ્રસરે નેત્રને તૃપ્તિ થાય.

૭ લાંબા જોડે ટૂંકો જાય, મરે ન તોયે માંદો થાય,
તે માટે તક જોઈ તમામ શક્તિ વિચારી કરીએ કામ.

૮ હા, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

૯ જ્યોત્સ્ના-ભીની રજની સ્મરું કે તેજપુષ્પે ગૂંથેલી
વેણી તેની ? અધ ઊઘડી વા મંજરી સ્વપ્ન ઘેલી ?

૧૦ પ્રભો અન્તર્યામી ! જીવન જીવના દીનશરણા,
પિતા માતા બંધુ અનુપમ સખા હિતકરણા.

૧૧ પ્યાલું ઉપાડી ઊભી શેલડી પાસ માતા,
છૂરી વતી જરીક કાતળી એક કાપી.

૧૨ બાંધી ભાતાં કમળકુખનાં ઊડી આકાશ માર્ગે,
સાથી તારા નભ મહીં થશે રાજહંસો રૂપાળા.

૧૩ કમલવત ગણીને બાલના ગાલ રાતા
રવિ નિજ કર તેની ઊપરે ફેરવે છે.

૧૪ કિશોરવય ને કિશોરવય સોણલાં એ ગયાં,
જૂનાં સ્મરણ મીઠડાં, અરર ! ધોળવાનાં રહ્યાં.

૧૫ લાગી છે મુજને તૃષા, જલ ભરી દે તું મને, બોલીને
અશ્વેથી ઊતરી યુવાન ઊભીને ચારે દિશાએ જુએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૬

કાવ્યનું રસદર્શન

આપણે જ્યારે કોઈ કલાની કૃતિનો પરિચય કરીએ ત્યારે આપણને આલૌકિક આનંદનો અનુભવ થાય છે. સુંદર ચિત્ર કે શિલ્પની કૃતિ જોતાં કે સારું કાવ્ય વાંચતાં સહૃદયી અને રસિક જનના અંતઃકરણમાં કલાકારે જે ભાવ કે લાગણી કૃતિમાં નિરૂપી હોય તેનો સંચાર થાય છે અને પરિણામે તેના હૃદયમાં રસનો અનુભવ થાય છે. આમ કાવ્યમાં કવિએ નિરૂપેલા ભાવોથી વાચકના મનમાં તેવા જ પ્રકારના ભાવો અને લાગણીઓ ઉદ્‌ભવે છે, અને તે કાવ્યની ખૂબીનો આસ્વાદ કરી આનંદ પામી કાવ્યમાં લીન બની જાય છે.

કાવ્યનો આસ્વાદ માત્ર રસિકજન કરી શકે છે, કારણ કે તેનામાં રસ માણવાની વૃત્તિ સ્વાભાવિક રીતે જ રહેલી હોય છે. આવી રસવૃત્તિ જો કોઈનામાં ન હોય તો એ પ્રકારનો અરસિક જન કલાનો આનંદ માણી શકતો નથી. રસદર્શનની શક્તિ બહારથી આપી શકાતી નથી, પરંતુ તે અંદર હોય તો તેને કેળવીને સૂક્ષ્મ અને રસગ્રાહી બનાવી શકાય છે.

કાવ્યનો આસ્વાદ

કોઈ પણ કાવ્યનો આસ્વાદ કરવો હોય તો એમાંના કાવ્યતત્ત્વને પોષીને તેનો આવિર્ભાવ કરનારી સામગ્રીનો સવિશેષે પરિચય કરવો જરૂરી છે. કાવ્યમાં નિરૂપાયેલા ભાવદ્વાર વ્યક્ત થતો રસ કે કાવ્યનો ધ્વનિ–એ કાવ્યના આત્માને સ્થાને છે. શબ્દની ચમત્કૃતિભરી પદાવલિ, ભાવાનુકુલ છંદ અને અલંકાર એ બધાં કાવ્યના દેહને સ્થાને છે.

આથી કાવ્યનું રસદર્શન કરવા માટે આ બધાં અંગોનો પરિચય કરવો જરૂરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાવ્યનું સ્વરૂપ

કાવ્યની કોઈપણ કલામય કૃતિનું જ્યારે આપણે વાચન કરીએ છીએ ત્યારે આપણી રસવૃત્તિ જાગૃત બની એક અલૌકિક પ્રકારનો આનંદ કે આહ્‌લાદ અનુભવે છે. કાવ્યમાં જે આહ્‌લાદક તત્ત્વ વ્યાપી રહેલું હોય છે તે કાવ્યનો આત્મા છે અને તે જ કાવ્યને કાવ્ય બનાવે છે. આહ્‌લાદક તત્ત્વનો જ આપણે રસરૂપે આસ્વાદ કરીએ છીએ. આથી એમ કહેવાય છે કે રસ વિના કાવ્ય સંભવે નહિ.

રસ શી રીતે સ્ફુટ થાય છે

કાવ્યમાં સૂક્ષ્મ સ્વરૂપે રહેલો રસ કાવ્યમાં નિરૂપાયેલા સ્થાયી વગેરે ભાવો દ્વારા વ્યક્ત થાય છે, ત્યારે તે જુદા જુદા રસ રૂપે આવિર્ભાવ પામે છે.

દા. ત.: કાવ્યમાં શોકના ભાવનુ વર્ણન કરવામાં આવ્યું હોય છે ત્યારે એ વર્ણન વાચકમાં શોકના સંસ્કારો જાગૃત કરે છે, અને વાચક પોતાની રસવૃત્તિ દ્વારા કાવ્યમાં કરુણ રસનો અનુભવ કરે છે. આ કરુણ રસમાં દુ:ખની લાગણી હોવા છતાં પણ એક પ્રકારનો આનંદ રહેલો હોય છે.

સ્થાયી ભાવો અને રસના પ્રકાર:

માનવીના અંતઃકરણમાં શોક, હાસ્ય, રતિ, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા (કંટાળો) અને વિસ્મયના ભાવોની વૃત્તિ કુદરતી રીતે રહેલી છે. આ ભાવોને સ્થાયી ભાવો કહે છે. કારણ કે એ ભાવના સંસ્કારો અંતઃકરણમાં લાંબા કાળ સુધી સ્થાયી રહે છે અને જ્યારે જ્યારે કલામાંથી રસનો અનુભવ થાય ત્યારે એ સંસ્કારો જાગૃત થાય છે.

રસ જ્યારે આ વિવિધ સ્થાયી ભાવો દ્વારા વ્યક્ત થઈને સ્ફુટ રૂપે અનુભવાય છે, ત્યારે એ જુદા જુદા રસ રૂપે ઓળખાય છે. દા. ત. રસ શોકના ભાવ દ્વારા કરુણ રસ રૂપે પ્રકટ થાય છે. એ જ રીતે હાસ્યના ભાવ દ્વારા **હાસ્ય રસ,** રતિના ભાવ દ્વારા **શૃંગાર રસ,**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રોધના ભાવ દ્વારા **રૌદ્ર રસ,** ઉત્સાહના ભાવ દ્વારા **વીર રસ,** ભયના ભાવ દ્વારા **ભયાનક રસ,** જુગુપ્સાના ભાવ દ્વારા **બીભત્સ રસ,** અને વિસ્મયના ભાવ દ્વારા **અદ્ભુત રસ**નો આનંદ અનુભવાય છે.

આમ ભાવના તથા રસના આઠ પ્રકાર છે.

રસને પોષક સામગ્રી

કાવ્યમાં પ્રસાદ, માધુર્ય કે ઓજસના ગુણો, અર્થ ચમત્કૃતિ, લલિત પદાવલિ દ્વારા સધાતી શબ્દ ચમત્કૃતિ, યોગ્ય છંદ તથા અલંકારો એ બધાં રસને પોષક અને સ્ફુટ કરનાર સામગ્રી છે.

માધુર્ય, ઓજસ, પ્રસાદ

આ ત્રણે ગુણો કાવ્યનો આત્મા જે રસ છે તેમાં વ્યાપેલા હોય છે. કાવ્યમાં આ ગુણો રસની જમાવટ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે અને વાચકના મન પર જુદી જુદી અસર ઊભી કરે છે. **દા. ત.:**

કાવ્યનું વાચન રાગદ્વેષથી કઠોર બનેલા ચિત્તને સ્નિગ્ધ કરીને આનંદ વડે દ્રવિત કરે છે, ત્યારે કાવ્યમાં **માધુર્યના ગુણનો** અનુભવ થાય છે. માધુર્યનો ગુણ શૃંગાર રસ અને કરુણ રસમાં વિશેષ કરીને જોવામાં આવે છે. મૃદુ વ્યંજનો, અનુનાસિક અને હ્રસ્વ સ્વરવાળા 'ર' અને 'ણ' વર્ણોની કોમળ રચના માધુર્યનાં ગુણનાં પોષક છે.

કાવ્યનું વાચન કરતાં આપણને મનમાં જુસ્સો અને તેજસ્વિતાનો અનુભવ થાય છે ત્યારે કાવ્યમાં **ઓજસનો** ગુણ રહેલો હોય છે. ઓજસનો ગુણ વીર રસ અને રૌદ્ર રસમાં માલૂમ પડે છે. ટ વર્ગના વ્યંજનયુક્ત શબ્દો, 'શ' અને 'ષ'નો ઉપયોગ, લાંબા લાંબા શબ્દોની રચના, ખ, છ, ઠ, થ, ફ, ઘ, ઝ, ઢ, ધ, ભ, જેવા મહાપ્રાણ વ્યંજનોનો વપરાશ એ ઓજસ ગુણનાં ઉપકારક છે.

જ્યારે કાવ્યનો અર્થ વાંચતાં જ સરળતાથી સમજાય અને રસનો આસ્વાદ જોતજોતમાં થાય ત્યારે એ કાવ્યમાં **પ્રસાદનો** ગુણ રહેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એમ કહેવાય છે. સરળ શબ્દો, પદોની સરળ રચના, દુર્બોધતાનો અભાવ વગેરે **પ્રસાદ ગુણનાં** ઉપકારક છે.

પ્રસાદનો ગુણ બધા રસોને પોષક છે. આથી કાવ્યમાત્રમાં પ્રસાદનો ગુણ અનિવાર્ય લેખાય છે. અપ્રાસાદિક શૈલીનું કાવ્ય દોષભર્યું ગણાય છે.

અર્થચમત્કૃતિ : શબ્દશક્તિ

શબ્દો ત્રણ અર્થનું સૂચન કરે છે : (૧) વાચ્યાર્થ, (૨) લક્ષ્યાર્થ અને (૩) વ્યંગ્યાર્થ.

શબ્દોની જે ત્રણ શક્તિઓ વડે આ અર્થો સૂચવાય છે તે અનુક્રમે **અભિધા, લક્ષણા** અને **વ્યંજના** કહેવાય છે.

દરેક શબ્દ કોઈ પ્રાણી કે પદાર્થને સૂચવે છે. દા. ત. 'ગાય' એ શબ્દથી અમુક પ્રકારના પ્રાણીનો બોધ થાય છે. શબ્નો આ પ્રકારનો અર્થ સંકેતથી કે પરંપરાથી નક્કી થયેલો છે. આ અર્થને વાચ્યાર્થ કે મુખ્યાર્થ કહે છે. એ શબ્દકોશનો અર્થ છે.

શબ્દની જે શક્તિથી આ અર્થ સમજાય છે તે શક્તિને **અભિધા** કહે છે. આ અભિધા શક્તિ વડે વાચ્યાર્થનો બોધ થાય છે.

(૨)

આવા સીધા વાચ્યાર્થ ઉપરાંત શબ્દથી બીજા આડકતરા અર્થનું પણ સૂચન થાય છે. દા. ત.

૧ ઉપર **વ્યોમ** ઝગઝગી રહ્યું હતું.

૨ એ **તલવારો** ઝઝૂમી રહી હતી.

અહીં 'વ્યોમ'નો વાચ્યાર્થ લઈએ તો વાક્ય અર્થ વિનાનું લાગે છે કારણ કે વ્યોમને કંઈ પોતાનો પ્રકાશ હોતો નથી. આથી 'વ્યોમ'થી સૂચવાતો બીજો અર્થ શોધવો પડે છે. 'વ્યોમ' સાથે 'તારાઓનો' સંબંધ રૂઢિથી જાણીતો હોવાથી, વ્યોમ એટલે અહીં તેમાં રહેલા તારાઓનો અર્થ લેવાનું આપણને તરત સૂઝે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે અહીં 'તારાઓ' એ અર્થ વ્યોમ શબ્દથી લક્ષિત થયેલો છે, એટલે આ અર્થને **લક્ષ્યાર્થ** કહે છે.

બીજા વાક્યમાં પણ 'તલવાર'નો વાચ્યાર્થ લઈ શકાતો નથી, કારણ કે નિર્જીવ તલવાર પોતે ઝઝૂમી શકતી નથી. 'તલવાર' એટલે 'તલવારવાળા યોદ્ધાઓ' એવો લક્ષ્યાર્થ લઈએ તો વાક્યનો અર્થ તરત સમજાય છે.

આમ અહીં શબ્દનો લક્ષ્યાર્થ રૂઢિમૂલક છે.

૧ તમે આ માણસને છંછેડશો નહિ. એ તો **સાપ** છે.

અહીં 'સાપ' શબ્દનો લક્ષ્યાર્થ લેવાનો છે કેમ કે વાચ્યાર્થ બંધબેસતો થતો નથી. 'સાપ' એટલે 'ડંખીલો માણસ' એવો લક્ષ્યાર્થ છે. અહીં માણસનો સ્વભાવ કેવો વેરભર્યો છે એ જણાવવા માટે લક્ષ્યાર્થનો ઉપયોગ કર્યો છે.

આમ કેટલીક વાર લક્ષ્યાર્થ વાપરવામાં કંઈ પ્રયોજન હોય છે. આ પ્રયોજનમૂલક લક્ષ્યાર્થ છે.

શબ્દની જે શક્તિથી લક્ષ્યાર્થનો બોધ થાય છે તે **લક્ષણા** કહેવાય છે.

(૩)

૧ તમે એને પાનબીડીનો આગ્રહ કરશો નહિ. એ તો **આશ્રમવાસી** છે.

અહીં 'આશ્રમવાસી'ના વાચ્યાર્થને કંઈ બાધ આવતો નથી, પણ એ અર્થ ઉપરાંત અહીં બીજો અર્થ પણ સુચવાયો છે. અહીં 'આશ્રમવાસી' એટલે સાદો, સંયમી, વ્યસન વિનાનો માણસ એવો અર્થ પણ વાચ્યાર્થ ઉપરાંત સુચવાયો છે. અહીં કોઈ પ્રકારનો લક્ષ્યાર્થ નથી કારણ કે અહીં વાચ્યાર્થનો બાધ થતો નથી. અહીં તો વાચ્યાર્થની સાથે રહેલો વ્યંગ્યાર્થ સુચવાયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ત્રીજા પ્રકારનો અર્થ છે અને એ વાચ્યાર્થ અને લક્ષ્યાર્થથી ભિન્ન છે.

૨ ગંગા ઉપર ઘર છે.

અહીં 'ગંગા ઉપર' એ શબ્દનો વાચ્યાર્થ લઈ શકાતો નથી કારણ કે ગંગાના પાણી પર ઘર હોઈ શકતું નથી. 'ગંગા' એટલે 'ગંગાનો કિનારો' એવો લક્ષ્યાર્થ અહીં લેવાનો છે. વળી આ લક્ષ્યાર્થ ઉપરાંત આ વાક્યમાં વ્યંગ્યાર્થ પણ રહેલો છે. ગંગા ઉપર ઘર છે એટલે, શીતળતા, પવિત્રતા વડે ભરેલા વાતાવરણમાં આ ઘર છે એવો વ્યંગ્યાર્થ પ્રયોજનમૂલક લક્ષ્યાર્થની સાથે જોડાયેલો છે.

આમ વ્યંગ્યાર્થ વાચ્યાર્થ સાથે કે લક્ષ્યાર્થ સાથે સુચવાય છે.

શબ્દની જે શક્તિથી વ્યંગ્યાર્થનો બોધ થાય છે તે **વ્યંજના** કહેવાય છે.

રચનામાધુર્ય

(૧) **શબ્દ ચિત્રો**—કવિ પોતાના કાવ્યમાં લાગણીઓ, ભાવો તથા કલ્પનાઓને મૂર્તિમંત કરવા માગે ત્યારે તેને સચોટ અને ભાવવાહી શબ્દચિત્રો કે પ્રતીકોની યોજના કરવી પડે છે.

(૨) **ભાષાશૈલી**—વિષય ગંભીર હોય તો તેને પ્રૌઢ શૈલી અનુકૂળ બને છે. સામાન્ય વિષય માટે સરળ અને પ્રાસાદિક શૈલી જ કાવ્યતત્ત્વને પોષક બને છે. સાદા વિષય માટે પ્રૌઢ શૈલીનો ઉપયોગ માથા કરતાં પાઘડી ભારી જેવો લાગે છે.

(૩) **છંદ**—દરેક છંદની પોતાની વિશિષ્ટતા હોય છે. કોઈ ને કોઈ ભાવ વ્યક્ત કરવા માટે અમુક છંદ ખાસ રીતે અનુકૂળ હોય છે. દા. ત. મંદાક્રાંતા છંદમાં કરુણરસ વધારે દીપી નીકળે છે. ચિંતનાત્મક કાવ્યને પૃથ્વી છંદ એની પ્રવાહિતા અને બંધનમુક્તતાને કારણે વધારે પોષક બને છે. ભાવને પ્રતિકૂળ હોય એવા છંદના ઉપયોગથી કાવ્ય વણસી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) **અલંકાર**—ઉચિત રીતે વપરાયેલા અલંકારો કાવ્યની સુંદરતામાં વધારો કરે છે. અર્થાલંકારથી એક પ્રકારની અર્થચમત્કૃતિ સધાય છે. પોતાના વર્ણનને વધુ સચોટ બનાવવું હોય ત્યારે કવિ અલંકારનો આશરો લે છે. દા. ત.

ઘાસ પર ઝાકળની શોભા વર્ણવવી હોય તો કવિ કહેશે: જુઓ, ઘાસ પર પેલાં વિખરાયેલાં મોતી. આમ ઝાકળબિંદુને મોતી સાથે સરખાવીને કવિ વર્ણનની સચોટતા સાધે છે.

કેટલીક વાર કવિ શબ્દાલંકાર વાપરી શબ્દના વર્ણની ચમત્કૃતિ દ્વારા કાવ્યને કર્ણપ્રિય બનાવે છે અને કાવ્યનું સૌંદર્ય વધારે છે. દા. ત.

(૧) ધુ ધુ ધુ ધુ ધુધવતી વહે ઘોર ગંભીર નાદે.

અહીં કવિએ વહેતી નદીના ધ્વનિને શબ્દોમાં ઉતારીને શ્રુતિ ચમત્કાર સાધ્યો છે.

(૨) કામિની કોકિલા કેલી કૂજન કરે.
સાગરે ભાસતી ભવ્ય ભરતી.

અહીં 'ક' અને 'ભ' વર્ણનું પુનરાવર્તન કરીને કવિએ પંક્તિમાધુર્ય વધાર્યું છે અને શ્રુતિ ચમત્કાર સાધ્યો છે.

પદબંધ રચના અને કાવ્ય

સામાન્ય રીતે કાવ્ય છંદોમાં લખાય છે કારણ કે છંદોમાં રહેલી ગેયતા કાવ્યના ભાવને સમૃદ્ધ કરનારી અનેક સામગ્રીમાંની એક છે. પણ આનો અર્થ એવો નથી કે દરેક છંદોબદ્ધ અથવા પદબંધ રચના કાવ્ય હોય છે. કોઈ પદબંધ રચનામાં પદલાલિત્ય હોય, અલંકારોની ચમત્કૃતિ હોય છતાં તે રચનામાં કાવ્યતત્ત્વ હોતું નથી. પરિણામે એ કેવળ એક પ્રકારની પદ્યરચના બની રહે છે, કાવ્ય નહિ.

રસ એ કાવ્યનો આત્મા છે, તો વળી પ્રસાદ વગેરે ગુણો અને વ્યંજના ભરેલી વાણી એ તેનો દેહ છે. અને અલંકારો એ તેના આભૂષણ રૂપ છે. એ ત્રણેના સુમેળથી ઉત્તમ કાવ્ય બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાવ્યના રસદર્શન માટેની સૂચનાઓ

(૧) પ્રથમ, કાવ્ય એક બે વાર વાંચી જવું અને એનો ભાવ તથા ધ્વનિ કે વ્યંગ્યાર્થ સમજવા પ્રયત્ન કરવો.

(૨) કાવ્યમાં રહેલા ભાવો સ્પષ્ટ થાય અને છંદની ગેયતાનું માધુર્ય અનુભવાય એવી રીતે મોટેથી વાચન કરવું.

(૩) અલંકારો, શબ્દચિત્રો, ભાવપ્રતીકો વગેરે શોધી કાઢી તેમના ઔચિત્યની ચર્ચા કરવી.

(૪) છંદ ભાવાનુકૂલ છે કે કેમ તે તપાસવું.

(૫) બધી વીગતો સમજ્યા પછી કાવ્યનું સૌંદર્ય સમગ્ર રીતે માણવા કાવ્યનું ફરીથી વાચન કરવું.

અભ્યાસ

૧

કદી મારી પાસે વન વન તણાં હોત ફૂલડાં
રૂપાળાં, ઓજસ્વી, સુરભિ ઝરતાં હાસ્ય કરતાં,
સજેલાં વા રંગે પુલકિત ઉષા સાંધ્ય નભના,
વિખેરી તે માર્ગે તુજ હ્રદય આહ્‌લાદ ભરતે.
કદી મારી પાસે ઝગ ઝગ થતા હોત હીરલા
પ્રભાવંતા, દૈવી, ત્રણ જગતના દીપ સરખા,
કરીને ઉમંગે તુજ પથ મહીં રોશની સદા
ધરી દેતે સર્વે હરખ થકી તારે ચરણ હું.
પરંતુ ભિખારી મુજ ગરીબ પાસે નહિ કશું—
મીઠાં સ્વપ્નાં હૈયે—મુજ ધન—અને થોડી કવિતા !
હું તો વેરું એ સૌ તુજ પથ મહીં વ્હાલ ધરીને,
જરા ધીમે ધીમે પગ તું ધરજે—છે મૃદુલ એ !

સ્નેહરશ્મિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) કવિ કઈ કઈ વસ્તુઓને અર્ધ્ય તરીકે આપવા માગે છે?

(૨) કવિ પોતાને ભિખારી શા માટે કહે છે? કવિનું ધન શું છે? એનું એ શું કરવા માગે છે?

(૩) કવિ પ્રભુને પોતે ધરેલો અર્ધ્ય શી રીતે સ્વીકારવાનું કહે છે? શા માટે?

(૪) નીચેની પંક્તિઓમાં અલંકાર ઓળખો :

(i) રૂપાળાં ઓજસ્વી સુરભિ ઝરતાં હાસ્ય કરતાં

(ii) હીરલા ત્રણ ભુવનના દીપ સરખા.

ઉત્તર

(૧) કવિની પાસે જો વનવનનાં રંગબેરંગી સુગંધીદાર કુસુમો હોત કે ઝગમગ થતા હીરાઓ હોત તો તે હર્ષથી પ્રભુને સમર્પી દેત. આ ઇચ્છામાં કવિભક્તની મનોદશા વ્યક્ત થાય છે.

(૨) કવિ પાસે નથી કુસુમો, નથી હીરાઓ કે નથી કૈં બીજી દુન્યવી દૃષ્ટિએ અમૂલ્ય લાગે એવી વસ્તુ. આથી કવિ પોતાને ભિખારીની સ્થિતિમાં માને છે. આમ છતાં સંકોચથી કવિ કહે છે કે મારી પાસે મારાં અણમોલાં કાવ્યોરૂપી સ્વપ્નાંઓ અને થોડી લખેલી કવિતાઓ છે. એ જ મારું ધન છે અને એને હું પ્રભુને ચરણે ધરવા માગું છું.

(૩) કવિ પ્રભુને અર્ધ્યની વસ્તુ પર હળવેથી પદસ્પર્શ કરવાનું કહે છે કેમ કે એ કાવ્યરૂપી ફૂલો અતિ કોમળ છે. કવિને પોતાનાં કાવ્યો પ્રત્યે કેવી મમતા છે તે આમાં આબેહૂબ પ્રતિબિંબિત થાય છે.

(૪) (i) સજીવારોપણ — ફૂલોને હાસ્ય કરતાં કલ્પ્યાં છે.

(ii) ઉપમા — હીરાઓને તારાઓ સાથે સરખાવ્યા છે.

(૨)

" રે, થંભી જા સરિત મધુરી નિર્મળાં નીર તારાં,
વ્હેતાં જાતાં કલ કલ થતાં લાગતાં શાં જ પ્યારાં !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને, આ તારી લલિત વહતી, પાતળી સ્વચ્છ કાયા :
—અંને તીરે તરુવર કશાં ઢાળતાં સ્નિગ્ધ છાયા !
સીધી જાતી સમદર ભણી ! સિંધુના ક્ષાર વારિ
ખ્હોળા માંહી ક્યહીં શમી જશે મીઠડી સેર તારી !
ડૂબી જાશે ગરજન મહીં મંજુ મંજુ સિતારી !
રે, થંભી જા મધુરી, ઘડીમાં સિંધુ ખારો થનારી !
"મારા મીઠા તટ-જન, કશી વાત રે, થોભવાની !
આવે વેળા વળી જ વળી, આગે જ આગે જવાની !
ને, થાવાનું ઉદધિમય ? – શી વાત તારી રૂપાળી !
દ્હાડે – રાતે પલ પલ રહી વાર એની નિહાળી !"
સિંધુ હૈયે શમી, નભ ચડી, વર્ષી પાછાં વહેતાં
મીઠાં પાણી કલખલ વહે ગૂઢ કૈં વાત ક્‌હેતાં !

પ્રજારામ રાવળ

(૧) સરિતાને થંભી જવાનું કોણ કહે છે ?
(૨) સરિતા શા માટે થોભી શકતી નથી ?
(૩) સરિતા સિંધુમાં લીન થયા છતાં એનું વ્યક્તિત્વ ગુમાવતી નથી એમ ક્યારે અને શી રીતે સમજાય છે ?
(૪) આ કાવ્યનો પ્રકાર અને છંદ કહો
(૫) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

ઉત્તર

(૧) સરિતાને કાંઠે વસેલા જનો સરિતાને વહેતી થંભી જવાનું કહે છે. આનું કારણ છે. સરિતાનું જળ મીઠું છે અને એના વહેણનો કલકલ થતો નાદ મંજુ સિતારી સમો મધુર છે. સરિતા વહીને સમુદ્ર ભણી ધસી રહી છે પણ એ જનોને યોગ્ય લાગતું નથી. કેમ કે સિંધુમય બનતાં સરિતા ખારી બને અને સાગર ગર્જનમાં સરિતાનું મધુરું સંગીત ડૂબી જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) સરિતાનું જીવનધ્યેય સિંધુને મળવાનું છે તેથી તેને એ દિશામાં ગતિથી જવાનું ગમે છે, અને તેમાંયે યૌવનથી છલકાતી નદી ઉદધિમય બનવા ઉત્સુક બને એ સ્વાભાવિક છે. સિંધુમિલન વિના સરિતાનું જીવનધ્યેય અધૂરું રહે.

(૩) સમુદ્રમાંથી પાણી ખારાશ ત્યજીને વાદળરૂપે ઊંચે ચડે છે, અને વર્ષાઋતુમાં ફરી વરસીને પૃથ્વીને મીઠા પાણીની ભેટ ધરે છે. આમ સરિતા ફરી ફરી સજીવન થયા કરે છે.

(૪) કાવ્ય શેક્સપીરિયન શૈલીનું સૉનેટ છે. એનો છંદ મંદાક્રાંતા છે અને તે કાવ્યના ભાવને પોષક છે.

(૫) શીર્ષક-વિસર્જન.

(૩)

રચો, રચો અંબરચુંબી મંદિરો,
ઊંચા ચણો મહેલ, ચણો મિનારા!
મઢો સ્ફટિકે, લટકાઓ ઝુમ્મરો,
રંગે ઉડાવો જળના ફુવારા!
રચો, રચો ચંદન વાટિકાઓ,
રાચો રચી કંચન સ્થંભમાળા!
ઊંડા તણાવો નવરંગ ઘુમ્મટો,
ને કૈંક ક્રીડાંગણ, ચંદ્રશાળા
રચો ભલે!
અંતર રૂંધતી શિલા
એ કેમ ભાવિ બહુ કાળ સાંખશે?
દરિદ્રની એ ઉપહાસ લીલા
સંકેલવા, કોટિક જીભ ફેલતો
ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે,
ખંડેરની ભસ્મકણી ન લાધશે.

ઉમાશંકર જોષી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) કાવ્યમાં કવિ કોને ઉદ્દેશે છે? કવિના મતે તેઓ શું કરી રહ્યા છે?

(૨) આ પ્રવૃત્તિને કવિ કેવી ગણે છે? શા માટે? કવિના મતે એનું શું પરિણામ આવશે?

(૩) કાવ્ય તમારામાં કયા ભાવનું ઉદ્દીપન કરે છે?

(૪) શબ્દોની પસંદગી અને રચના પર ટૂંક નોંધ લખો.

(૫) આ કાવ્યમાં વપરાયેલા અલંકારોની યોગ્યતા પર ટૂંક નોંધ લખો.

(૬) કાવ્યના ભાવને આ છંદ અનુકૂલ છે? શા માટે?

ઉત્તર

(૧) જે ધનિકો કેવળ ચૂસણનીતિથી ધન એકઠું કરી વિલાસમાં ડૂબ્યા રહે છે, તેમને ઉદ્દેશીને આ કાવ્ય લખાયું છે. કવિ કટાક્ષ કરીને એમને કહે છે કે ભલે તમે મંદિરો, મહેલો કે મિનારાઓ બંધાવી રંગરાગભર્યું જીવન જીવો, પણ એ સર્વ જીવન માનવતાનો દ્રોહ છે એટલું સમજો.

(૨) કવિ આ માનવતાવિહોણી પ્રવૃત્તિને દરિદ્ર લોકોની હાંસી સમાન લેખે છે અને તેથી ભાવિ આ વૃત્તિને લાંબો કાળ સાંખી લેશે નહિ. ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જ્યારે ભડભડ બળવા લાગશે ત્યારે ક્રાંતિની આંધીમાં આનો એવો તો વિનાશ થશે કે એ વૈભવની ઝાંખી કરવાનીયે રહેશે નહિ.

(૩) છેલ્લી પંક્તિમાં કવિ 'ભસ્મકણી ન લાધશે' કહીને પ્રલયની આગાહી કરી આપણામાં પુણ્યપ્રકોપની લાગણી જાગ્રત કરે છે.

(૪) અંબરચુંબી મંદિરો, ઝુમ્મરો, ચંદન વાટિકાઓ, નવરંગ ઘુમ્મટો વગેરે શબ્દોની મદદથી કવિએ વિલાસી જીવનનું આબેહૂબ શબ્દચિત્ર ખડું કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રચો રચો, રાચો રચી, રચો ભલે વગેરે શબ્દોની પુનરુક્તિ કરી કવિએ કટાક્ષની તીવ્રતા સાધી છે.

પ્રજા ભૂખે મરે તો તેમનામાં કેવી વિનાશકારી શક્તિ જાગે અને તેનું શું પરિણામ આવે તે 'કોટિક જીભ' અને 'ભસ્મકણી ન લાધશે' એ શબ્દો દ્વારા કેવી તાદશ વર્ણવી છે!

(૫) અંતર રૂંધતી શિલા — રૂપક અલંકાર. ગરીબોના હૃદયને છૂંદી નાખતા વૈભવો એ શિલારૂપ છે અને વૈભવ પોતે ધનિકના અંતઃકરણના 'ધ્વનિને રૂંધી નાખતી' શિલા બને છે એવી અર્થ-ચમત્કૃતિ આ અલંકારે સાધી છે.

કોટિક જીભ ફેલતો જઠરાગ્નિ — સજીવારોપણ અલંકાર. કોટિક જીભની કલ્પના વિનાશના ચિત્રને કેવી અનુરૂપ છે!

(૬) ઉપજાતિ છંદની ટૂંકી ટૂંકી લીટીમાં સંયમિત થઈ ક્રોધનો આવેગ એક પંક્તિમાંથી બીજી પંક્તિમાં ધસી વધુ વેગવાન બને છે, અને છેવટે પૂરા જોસથી ભભૂકી ઊઠે છે. કવિએ આ રીતે ભાવને અનુકૂળ છંદની યોજના કરી છે.

સ્વાધ્યાય : ૩૬

કાવ્યની નીચે આપેલા પ્રશ્નો વાંચી તેના ઉત્તર આપો.

(૧)

આવ્યો વ્હાલે વતન હરખે દીર્ઘ કૈં વર્ષ વીત્યે,
દોડ્યો જોવા પરિચિત બધાં સ્થાન સૌ બાલ્યકેરાં –
જોયો વ્હાલો વડ જહીં રમ્યો આમલી–પીપળી તે
નાનુ, હલ્લુ, રતુ, રમણની સાથ; ને જીર્ણ દેરાં
જોયાં સર્વે નજર ભરીને; કિન્તુ એ આજ જાણે
પૂછે તેને અપરિચિત શાં — 'કોણ તું? કેમ આવ્યો?'
હૈયું ડૂબ્યું, મુખ પડી ગયું, જાગિયા કંપ પ્રાણે —
જાણે તેને વદન વતને હા! તમાચો લગાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હુંયે જ્યારે ત્યજી જગત આ અન્ય કો લોકમાંથી
જોવા મારાં પ્રિયજન બધાં કોક એકાંત રાતે
આવું પાછો કદીક અહીં જો, ત્યાર આ ભોમમાંથી
'જા ! જા ! પાછો !' સ્વર રણકશે ? ને વળી ક્રૂર હાથે
હૈયું મારું કચરી ચીરી આ ભોમ ભૂંડી મઝાકે,
પાછા મારા પગ રહી જશે વાળી હા ! એમ ના કે ?

સ્નેહરશ્મિ

૧. પરદેશથી લાંબે સમયે પોતાના વહાલા વતનમાં આવનાર સૌથી પ્રથમ શું કરવા આતુર હોય છે ? શા માટે ?

૨. એને મુખ પર તમાચો પડ્યો હોય એવી લાગણી ક્યારે અને શી રીતે થાય છે ?

૩. વતન આવનારને થયેલા આ નિરાશાના અનુભવમાંથી કવિને શો વિચાર આવે છે ? એમાં આશા છે કે નિરાશા ? કઈ પંક્તિ દ્વારા એ સ્પષ્ટ થાય છે ?

૪. આ કાવ્ય કયા પ્રકારનું છે ? એનો છંદ ભાવાનુકૂલ છે કે નહિ ?

૫. કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

૬. હૈયું મારી . . . એમ ના કે ? આ પંક્તિઓમાં રહેલો વિચાર સ્પષ્ટ કરો.

(૨)

ઝંખે છે ભોમ પાણી પાણી, ઓ મેહુલા !
ઝંખે છે ભોમ પાણી પાણી !
તુંને શું આગ આ અજાણી ? ઓ મેહુલા !
મેલાં આકાશ, જાણે મૃત્યુની ખીણ ખડી,
સૂરજની ચેહ ત્યાં ચેતાણી, ઓ મેહુલા !
હજીય ખડા ન ખેંચાણી ? ઓ મેહુલા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝંખ્યા છે વાયરા ને ઝંખી રતુમડી
મેલી દિશાઉં ધૂંધવાણી, ઓ મેહુલા !
તોયે ના આરજૂ કળાણી ? ઓ મેહુલા !
ઉજ્જડ ટીંબાની વાવ ખાલી ભેંકાર પડી
સીમે આ શોક-સોડ તાણી, ઓ મેહુલા !
તોયે ના પ્યાસ પરખાણી ? ઓ મેહુલા !
ભાંભરતાં ભેંસ ગાય, પંખી ગુપચુપ જાય,
ચાંચો ઉઘાડી . . . બિડાણી ઓ મેહુલા !
જાગી ન જિંદગીની વાણી ? ઓ મેહુલા !
મારી માનવની આંખ જોતી ક્ષિતિજે કરાળ
તારી ના એક રે એંધાણી, ઓ મેહુલા !
તારી કાં એક ના એંધાણી ? ઓ મેહુલા !

સ્વપ્નસ્થ

૧. કોણ કોણ ઉત્સુકતાથી વરસાદની રાહ જોતાં કવિને દેખાય છે ?
૨. આ દુનિયા પર મેહુલાના રૂસણાની શી શી અસર થઈ ?
૩. માનવીની આંખ ક્યાં ઠરી રહી છે ? કેમ ? કવિએ માનવીની નિરાશા કઈ પંક્તિ દ્વારા વ્યક્ત કરી છે ?
૪. સ્પષ્ટ કરો :

(i) જાગી ન જિંદગીની વાણી. (ii) સીમે આ શોક-સોડ તાણી. (iii) ક્ષિતિજને કરાળ કેમ કહી છે ?

૫. નીચેની કડીમાં અલંકારો ઓળખાવો :

(i) તુંને શું આગ આ અજાણી ઓ મેહુલા !
(ii) સીમે આ શોક-સોડ તાણી ઓ મેહુલા !
(iii) મેલાં આકાશ, જાણે મૃત્યુની ખીણ ખડી.

(૩)

મને જો ચાહો તો વિશદ ઝરણા જેમ વહવા
દિયો, છુટ્ટું મૂકો સમદર વિષે નાવ તરતું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પસારી પાંખો વા, વિહગ ઊડવા દ્યો વિયતમાં
પ્રફુલ્લેલાં પુષ્પે પરિમલ ભલે આપ પ્રગટે.
કસાવા દ્યો, શક્તિ વિકસી ઊઠશે જાતબળથી,
ઝરાને સિંધુમાં ગ્રથિત કરી દેશે, સુમનના
પરાગે પૂજેલા પવન પમરાવી જગ વિષે
જનોની દૃષ્ટિમાં સદય ઉરની સ્ફુર્તિ ભરશે.
પરાયા આધારે ગિરિશિખર ટોચે પગ દઈ
નિહાળું સૃષ્ટિના સમદર ભલે સાત ગરવા,
રસેલી વા હેમે અલક નગરીઓ અણુમૂલી;
મને એથી વહાલું ડગલું ભરવું એક અઘરું,
પ્રયત્ને પોતાના તસુભર જમીનેય જીતવી,
ભલે સ્વલ્પ ક્ષેત્રે ભુજબળ થકી સિદ્ધિ વરવી.

રામપ્રસાદ શુકલ

૧. કવિ શાની ઝંખના કરે છે? એ ઝંખના કોના દૃષ્ટાંત દ્વારા વ્યક્ત કરે છે? એ દૃષ્ટાંતો ઉચિત છે?
૨. આપબળે જાગેલી શક્તિને કવિ કોની સાથે સરખાવે છે? એ તુલના યોગ્ય છે તે બતાવો.
૩. કવિને કઈ વસ્તુ ભવ્ય છતાં ગમતી નથી? શા માટે?
૪. 'ડગલું ભરવું એક અઘરું' કવિને કોનાથી અને શા માટે વહાલું લાગે છે?
૫. કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

(૪)

વર્ષોજૂનું વૃક્ષ ઊભું સમક્ષ
સ્વસ્થાનેથી એ ચળ્યું ના જરીક
જ્યાં એ ઊગ્યું, ત્યાં ફળ્યું ત્યાં જ ફૂલ્યું,
ત્યાંની શોભાવૃદ્ધિને કાજ જીવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની ડાળીએ પંખીએ નીડ ગૂંથ્યા,
એની નીચે ઢોર આરામ લેતાં;
એની શીળી છાંયમાં પાંથ સૂતા,
એને છેદે તેમના તાપ લૂછ્યા !
જાણે તીણા સૂર્ય તાપે તપીને
એણે વીંઝયા વાયુ સંતપ્ત હૈયે.
એની દેખી નીલ ઘેરી ઘટાઓ
મોરો નાચ્યા, હેલનાં દર્દ ખૂટયાં.
ભાળી એની ! ઝાડ એ, માનવીને
ભાળું, શાને ભાખવો ફેર ? લાજું !

૧. વૃક્ષના કયા ગુણો કવિનું ધ્યાન ખેંચે છે ? વૃક્ષનું જીવન સાર્થક થયું એમ કવિ કઈ પંક્તિ દ્વારા સૂચવે છે ?
૨. વૃક્ષે અન્ય પર શી રીતે ઉપકાર કર્યા ?
૩. કવિ વૃક્ષને જોઈને આનંદ પામે છે, પણ તરત જ તેને વિષાદ થાય છે. શા માટે ?
૪. આ કાવ્યનો પ્રકાર કહો.
૫. કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

(૫)

ગાળી લાંબો સમય દૂરનાં દોહ્યલાં પાણી પી પી,
જાવાં હાવાં જનમભૂમિએ પ્રાણ નાખે પછાડા.
કૂવા કાંઠે કમરલળતી પાણિયારી, રસાળાં
ક્ષેત્રે ક્ષેત્રે અનિલ લહરે ડોલતાં અન્નપૂર્ણા.
હિંડોળંતાં હરિતતૃણ ને ખંતીલા ખેડૂતોનાં
મીઠાં ગીતો, ગભીર વડલા, શંભુનું જીર્ણ દેરું,
વાગોળંતાં ધણ, ઊડીં રહ્યો વાવટો વ્યોમ ગેરુ.
ઓછી ઓછી થતી ભગિની, લંગોટિયા બાલ્ય ભેરુ :
ઝંખી નિદ્રા મહીં ઝબકતો જાગતાં નિંદ લેતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેલા હૈયા ! સહુય મળશે, કિંતુ કાલાગ્નિમાંથી
સંભાળેલા સ્મૃતિ સુમનના સારવેલા પરાગે
સિંચાયેલું અમ નીરખવું મોઢું ક્યાં માવડીનું ?
વ્હાલી તોયે જનનીરહિતા જન્મભૂમિ ન તોષે,
જીવું ઝંખી જનનીસહિતા જન્મભૂમિ વિદેશે.

રમણીક અરાલવાળા

૧. કવિના પ્રાણ શા માટે પછાડા નાખે છે ?
૨. કવિને જાગ્રત કે સુપ્ત અવસ્થામાં શાની ઝંખના થાય છે ?
૩. બાલ્યાવસ્થાની મધુર સ્મૃતિઓને અંતે કવિ કઈ સ્મૃતિથી વ્યથા અનુભવે છે ?
૪. જન્મભૂમિમાં જવાની ઝંખના છતાં કવિ વિદેશમાં જ કેમ જીવવું પસંદ કરે છે ?
૫. સમજાવો : (i) દોહ્યલાં પાણી પી પી (ii) જાગતાં નિંદ લેતો (iii) છેલ્લી બે પંક્તિઓ.

(૬)

નદી દોડે, સોડે ભડભડ બળે ડુંગર વનો,
પડે ઓળા પાણી મહીં સરિત હૈયે સળગતી,
ઘણું દાઝે દેહે, તપી તપી ઊડે બિંદુ જળનાં,
વરાળો હૈયાની પણ મદદ કૈં ના દઈ શકે;
જરી થંભી જૈને, ઊછળી, દઈ છોળો તટ પરે
પહાડોને છાંટી શીતળ કરવાનું નવ બને;
અરે ! જે પહાડોએ નિજ સહુ નિચોવી અરપિયું
નવાણોમાં, તેને સમય પર દૈ બુંદ ન શકે.
કિનારાની આંકી જડકઠણ માઝા કયમ કરી
ઉથાપી લોપીને સ્વજનદુઃખને શાંત કરવાં ?
નદીના પાસેના સળગી મરતાને અવગણી
જવું સિંધુ કેરા અદીઠ વડવાગ્નિ બૂઝવવા;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી ત્યાંથી કો'દિ જળભર ભલે વાદળી બની
વહી આવી આંહી ગિરિદવ શમાવું થઈ રહે.
અરે ! એ તે ક્યારે? ભસમ સૌ થૈ જાય પછીથી ?

ઉમાશંકર જોષી

૧. સરિતાને હૈયે સળગવાનો શો પ્રસંગ આવ્યો ?
૨. સરિતાને શું કરવાની ઇચ્છા થાય છે ?
૩. સરિતાને શી વેદના થાય છે ? શા માટે ?
૪. ગિરિદવને શમાવવાનું સરિતાથી ક્યારે બને છે ? એ કૃત્યથી સરિતાને સંતોષ ન થાય એમ કવિ શી રીતે સૂચવે છે ?
૫. આ કાવ્ય દ્વારા માનવજીવન વિશે કવિએ શી ફરિયાદ કરી છે ?

(૭)

સમુદ્ર ભણી ઊપડ્યા કમરને કસી રંગથી,
અટંક મરજીવિયા, ડગ ભરંત ઉત્સાહનાં;
પ્રદીપ્ત નયનો, અથાગ બલ ઊભરે અંગથી;
મહારવ તણી દિશા પર ઠરી બધી ચાહના.
ડર્યાં પ્રિયજનો; બધાં સજલ નેત્ર આડાં ફર્યાં.
શિખામણ દીધી, "વૃથા જીવન વેડફો કાં ભલા,
કહીંથી વળગી વિનાશકર આંધળી આ બલા ?"
પરંતુ દૃઢ નિશ્ચયી નહીં જ એમ વાર્યા વર્યા.
ગયા ગરજતા અફાટ વિકરાલ રત્નાકરે,
તરંગ ગિરિમાળશા હૃદય ઉપરે આથડ્યા;
હઠ્યા ન લવ તોય, સાહસિક સર્વ કૂદી પડ્યા.
અગાધ જળમાં, પ્રવેશ કીધ કાળને ગહ્વરે,
ખૂંદ્યાં મરણનાં તમોમય તળો અને પામિયા
અખૂટ મણિમોતી કોષ; લઈ બ્હાર એ આવિયા.

પૂજાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. મરજીવિયાની મીટ હંમેશાં ક્યાં મંડાયેલી હોય છે? કેમ?
૨. મરજીવિયા સફરે નીકળે છે ત્યારે તેમનાં પ્રિયજનો પર શી અસર થાય છે? પ્રિયજનો મરજીવિયાના જીવનને કેવું ગણે છે?
૩. પ્રિયજનો શેને વિનાશકર આંધળી બલા કહે છે? શા માટે?
૪. કવિએ મહાસાગરને કાળનું ગહ્‌વર કેમ કહ્યો છે?
૫. મરજીવિયાના સાહસનો શો બદલો મળ્યો?
૬. લક્ષ્યાર્થ અને ઉપમા અલંકાર દર્શાવતી પંક્તિઓ શોધો.

પ્રકરણ ૧૭

વિચાર-વિસ્તાર

જ્યારે આપણે કોઈ કહેવત સાંભળીએ છીએ ત્યારે તેમાં કોઈ સિદ્ધાંત કે સરસ અનુભવ કે જ્ઞાન એક સુંદર વિચારકણિકા રૂપે રજૂ થયેલું લાગે છે. એવી કોઈ કહેવતમાં સમાયેલા વિચારને કે રહસ્યને સમજાવવા માટે આપણે જીવનમાંથી કોઈ પ્રસંગનો, દૃષ્ટાંતનો કે દલીલનો આશરો લેવો પડે છે. એમ કરીને આપણે કહેવતમાં રહેલા વિચારને ભાષામાં વિસ્તારપૂર્વક જણાવીએ છીએ. એ જ રીતે સૂત્રો અને કાવ્યપંક્તિઓમાં રહેલા ગૂઢ વિચારોને સમજાવવા માટે આવું વિસ્તારપૂર્વકનું લખાણ કરીએ, ત્યારે તેનો વિચારવિસ્તાર કર્યો એમ કહેવાય છે. વિચારવિસ્તાર હંમેશાં મૂળ લખાણને સચોટ અને સ્પષ્ટ રીતે સમજાવવા માટે કરવામાં આવે છે. આમ વિચારવિસ્તારનું લેખન સંક્ષેપ લેખનથી ઊલટા પ્રકારનું બને છે.

વિચારવિસ્તાર માટે સૂચનાઓ

૧. વાક્યમાં કે પંક્તિમાં સૂચવાયેલા રહસ્ય કે ધ્વનિને સમજવા પ્રયત્ન કરવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. ધ્વનિ સમજ્યા કેડે એને સમજાવવા માટે જીવનમાં કોઈ પ્રસંગ, દૃષ્ટાંત કે યોગ્ય દલીલ શોધી લખાણમાં તેનો ઉપયોગ કરવો. આ બાબતમાં નકામું પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવી.

૩. વિચારવિસ્તાર માટેનું લખાણ આઠ દશ લીટીથી વધારે લાંબું કરવાની ભાગ્યે જ જરૂર પડે છે, કારણ કે અહીં લાંબો નિબંધ લખવાની દૃષ્ટિ હોતી નથી.

૪. વિચારવિસ્તારના લખાણની કસોટી એ છે કે મૂળ લખાણમાં રહેલો ધ્વનિ સ્પષ્ટ અને સચોટ રીતે એમાં સમજાય છે કે નહિ.

નમૂનો

અરીસો છે દૈવી હૃદય રૂપ જોવા જગતને,
છબી એમાં સાચી અવર જનની સત્વર પડે.

અરીસો સીધો અને સ્વચ્છ હોય તો તેમાં પ્રતિબિંબ સુરેખ રીતે પડે છે અને તે પરથી પ્રતિબિંબિત થયેલી વસ્તુ સારી છે કે નરસી, સુંદર કે અસુંદર તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. વક્ર સપાટીના મેલા અરીસામાં પ્રતિબિંબ વિકૃત પડે છે. ઈશ્વરે માનવીને હૃદય આપ્યું છે તે જાણે અરીસા જેવું છે. માનવીનું હૃદય જો સ્વચ્છ અને સરળ હોય તો તે અન્ય માણસોના સારા–નરસાપણાને હૃદયની લાગણીથી ઝટ પારખી શકે છે. પણ માનવી જો પોતાના હૃદયને વિકૃત કરે છે, તો એના હૃદય અરીસામાં પ્રતિબિંબ સાચું પડતું નથી અને એ રીતે તે ઈશ્વરી બક્ષિસ એળે ગુમાવે છે.

(૨)

હાં, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

જેમ મેલ લાગવાથી માનવીનો દેહ મલિન બને છે અને તેને સ્નાનની જરૂર પડે છે, તેમ પાપ કરવાથી માનવીનું અંતઃકરણ મલિન બને છે અને તેને સ્વચ્છ કરવા કોઈ પણ સ્નાનની જરૂર પડે છે. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્નાન કર્યું ? કેટલાક માને છે યાત્રાના સ્થળે કોઈ પવિત્ર નદીમાં ડૂબકી મારી સ્નાન કરવાથી પાપ ધોવાઈ જાય છે અને માનવીનું અંતઃકરણ ફરીથી સ્વચ્છ બને છે. પણ આ માન્યતા જૂઠી છે એમ કવિ માને છે, અને તેથી કહે છે કે પાપીને સ્નાન કરવા માટે તો ઈશ્વરે પોતે પસ્તાવારૂપી ઝરણુને પેદા કર્યું છે. એ ઝરણુ માનવીની અંદર જ રહે છે અને એને જાગ્રત કરી એમાં સ્નાન કરવાનું પણ એના હાથમાં છે. પસ્તાવો કરવાથી માનવીના અંતઃકરણના મેલ ધોવાઈ જાય છે અને એ ફરીથી પુણ્યાત્મા બને છે.

મનોયત્ન : ૩૭

વિચારવિસ્તાર કરો :

૧. જન્મને જીવનાં કૃત્યો છે આકસ્મિક સૌ અરે,
પાસા ફેંકે જનો સર્વે, દા દેવો હરિ હાથ છે.

૨. બેસે છે ભાગ્ય બેઠાનું, ઊભું ઊભા રહેલનું,
સૂતેલાનું દીસે સૂતું, ચાલે ભાગ્ય ચલંતનું.

૩. જેણે મન જીત્યું, તેણે જગત જીત્યું.

૪. દુઃખીના દુઃખની વાતો સુખી ના સમજી શકે,
સુખી જો સમજે પૂરું, દુઃખ ના વિશ્વમાં ટકે.

૫. જે ઊગ્યું તે આથમે, ફૂલ્યું તે કરમાય,
એહ નિયમ અવિનાશનો જે જાયું તે જાય.

૬. હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે, વિમલ દિલના ગુપ્ત બળથી.

૭. અરે પ્રારબ્ધ તો ઘેલું, રહે તે દૂર માગે તો,
ન માગે, દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે.

૮. કોને નિત્યે સુખ નભી રહ્યું, એકલું દુઃખ કોને ?
નીચે ઊંચે ફરી રહી દશા, ચક્રઆરા પ્રમાણે.

૯. અક્કલ ઉધારે ના મળે, હેત ન હાટ વેચાય.

૧૦. એક અસત્યથી જન્મે, અસત્યો બહુ જૂજવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧. રે, આશામાં મધુર સુખ તે તૃપ્તિમાં કેમ છે ના ?
ને તોયે સૌ હૃદય ધરતાં તૃપ્તિની કેમ આશા ?
૧૨. હું માનવી માનવ થાઉં તો ઘણું.
૧૩. હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જ્યમ શ્વાન તાણે.
૧૪. દેખી બૂરાઈ ના ડરું હું, શી ફિકર છે પાપની ?
ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની.
૧૫. કટુ વાણી સુણે જો તું નકી વાણી મીઠી કહેજે,
પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે.
૧૬. સતત સુખના લ્હાવા લેવા કસાવું ઘડી ન કાં ?
અવનતિ સહી લેવી શાણી ! ન ઉન્નતિ માટ કાં ?

પ્રકરણ ૧૮

સંક્ષેપલેખન

કોઈ એક લખાણના સારભૂત મુખ્ય મુદ્દાઓને ફરીથી ટૂંકાણમાં અને સરળ ભાષામાં રજૂ કરીએ તો તેનો સંક્ષેપ કર્યો કહેવાય. આવા લેખનને સંક્ષેપલેખન કહે છે.

આપણો એ અનુભવ છે કે વહેવારમાં આપણે ઘણી હકીકતો મોઢે કે લખાણ દ્વારા ટૂંકાણમાં રજૂ કરવી પડે છે. વર્તમાનપત્રોના ખબરપત્રીઓને તો લાંબાં લાંબાં ભાષણોનો સાર ટૂંકમાં રજૂ કરવાની કળા સાધવી પડે છે. એ જ રીતે મોટા વિદ્યાર્થીઓને પુસ્તકોમાંથી અભ્યાસની નોંધ તૈયાર કરવામાં, વકીલોને મુદ્દાઓની રૂપરેખા, અને સરકારી કચેરીઓમાં તુમારની ટૂંકી નોંધો તૈયાર કરવામાં સંક્ષેપ કરવાની કળા અગત્યનો ભાગ ભજવે છે.

સંક્ષેપલેખન કરવા માટે મુદ્દાસરનું વાચન કરવાની ટેવ પાડવી જોઈએ. જો એ ટેવ ન પાડીએ તો અગત્યની હકીકત અને બિન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂરી વિગતો વચ્ચે ગૂંચવાડો ઊભો થાય છે. આથી એ બે વચ્ચેનો ભેદ પારખવાની શક્તિ ખીલવવી જોઈએ.

સંક્ષેપલેખનની પણ એક કળા છે અને તેને ખીલવવા માટે મહાવરાની જરૂર રહે છે. સંક્ષેપલેખનનો મહાવરો પાડવાથી બે ફાયદા થાય છે: (૧) પદ્ધતિસરનું અને સમજપૂર્વકનું વાચન કરવાની ટેવ પડે છે; (૨) મુદ્દાસરનું અને ટૂંકાણમાં સમગ્ર વિષયને રજૂ કરતું સચોટ લખાણ લખવાની કળા પર કાબૂ આવે છે.

આ દૃષ્ટિએ સંક્ષેપલેખન ભાષાશિક્ષણમાં એક મહત્ત્વના સ્થાને આવે છે.

સંક્ષેપલેખન વિષે સૂચનાઓ

૧. સંક્ષેપ માટે આપેલા ફકરાનું સમજપૂર્વક વાચન કરવું અને મુખ્ય મુદ્દાઓની તારવણી અને નોંધ કરવી.
૨. બિનજરૂરી વિગતો, અલંકારો તથા દૃષ્ટાંતોને છોડી દેવાં.
૩. મુખ્ય મુદ્દાઓ ભેગા કર્યા પછી જરૂર હોય તો ક્રમવાર ગોઠવવા.
૪. મૂળ લખાણનો મર્મ સમજીને સંક્ષેપલેખન માટે મથાળું કે શીર્ષક શોધવું.
૫. મુખ્ય મુદ્દાઓને આધારે લેખકે સરળ ભાષામાં પોતાનું સ્વતંત્ર લખાણ કરવું. મૂળ લખાણનાં અહીંતહીંથી ઉપાડેલાં વાક્યોને જોડીને કરેલું થીંગડિયું લખાણ એ સંક્ષેપલેખન કહેવાય નહિ.
૬. સંક્ષેપલેખનનું કદ મૂળ લખાણના લગભગ ત્રીજા ભાગ જેટલું સામાન્ય રીતે હોવું જોઈએ.

અર્થઆકલન

કોઈ એક લખાણ વિદ્યાર્થીઓ સમજ્યા છે કે નહિ તેની કસોટી એ લખાણમાંના વિચારો, તેની ભાષા, તેના શબ્દપ્રયોગો વગેરે ઉપર પ્રશ્નો પૂછીને કરવામાં આવે છે. વિદ્યાર્થીને લખાણના અર્થનું આકલન થયું કે નહિ તેની કસોટી કરવાની આ એક રીત છે. અર્થના આકલનને અર્થસમીક્ષા પણ કહે છે. અર્થસમીક્ષા એટલે અર્થને સારી પેઠે સમજવો તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થઆકલન માટે સૂચનાઓ

૧. આપેલા લખાણનું સમજપૂર્વક વાચન કરવું અને તેનો અર્થ સમજવાનો પ્રયત્ન કરવો. પછી પ્રશ્નો વાંચવા.

૨. આ પછી દરેક પ્રશ્ન લઈ ફરીથી વાચન કરતાં કરતાં તેનો ઉત્તર ખોળી કાઢવો.

૩. પ્રશ્નોના ઉત્તર મુદ્દાસરના અને તમારી પોતાની ભાષામાં આપવા. ઉત્તર આપવામાં નકામું લંબાણ કરવું નહિ.

૪. કોઈ રૂઢ પ્રયોગ કે કોઈ વાક્યની સમજૂતી માગી હોય તો તેનો ઉત્તર બહુ વિસ્તારથી નહિ પણ મુદ્દાસર લખાણ કરીને આપવો.

(૧)

ચોવીસ કલાક સંગીત, દરેક લખાણમાં કાવ્ય, ડગલે ને પગલે દીવાઓ, જ્યાં ત્યાં વખાણ—એવું કરવાથી કળા સચવાતી નથી. મુંબઈ જેવાં શહેરોમાં દિવસરાત ઘેરે ઘેર ગ્રામોફોન કે રેડિયોના કોલાહલથી મુંબઈમાં ગાન–સંસ્કારિતા વધી છે એવો તો અનુભવ થયો નથી. સાદાઈ, સ્વચ્છતા, મોકળાશ, શાંતિ અને ઠરેલપણા વગર કળા ખીલે જ નહિ. જે આખો જન્મારો ગળ્યું ગળ્યું ખાય છે, ગરમ ગરમ ખાય છે, અથવા આઈસક્રીમ ઉપર જ જીવે છે તેની સ્વાદશક્તિ બહેર મારી જાય છે. એની સ્વાદશક્તિ અને પારખશક્તિ બૂઠી થઈ જાય છે. જેને રોજ ખુશામત કરવી પડે છે અથવા રોજ ખુશામત સહન કરવી પડે છે તે માણસમાં કોઈની કદર કરવાની શક્તિ જ રહેતી નથી. એટલા ખાતર કળાકારોએ અને કળારસિકોએ સાદાઈ અને સંયમનું જીવની પેઠે જતન કરવું જોઈએ. સાદાઈ, સંયમ અને વીરતા એ ત્રણ વગર જીવન છીછરું અને અકુલીન થઈ જાય છે. જેમ મરજીવાઓને ઊંડાણમાં પાકતાં મોતીઓ મળે છે, તેમ જેમણે વીરતા કેળવી છે તેમને જ જીવનકળાનું તો શું દરેક કળાનું રહસ્ય મળવાનું છે. કેવળ પૃષ્ઠ ભાગ ઉપર તરનારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરાક મોજ માણી શકે. મહાસાગરની તિમિંગલ માછલીઓ જુદી અને ચાંગળા પાણીમાં કૂદાકૂદ કરનારી શફરીઓ જુદી.

મુદ્દાઓ :

કોઈ પણ બાબતમાં અતિશયતા કળાની પોષક નથી–બેહદ સંગીત ગાનસંસ્કારિતા વધારતું નથી–કળા માટે સાદાઈ અને સંયમ–રોજ ખુશામત કરવાથી કે સાંભળવાથી કદર કરવાની શક્તિ નષ્ટ થાય—આથી કળાકારનું જીવન સાદું, સંયમી, વીરતાભર્યું—વીરતા વિના જીવનનું રહસ્ય ન મળે–મરજીવિયા અને તિમિંગલ માછલીનું દૃષ્ટાંત.

સંક્ષેપ

કોઈ પણ બાબતમાં અતિશયતા હોવી એ કળાની પોષક નથી. મુંબઈમાં સમય કસમયે વાગતા ગ્રામોફોન કે રેડિયોથી ગાન સંસ્કારિતા વધતી નથી, કોલાહલ વધે છે. રોજ ખુશામત કરવાથી કે સાંભળવાની ટેવથી માણસ અગત્યના ગુણોની કદર કરવાની શક્તિ ગુમાવે છે. આથી કળાકારનું જીવન સાદું, સંયમી અને વીરતાભર્યું હોવું જોઈએ. તેમાંયે વીરતા એ કળાકારના જીવનનું લૂણ છે. જેમ સાહસિક મરજીવિયો જ મોતી પામે અને તિમિંગલ સાગરનું ઊંડાણ જાણી શકે, તેમ વીર કલાકાર જ જીવનનું રહસ્ય પામી શકે.

(૨)

વાદળાં અને સમુદ્ર બંને વિશાળ છે. બંનેનો સહયોગ છે. વાદળાંઓ વરસીને દુનિયાને પાણી આપે છે અને મોજાંઓ તપ તપીને વાદળાંને પુષ્ટ કરે છે. આમ તેઓ બંને સનાતન યજ્ઞ ચલાવે છે, છતાં દરેકનો સ્વભાવ ધર્મ જુદો તે જુદો જ. જો કોઈ વાદળાંને કહે કે સમુદ્ર જોડે સહકાર કરવા તમે સમુદ્રની અંદર આવી રહી જાઓ તો તે શું બનવા જોગ છે? તેથી શું દુનિયાને લાભ થશે? વાદળાંનું વાદળાંપણું મટી જશે અને સમુદ્રને કશો જ લાભ ન થાય. દરેક પોતાને ઠેકાણે જ યોગ્ય છે. પોતાનો સ્વભાવ ધર્મ સાચવીને જ બીજાને મદદ કરી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવેક ખાતર એકબીજાનું અનુકરણ ભલે કરે. સમુદ્ર કોક કોક વખતે શાંત પડીને ભલે વાદળાંનું પ્રતિબિંબ દેખાડે અથવા તો ક્ષુબ્ધ થઈને ભલે વાદળાંનો રંગ ધારણ કરે અને વાદળાંઓ પણ ભલે કોઈક કોઈક વાર સમુદ્રનાં મોજાં જેવા આકાર બતાવે પણ બંને જુદાં તે જુદાં જ. અને જુદાં છે માટે જ સહકાર કરી શકે છે. એક પાસે છે તે બીજા પાસે નથી એવી સ્થિતિ હોય, અને તેથી બંનેને એકબીજાની જરૂર હોય ત્યારે જ પરસ્પર પોષક સહકાર થઈ શકે છે. કુદરતમાં સર્વત્ર એ જ નિયમ છે. માણસ સમજે તો મનુષ્યસમાજ માટે પણ એ જ નિયમ કરી શકે છે. પણ તેમ કર્યા પછી યુદ્ધો શી રીતે થાય ?

સંક્ષેપ

વાદળાં અને સમુદ્ર બંને વિશાળ છે અને વિશ્વને ઉપયોગી છે. આ સમાનતા હોવા છતાં તેમના સ્વભાવધર્મ જુદા છે અને તેથી જ તેમની વચ્ચેનો સહકાર શક્ય બન્યો છે અને ઉપયોગી થયો છે. જો વાદળો સમુદ્રમાં સમાઈ જાય અને પોતાનો સ્વભાવધર્મ ગુમાવે તો દુનિયાને લાભ થાય નહિ, મોજાંઓ તપીને અને વાદળો વરસીને જે સેવા કરે તે શક્તિ ગુમાવે. એકમેકને પૂરક બની શકે એવી વસ્તુઓ વચ્ચે જ સહકાર ઉદ્ભવે છે અને શોભે છે. કુદરતના આ મહા નિયમ-માંથી માનવ બોધપાઠ લે તો દુનિયામાંથી યુદ્ધો નાબૂદ થાય જ.

(૩)

ઊંચા કુળની અને પદવીની મહત્તા એ માત્ર પડછાયા રૂપ છે. કોઈ પણ વસ્તુ મૃત્યુ સામે આપણું રક્ષણ કરી શકતી નથી. રાજાઓને પણ મૃત્યુને વશ થવું પડે છે. અને નાના ગરીબ મજૂરોની માફક જમીનમાં દફનાવું પડે છે. તમારા દેહને શોભાવતા ફૂલના હારો જેમ કરમાઈ જાય છે તેમ વિજય નિમિત્તે મળેલી માનોની પરંપરા પણ વિસ્મૃતિમાં ગરક થઈ જાય છે. તો પછી મેં મહાન કૃત્યો કર્યાં છે એવાં બણગાં ફૂંકવાનું છોડી દો. અનેક જીવોની કત્લેઆમ કરીને બનેલા વિજેતાને પણ મૃત્યુની સમક્ષ પોતાના જીવનનો ભોગ ધરવો પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારે પણ મરવાનું છે અને ઠંડીગાર કબરની હેઠળ દટાવાનું છે. કેવળ સત્કર્મો જ મૃત્યુના પંજાથી મુક્ત રહે છે. સત્કર્મો પોતાની પાછળ મધુર સ્મૃતિઓ મૂકી જાય છે અને ધૂળમાંથી ખીલી ઊઠતાં સુગંધિત પુષ્પોની માફક ભાવિની પ્રજાને પ્રેરણારૂપ બને છે.

ઉપરનો ફકરો વાંચી નીચેના પ્રશ્નોના જવાબ આપો :

૧. રાજાને પદવીની મહત્તા છતાં કઈ દૃષ્ટિએ તે ગરીબની સમાન છે?
૨. લેખક માનવીને શાનાં અને શા માટે બણગાં ફૂંકવાનું છોડી દેવા કહે છે?
૩. લેખકના મતે કઈ વસ્તુ અમર છે? અને તે શા માટે કરવી જોઈએ?

ઉત્તર

૧. રાજા દુન્યવી દૃષ્ટિએ ગરીબથી ગમે તેટલો મહાન લેખાય પણ તેને મૃત્યુની સમક્ષ ગરીબની માફક ઊભા રહેવું પડે છે. મૃત્યુ પણ ન્યાય કરવામાં ગરીબ તવંગરનો ભેદ કરતું નથી.
૨. વિજય પ્રાપ્ત કર્યો હોય તો તે માટે વીરને ફૂલહારોથી નવાજવામાં આવે છે. તે કેવાં સુંદર હોય છે! તે કેવો આનંદ પ્રેરે છે! પણ એ સૌંદર્ય અને આનંદ ક્ષણિક છે. વીર વિજેતાને પણ મૃત્યુ સામે પરાજિત બની ઊભા રહેવું પડે છે. તે અમર નથી.
૩. ફૂલ પોતે અમર નથી, પણ તે પોતાની પાછળ પોતાના સૌંદર્ય અને સુગંધની સ્મૃતિ મૂકી જાય છે, તેમ માનવી જો સત્કર્મ કરે તો તેની સુગંધ તેના મૃત્યુ પછી ટકે છે, એટલું જ નહિ પણ તે ભાવિની પ્રજાને પ્રેરણારૂપ બને છે.

મનોયત્ન : ૩૮

નીચે આપેલા ફકરાઓની નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો અથવા એમનું સંક્ષેપલેખન કરો :

(૧)

આજ કાલ વડીલો બાળકો માટે ઘણા જ સોંઘા થઈ પડ્યા છે, એટલે બાળકો પોતાના વડીલોની સમક્ષ સહેલાઈથી જઈ શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી કરીને તેમને જોઈતી બધી વસ્તુઓ પ્રાપ્ત કરવાનું પણ અતિ સુલભ થઈ પડયું છે. અમને તો એમાંથી એકે વસ્તુ સહેલાઈથી મળી શકતી નહિ. ઘણી નજીવી વસ્તુઓ પણ અમારે માટે દુર્લભ હતી અને ઘણી વસ્તુઓ ભવિષ્યમાં મોટા થઈશું ત્યારે આપણને પ્રાપ્ત થશે એવી આશાભરી દૃષ્ટિથી અમારા બાળપણના દિવસો વિતાવતા હતા. આ પ્રકારની સ્થિતિનું પરિણામ એ થતું કે જે કંઈ થોડું ઘણું અમને મળતું તેનો ઉપભોગ અમે પૂરેપૂરો કરતા. બીજ કે છોડાં કશું જ બાકી રહેતું નહિ. પૈસાદાર કુટુંબોમાં બાળક ઉપર ઘણો જ ખર્ચ કરવામાં આવે છે અને ઘણી વસ્તુઓ બાળકોને માટે હાજર રાખવામાં આવે છે. એવાં બાળકો પોતાને મળતી અનેક વસ્તુઓમાંથી મહાપરાણે અડધુંપડધું ખાધું ન ખાધું કરી આમતેમ બચકાં ભરે છે. વસ્તુઓનો મોટો ભાગ તેવાં બાળકો સંબંધે અફળ જાય છે, કારણ કે તેમાંથી એકે વસ્તુનો તે સંપૂર્ણ ઉપભોગ કરી શકતો નથી.

કવિ રવીન્દ્રનાથ ઠાકુર

૧. આજકાલ બાળકોને જોઈતી વસ્તુઓ મેળવવાનું કેમ સુલભ થઈ પડયું છે?

૨. કવિનો આ બાબતમાં શો અનુભવ હતો?

૩. કવિ જે કંઈ થોડું મળતું તેનો પૂરેપૂરો ઉપભોગ કરવા શા માટે પ્રેરાતા?

૪. શ્રીમંત બાળકને પૂરો આનંદ ન મળવાનું કવિ શું કારણ દર્શાવે છે?

૫. યોગ્ય શીર્ષક આપો.

(૨)

ગુલાબ કે મોગરો કે રાતરાણી મીઠી સુવાસ આપી પોતાની ખુશબોથી માણસને આનંદ આપે છે. કેટલાંક ફૂલો દીઠે ભભકદાર ને લોભામણાં લાગતાં છતાં નાકે અડાડવાથી પોતાનું ખાલીખમપણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતું કરે છે. તો વળી આવળનાં ફૂલ દેખાવે બહુ સુંદર નહિ ને સુગંધવાળાંય નહિ છતાં દુઃખતી આંખે પાટા બાંધવા કામ લાગી માણસને ઉપયોગી થાય છે. કવિતામાં પણ કેટલીક ઉત્તમ ધ્વનિ ને રસનો પરિમલ બહેકાવનારી હોય છે, કેટલીક પ્રાસ, અલંકાર, શબ્દ-વૈભવાદિથી શરીરે સુંદર પણ રસધ્વનિની દૃષ્ટિએ ખાલીખમ હોય છે, ને કેટલીક બોધપ્રધાન કવિતા કાવ્યરસ કે કલાસૌંદર્ય નહિ પણ શાંતિ અને સદ્બોધ આપી ઉપયોગી પણ થાય છે. મુદ્દે, કવિતા કલ્પના કે કથા, ઊર્મિ કે ચિંતન, ચિત્ર કે બોધ, ગેયતા કે સાદી પાઠ્યતા એવા કોઈ એકાદ અંશ પર ઝાઝો યા થોડો ભાર મૂકે તેથી જ કંઈ તે આદરણીય કે તિરસ્કરણીય બની જતી નથી. કાવ્યનો આસ્વાદ કરનારે તો એટલું જ જોવા પર લક્ષ સ્થિર રાખવાનું છે કે તે **કવિતા** છે કે નહિ, પોતાને રસસમાધિ ચઢાવી શકે છે કે નહિ, નવો સૌંદર્યાનુભવ તે કરાવી જાય છે કે નહિ.

૧. ફૂલોના તેમની શક્તિ અનુસાર કેવી રીતે વિભાગ પડે છે?
૨. લેખકે ફૂલોનું દૃષ્ટાંત કાવ્યને લાગુ પાડીને કાવ્યના કેટલા પ્રકારો વર્ણવ્યા છે?
૩. કાવ્યનું મૂલ્યાંકન કરવામાં કઈ દૃષ્ટિ ન રાખવાનું લેખક સૂચવે છે?
૪. લેખકના મતે ઉત્તમ કાવ્ય કયું અને તેનું લક્ષણ શું?

(૩)

બાળકોએ પોતાનાં માતપિતાની સમક્ષ પ્રામાણિક, સહૃદયી અને નિખાલસ થતાં શીખવું જોઈએ. યુક્તિબાજ અને દંભી બાળક તો દુનિયામાં જે લોકો કદી પણ સફળ કારકિર્દી પામતાં નથી તે પૈકીનાં એક સમાન છે. માતાપિતાની આગળ રજૂ કરવાને ન ગમે એવી ખાનગી વાતો તમારે હોવી જ ન જોઈએ. જો તમે કંઈ ખોટું કર્યું હોય તો ખુલ્લે દિલે કબૂલ કરવું જોઈએ અને માતા કે પિતાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૈયું જે માફી આપવાને સદાયે તત્પર હોય છે તે માફી માગવી જોઈએ. જો તમને કોઈ કામ ઉપાડવાની ઇચ્છા થાય તો તમે તેમની સંમતિ મેળવો. તમે તમારી યોજના ગુપ્ત રાખી શકશો એવી આશામાં કદીયે કોઈ કામનો આરંભ ન કરો. જો તમે એકાદ વખત પણ માબાપ આગળ દંભ ખેલશો તો ડગલે ને પગલે તમારે જૂઠાણાની જાળ રચવી પડશે, છેતરપિંડીનું આચરણ કરવું પડશે અને છેવટે તમે તિરસ્કાર અને ઘૃણાને પાત્ર થઈ પડશો. તમને સૌ કોઈ ધિક્કારશે અને પછી તમારો કોઈ ભરોસો કરશે નહિ. બાળકની સહૃદયતા તેની અનેક ખામીઓને ઢાંકી દે છે. સૌ બાળકોમાં તે નઠોર છે જે પોતાનાં માતપિતાની આંખો પર નજર રાખી તેમની હાજરીમાં આજ્ઞાપાલનનો ઢોંગ કરે છે, પરંતુ જેવી તેમની પીઠ ફરી કે તેમણે મના કરેલી વસ્તુ જ કરે છે.

૧. બાળકે પોતાનાં માતાપિતા સમક્ષ શી રીતે વર્તવું જોઈએ?
૨. દંભી બાળકની લેખક શા માટે દયા ખાય છે?
૩. બાળક ભૂલ કરે તો તેણે શું કરતાં અચકાવું જોઈએ? શા માટે?
૪. માતપિતાથી પોતાની યોજના છુપાવવાનું શું ખરાબ પરિણામ આવે છે?
૫. કયા બાળકને લેખક નઠોર ગણે છે? શા માટે.

(૪)

કેટલાક સમય એવા આવે છે કે જ્યારે આધુનિક જગત ઉપર ઝઝૂમતા ઓળા એટલા બધા કાળા દેખાય છે કે જેટલા વસ્તુતાએ તે ન હોય. રાજકીય કે આંતરરાષ્ટ્રીય ઓળાઓ ગમે તેવા ઘેરા હોય તોપણ તેઓ સૌથી વધુ ખરાબ નથી હોતા. બહારથી તેમનું દબાણ ગમે તેટલું ભારે લાગે તેમ છતાં, જ્યાં સુધી માનવ પ્રાણીઓ પોતે જ સંજોગો હેઠળ જીવતા હોય, તેમને બદલી નાખવાની પોતાની શક્તિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા પોતાની જાતમાં શ્રદ્ધા ન ખોઈ બેસે, ત્યાં સુધી તે બધા વિખેરાઈ જવાની આશા રાખી શકાય. સંજોગોએ ઊભો કરેલો કોઈ ઓળો એવો કાળો નથી હોતો કે જેથી માનવ હિંમતના પ્રકાશને રૂંધી દઈ શકે, એ વાત આપણે કેટલીક વાર ભૂલી જઈએ છીએ. એક સૉક્રેટીસને રાજસત્તા ઝેર દે છે, એક ઈશુખ્રિસ્તને ભ્રાંતઅધિકારી ઝનૂની ટોળાના દબાણને વશ બની ક્રૂસ પર ચઢાવે છે, કે એક ગાંધીને માર્ગભૂલ્યો પાગલ ગોળીએ દે છે, ત્યારે એ લોકોની મહત્તાને તેમના વિરોધીઓના અજ્ઞાન અને નૈતિક અંધાપાને કારણે ઊની આંચ આવતી નથી. ઉમદા ગુણો તો ઊલટા એ કસોટીથી વધુ ઝળકી ઊઠે છે. શિક્ષણ-શાસ્ત્રીઓ પોતાની નિશ્ચિત આંતરિક પ્રેરણાથી જુવાનિયાઓને આવા માણસોના ચરિત્રનું શિક્ષણ આપવા પ્રેરાય છે. એવા માણસો કે જેઓ ઇતિહાસમાં પૂરતા પ્રમાણમાં દેખા દે છે અને બતાવી આપે છે કે આજુબાજુ પ્રત્યક્ષ પરિસ્થિતિ ગમે તેવી હતાશ કરી નાખે તેવી હોય, છતાં પોતાના સિદ્ધાંતોને વળગી રહેવા માટેની વીરતા અને સંકલ્પ-શક્તિ બધાં માણસોમાં કાયમ મોજૂદ હોય છે જ.

૧. જગત પર ઝઝૂમતા ઓળાઓ પ્રથમ દૃષ્ટિએ કેવા લાગે છે? એનો સામનો કરવાની આશા માણસ ક્યારે રાખી શકે?
૨. સંજોગો અને એ સામે ઝઝૂમવાની માણસની શક્તિ એ બે વચ્ચે લેખકને મતે કઈ વસ્તુ વધુ બળવાન છે?
૩. માનવી સંજોગો પર કાબૂ મેળવી શકે છે એવું લેખકે કેવી રીતે સિદ્ધ કરી બતાવ્યું છે?
૪. શિક્ષણશાસ્ત્રીઓ શિક્ષણમાં મહાન પુરુષોના જીવનચરિત્રને અગત્યનું સ્થાન શા માટે આપે છે?
૫. યોગ્ય શીર્ષક આપો.

(૫)

પરમેશ્વરનો સાક્ષાત્કાર કરવો એટલું એક જ જીવનનું યોગ્ય ધ્યેય છે. એ જ ધ્યેય અનંત આનંદનો ઝરો પ્રાપ્ત કરાવે છે. આથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનનાં બધાં કાર્યો એ ધ્યેયને સિદ્ધ કરવા માટે જ હોવાં જોઈએ. જે પ્રવૃત્તિ એ ધ્યેયને સાધનભૂત લાગે તે ગમે તેટલી કઠણ, જોખમભરેલી અને સ્થૂળ દૃષ્ટિએ નુકસાનકારક લાગે છતાંય એ પ્રવૃત્તિ અવશ્ય કરવી. પરમેશ્વરનું સ્વરૂપ મન અને વાણીથી પર છે. એને માટે તો ફક્ત એટલું જ કહેવાય કે પરમેશ્વર અનંત, અનાદિ, સદા એક રૂપે રહેનાર વિશ્વના આત્મારૂપ અને આધારરૂપ છે. તેનું બીજું નામ સત્ય કહી શકાય. તે ચૈતન્ય અથવા જ્ઞાનસ્વરૂપ છે. એને જ માત્ર સનાતન સ્વરૂપ છે. બાકી બધું નાશવંત છે. સત્યની અવિશ્રાંત શોધ કર્યા કરવી તથા જેવું અને જેટલું સત્ય સમજાયું હોય તેટલો તેનો ખંતપૂર્વક અમલ કરવો. આનું જ નામ સત્યનો આગ્રહ અને એ પરમેશ્વરના સાક્ષાત્કારનો સાધનમાર્ગ છે.

સત્ય અનંત અને વિશ્વ અપાર હોવાથી એ શોધનો અંત આવતો નથી. એ રીતે પરમેશ્વરનો સંપૂર્ણ સાક્ષાત્કાર શક્ય નથી. પણ પ્રત્યેક મનુષ્યે પોતાના જીવનની સઘળી પ્રવૃત્તિઓમાં સત્યની શોધ કરીને અધર્મને ઉદાસીનપણે જોઈ રહેવા કરતાં તેના ઉચ્છેદ માટે પ્રયત્ન કરીને યશ મેળવવો એટલે સત્યનો સાક્ષાત્કાર થાય. અસત્ય, અન્યાય અને અધર્મનો પ્રતિકાર એ સત્યાગ્રહનાં આવશ્યક અંગો છે.

૧. લેખકને મતે જીવનનું ધ્યેય શું હોવું જોઈએ? કેમ?
૨. કઈ પ્રવૃત્તિ નુકસાનકારક લાગે તોપણ અવશ્ય કરવી એમ લેખક કહે છે.
૩. ઈશ્વરના સ્વરૂપ વિશે લેખકનો શો ખ્યાલ છે?
૪. સત્યનો આગ્રહ એટલે શું?
૫. પરમેશ્વરનો સંપૂર્ણ સાક્ષાત્કાર શા માટે શક્ય નથી?
૬. યોગ્ય શીર્ષક આપો.

વિરુદ્ધ અર્થના શબ્દો આપો: અનાદિ, ચૈતન્ય, નાશવંત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૬)

શરીર પછી મનની સંભાળ રાખવાની છે. કોઈ ઠેકાણે વાતચીતમાં અથવા વ્યવહારમાં, વિના કારણ, આપણું મન સામા સાથે અપ્રસન્ન છે એમ જણાવવાની ટેવ સારી નથી. આપણને પોતાને દુઃખ હોય તો તે બીજાના ઉપર નાખવાનો આપણને હક નથી, ને તે સમયે મંડળીમાં ન ભળવું એ જ વધારે સારું છે. પણ ભળવું પડે તો તે મંડળીના ચાલતા આનંદમાં આપણી અપ્રસન્નતાથી વિઘ્ન કરવું એ નઠારા સ્વભાવનું લક્ષણ છે. સારી બાબતોમાં જ બેસવું, અને તેમાં જે પ્રસંગ ચાલતો હોય તેમાં ભળી જવું. સારાં પણ ક્વચિત્ ભૂલ નથી કરતાં એમ નથી, પણ તેવે પ્રસંગે પણ ભૂલ સુધારતી વખતે બહુ પ્રીતિથી અને નરમાશથી વાત કરવી તથા સામા માણસનું માન ભંગ થાય તેવો કશો ઘાટ કરવો નહિ. વાત કહી જાણવી, સાંભળી જાણવી એ ઉત્તમ ગુણ વિના બનતું નથી. સામું માણસ વાત કરવા માંડે કે તેને સાંભળવું નહિ અને વચમાં પોતાની મોટાઈની વાતો ગોઠવવી, કે આડો લવારો કરવો એ ઘણું હલકાઈનું કામ છે; તેમ વાત કહેવામાં પણ પોતે જ બધી વાત કહે કહે કરવી ને બીજાને બોલવાનો અવકાશ ન આપવો એ પણ તેટલી જ નઠારી ટેવ છે. વાત કહેવી અને સાંભળવી તેમાં મંડળના સર્વે ભાગ લે તેમ કરવું એ વાત કરવાની કળાની કસોટી છે.

૧. વાતચીતમાં કઈ ટેવ સારી નથી?
૨. મન અપ્રસન્ન હોય ત્યારે આપણે મંડળી પ્રત્યે શી રીતે વર્તવું જોઈએ?
૩. વાત કરવાની કળા શામાં સમાયેલી છે?
૪. લેખક કઈ ટેવને હલકાઈનું કામ ગણે છે?
૫. યોગ્ય શીર્ષક આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૯

નિબંધલેખન

વિદ્યાર્થીઓને શાળામાં જે સ્વતંત્ર લેખન કરવાનું હોય છે તેમાં નિબંધ એ અગત્યનો પ્રકાર છે. કોઈ પણ વિષય ઉપર ગદ્યમાં વિચારોનું વ્યવસ્થિત અને ક્રમબદ્ધ લખાણ કરવામાં આવે તો તે નિબંધ કહેવાય છે.

નિબંધલેખનમાં ખૂબ વૈવિધ્ય હોય છે. કોઈ વાર એમાં કોઈ પ્રાકૃતિક દૃશ્ય કે કોઈ બનાવનું આબેહૂબ વર્ણન હોય છે. કેટલીક વાર એમાં કોઈ ઐતિહાસિક પ્રસંગ કે પાત્રનું નિરૂપણ કે કોઈ વ્યક્તિનું રેખાચિત્ર પણ આવે છે. કારખાનાંઓમાં બનતા પદાર્થોની બનાવટની રીતનું વર્ણન પણ નિબંધ દ્વારા થઈ શકે છે. આ ઉપરાંત કોઈ વ્યક્તિ કે વસ્તુનું આત્મકથારૂપ લેખન એ પણ નિબંધનો એક પ્રકાર બને છે.

નિબંધના પ્રકાર

નિબંધને સામાન્ય રીતે ચાર પ્રકારમાં વહેંચવામાં આવે છે: (૧) વર્ણનાત્મક (૨) કથનાત્મક (૩) કલ્પનાત્મક (આત્મકથા વગેરે) (૪) ચિંતનાત્મક.

(૧) **વર્ણનાત્મક** — આ પ્રકારના નિબંધમાં વિષય તરીકે કોઈ વસ્તુ, પ્રાણી, પ્રાકૃતિક દૃશ્ય કે હુન્નર ઉદ્યોગની રીત વગેરે હોય છે. આ નિબંધમાં વર્ણન મહત્ત્વનો ભાગ ભજવે છે તેથી એને વર્ણનાત્મક નિબંધ કહે છે. આ પ્રકારના લેખન માટે લેખકને વિષયનું સચોટ જ્ઞાન હોવું જરૂરી છે. એ જ્ઞાન હોય તો જ લખાણ માહિતીભરેલું અને વિગતથી રસભર્યું બને.

(૨) **કથનાત્મક** — આ પ્રકારના નિબંધ માટે કોઈ ઐતિહાસિક બનાવ, મહાન પ્રસંગ, કોઈ વ્યક્તિનું રેખાચિત્ર કે રસિક પ્રવાસ વિષય તરીકે લેવાય છે. આ વિષયોના આલેખનમાં વર્ણન હોય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એ વર્ણનમાં લેખક પોતાના વિચારો, અભિપ્રાયો, લાગણીઓ, ટીકાઓ વગેરેનો સમાવેશ કરી એને એક પ્રકારના કથનનું સ્વરૂપ આપે છે. વર્ણનાત્મક નિબંધથી આ દૃષ્ટિએ કથનાત્મક નિબંધનું સ્વરૂપ જુદું પડે છે. આથી જ એને કથાનાત્મક નિબંધ કહે છે.

(૩) **કલ્પનાત્મક** — આ પ્રકારના નિબંધમાં લેખક કોઈ અન્ય વ્યક્તિ કે વસ્તુ પોતાની આત્મકથા કહેતી હોય એવી કલ્પના કરી લેખન કરે છે. દા. ત. રમકડાની આત્મકથામાં રમકડું પોતાને જીવતું માની પોતાની આપવીતી કહે છે. કોઈ વાર લેખક પોતાને કોઈ કલ્પિત પરિસ્થિતિમાં મુકાયેલો કલ્પી નિબંધ લખે છે. દા. ત. 'જો હું શ્રીમંત હોઉં તો'.–આ સિવાય કોઈ વાર કેવળ કલ્પનામાં ઉડ્ડયન કરીને લખાણ કરવાનું હોય છે. દા. ત. 'વર્તમાનપત્રો બંધ રહે તો.'

આ પ્રકારના નિબંધમાં કલ્પનાનો વ્યાપાર મહત્ત્વનો હોવાથી એને કલ્પનાત્મક નિબંધ કહેવામાં આવે છે. જેમ કલ્પના ઊંડી અને વિશાળ તેમ આ પ્રકારનું નિબંધલેખન સુંદર બને છે.

(૪) **ચિંતનાત્મક** — જ્યારે વિષયની રજૂઆતમાં ચિંતન મહત્ત્વનો ભાગ ભજવે છે ત્યારે ચિંતનાત્મક નિબંધનો પ્રકાર બને છે. આમાં વિષયનાં જુદાં જુદાં પાસાંઓની ચર્ચા દલીલપૂર્વક કરવાની હોય છે. આ પ્રકારના નિબંધનું લખાણ જેટલે અંશે તર્કશુદ્ધ હોય તેટલે અંશે સિદ્ધાંતને પ્રતીતિજનક રીતે રજૂઆત કરવામાં સફળ નીવડે છે.

નિબંધલેખન માટે સૂચનાઓ

(૧) **બંધારણ** — નિબંધ શરૂઆત, મધ્ય અને અંત એમ ત્રણ વિભાગમાં વહેંચાયેલો હોય છે. શરૂઆતમાં વિષયનો માત્ર નિર્દેશ કરવાનો હોવાથી એ વિભાગ ટૂંકો, મુદ્દાસરનો અને આકર્ષક હોવો જોઈએ. વળી એનું લખાણ નિબંધના મધ્ય વિભાગ તરફ સ્વાભાવિક રીતે દોરી જનારું હોવું જોઈએ. નિબંધના મધ્ય વિભાગમાં નિબંધના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા ભાગનું કલેવર આવી જવું જોઈએ. આથી આ વિભાગ નિબંધમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ જ ભાગમાં વિષયની ચર્ચા વિસ્તૃત અને ક્રમબદ્ધ રીતે કરવાની હોય છે. નિબંધનો અંત ટૂંકો અને ચોટદાર હોવો જોઈએ. એમાં કોઈ વાર વિષયને સ્ફુટ કરતી કોઈ ગદ્ય કે પદ્યની પંક્તિ હોય કે વિષયને સારરૂપે રજૂ કરતું લેખકનું પોતાનું મંતવ્ય હોય.

(૨) **મુદ્દા અને પેટા મુદ્દા**—જે વિષય આપ્યો હોય તેને વિશે જુદા જુદા મુદ્દાઓ ભેગા કરવા. આને માટે વાચન કે અન્ય સાથે ચર્ચા, પૃચ્છા વગેરેનો આશરો લેવો. મુખ્ય મુદ્દાઓને વિષયની ચોટદાર રજૂઆત માટે યોગ્ય ક્રમમાં ગોઠવવા. મુખ્ય મુદ્દાઓની આસપાસ વિચારો, દૃષ્ટાંતો અને દલીલો વગેરેની ગૂંથણી કરવી અને પછી એ મુદ્દાઓને વિકસાવી લખાણ કરવું.

(૩) **ફકરો કે પદચ્છેદ**—દરેક મુદ્દાની ચર્ચા માટે એક સ્વતંત્ર ફકરો કે પદચ્છેદ પાડવો. આમ કરવાથી મુદ્દાઓ એકમેકમાં ગૂંચવાઈ જતા નથી અને વિચારોની સ્પષ્ટતા જળવાય છે.

(૪) **ફકરાઓની ગોઠવણી**—વિષયને લગતા વિચારો અને મુદ્દાઓની રજૂઆત એવી રીતે થવી જોઈએ કે જાણે એકમાંથી બીજો સ્વાભાવિક રીતે ઉદ્ભવતો હોય. આને માટે ફકરાઓની ગોઠવણી વિચારોના ક્રમ પ્રમાણે હોવી જોઈએ. આમ કરવાથી આખા નિબંધનું લખાણ સળંગ, વ્યવસ્થિત અને સુદૃઢ બને છે, અને પરિણામે એક સમગ્ર છાપ વાચકના મન પર પડે છે.

(૫) **ભાષા**—નિબંધલેખનમાં જેવો વિષય તેવી ભાષા હોવી જોઈએ. લાગણીપ્રધાન વિષય હોય તો લાગણી કે આવેશ સારી પેઠે દર્શાવી શકે એવી ભાષાશૈલીનો પ્રયોગ કરવો જોઈએ. વિષય સાદો અને વિચારપ્રધાન હોય તો લખાણ સાદું, સરળ અને વિચારયુક્ત હોવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાંબાં લાંબાં વાક્યો, આડંબર ભરેલા શબ્દો કે ભાષાપ્રયોગો રાખવાથી લખાણ સારું થાય છે એવો ભ્રમ રાખવો નહિ. જે શબ્દનો અર્થ તમને સ્પષ્ટ ન હોય તે શબ્દનો ઉપયોગ કરવો નહિ.

નિબંધનું લખાણ સુંદર અને સચોટ બનાવવાને માટે ભાષાલાઘવ એટલે કે લખાણમાં સચોટતાપૂર્વકનું ટૂંકાણ હોવું જોઈએ. કોઈ પણ જાતની બીનજરૂરી ચર્ચા, કે દૃષ્ટાંત કે દલીલથી નિબંધની ખૂબી મારી જાય છે.

નિબંધના નમૂના

(૧)

આગગાડીના ત્રીજા વર્ગની મુસાફરી

એક વખત ડાકોર જવા માટે હું વડોદરાથી ત્રીજા વર્ગના ડબ્બામાં બેઠો. ગિરદી તો કહે મારું કામ. જેમ તેમ ધક્કાધક્કીમાં અફળાતો કુટાતો હું અંદર ઘૂસ્યો. હજી તો બેઠો નહિ ત્યાં તો બે જણ વચ્ચે જગ્યા માટે બોલાચાલી શરૂ થઈ. જોતજોતામાં વાત વધી અને પછી તો ગાળાગાળી અને મારામારી પર એ આવી પડ્યા. બેચાર વડીલો વચ્ચે પડ્યા અને બંનેને ઠંડા પાડ્યા. તેમને જરા તરા અગવડ વેઠી લેવાનું કહી, આમતેમ મુસાફરોને ખસેડી તેમને માટે જગ્યા કરાવી. આમાં મારો પણ ઘાટ પડી ગયો.

હું નિરાંતે શ્વાસ હેઠો મૂકું ન મૂકું ત્યાં પાસે બેઠેલાએ એક બીડીનો ટોટો સળગાવ્યો. તેના કડક ધુમાડાથી હું તો ખોં–ખોં–ખોં કરવા લાગ્યો. સામે બેઠેલા એક રમૂજી ભાઈ બોલ્યા, “આ સરકાર બીડી વગરના ડબ્બા કેમ રાખતી નથી?” તેવામાં એક જણે પાનની ચમચી કાઢીને પાન ચોપડવા માંડ્યું. ડોસો દમેલ હતો અને પાન ખાઈને તે પગ પાસે જ થૂંક્યો. ત્યાં વળી તેને ઉધરસનું ખાંખણું આવ્યું અને તેના મુખરસનો છંટકાવ થયો. ફક્કડ કપડાંમાં સજ્જ થયેલો એક યુવાન બોલી ઊઠ્યો, “આવી ગંદકી કરીને આપણે પરદેશમાં સમાન હક્કો મેળવવા છે. એ લોકો તમને કાઢી નહિ મૂકે તો શું કરે?” દમેલ જરા ઊકળ્યો અને પેલા ભાઈને બે ચાર સુણાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં એક સ્ટેશન આવ્યું અને વળી થોડા નવા મુસાફરો અંદર ખડકાયા. હવે તો શ્વાસ પણ રૂંધાતો હતો. આવી ગિરદીમાં પણ એ જણાને ખાવાનું સૂઝયું. તેમણે પૂરીના ટુકડા, કેળાંની છાલ, અથાણું વગેરે બેઠકની નીચે ફેંક્યાં. એક જણે વિનયથી કહ્યું, "જરા બધું એંઠુંજૂઠું બહાર નાખ્યું હોત તો?" પેલામાંનો એક ઊકળ્યો, "મહેરબાન ટિકિટ લીધી છે. પૈસા રોકડા દીધા છે." એક ખ્રિસ્તી ભાઈ બોલ્યા, "પણ તમે ગંદકી કરવાને પણ પૈસા આપ્યા હશે?"

થોડી વાર પછી ડબ્બામાં વાતો જામી. રાજકીય, સામાજિક, વેપાર, ખેતી વગેરે વિષયની વાતો ઢંગધડા વગર ચાલવા લાગી. હું તો ચૂપચાપ સાંભળતો જ હતો. "તુંડે તુંડે મતિર્ભિન્ના" એ સૂત્રનો અહીં મને સ્પષ્ટ ખ્યાલ આવ્યો. ખરેખર આગગાડીના ત્રીજા વર્ગનો ડબ્બો એ માનવસ્વભાવને ઓળખવાનું સરસ સ્થળ છે.

મને કંટાળો શરૂ થયો હતો, પણ આરામની તો જગ્યા જ ક્યાં હતી? એટલામાં એક ભિખારી ખોખરે અવાજે મીરાંબાઈનું જૂનું ભજન ગાવા લાગ્યો. એનું પત્યું ન પત્યું ત્યાં એક દવા વેચનાર આવી ચઢ્યો, અને ચઢેલું માથું ઉતારવાની દવાની જાહેરાત કર્કશ અને એકધારા અવાજે કરવા લાગ્યો. એણે માથું ઉતારવાને બદલે મારા માથાનો દુઃખાવો વધારી મૂક્યો.

મારું સ્ટેશન આવ્યું ત્યાં તો હું થાકીને લોથ થઈ ગયો હતો. હાશ કરીને નીચે ઊતર્યો તો ખરો પણ ડબ્બાનું ગૂંગળાવનારું વાતાવરણ તો મારી આસપાસ કેટલોયે વખત સુધી ભમતું જ રહ્યું.

(૨)

પ્રારબ્ધ કે પુરુષાર્થ

'લલાટે લખ્યા લેખ કદી મિથ્યા થતા નથી' 'જેવું આગલા જન્મનું કર્મ તેવું ફળ,' 'પ્રારબ્ધમાં હશે તે જ ફળશે'—આ અને આવા પ્રકારની પ્રચલિત માન્યતા જાણે જીવનમાં પ્રારબ્ધ જ સર્વ કંઈ છે, એવો અર્થ સૂચવે છે. આનો અર્થ તો એવો થાય કે આ જીવનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસ જે કંઈ કરે છે, મેળવે છે, અને ભોગવે તે બધુંયે અગાઉ નિર્મિત થયેલું હોય છે. જાણે એમાં મીનમેખનો ફેર થઈ શકતો નથી. એટલે કે જીવનમાં માનવીના સ્વતંત્ર પ્રયત્નને કશોયે અવકાશ નથી. ખરું જોતાં આ માન્યતા કર્મના સિદ્ધાંતને સાચા અર્થમાં સમજ્યા વિના અંધશ્રદ્ધા પર રચાઈ છે. આ માન્યતાને જ્યોતિષ-શાસ્ત્ર, હસ્તરેખાવિદ્યા, મસ્તકવિદ્યા વગેરે વિદ્યાઓ જાણ્યેઅજાણ્યે પોષે છે. આ ખોટી માન્યતા માણસને હાથ જોડીને બેસી રહેતાં શીખવે છે અને પરિણામે આખી પ્રજાનું પતન થાય છે.

પણ આ માન્યતાનો છેદ ઉડાડી બીજા કેટલાક કેવળ પુરુષાર્થ પર ભાર મૂકે છે. તેઓ કહે છે કે ઈશ્વરે માનવીને બુદ્ધિ આપી છે એનો અર્થ જ એવો છે કે આપણે આપણાં કર્મો કરવાને તદ્દન સ્વતંત્ર છીએ. આપણે જ આપણા નસીબના ઘડવૈયા છીએ. આ દૃષ્ટિએ જીવનમાં પુરુષાર્થથી સર્વ કંઈ સાધ્ય બને એવો ધ્વનિ ફલિત થાય છે.

આ બંને માન્યતા એકપક્ષી અને અધૂરી છે. સાચી વાત તો એ છે કે જીવનમાં પુરુષાર્થ અને પ્રારબ્ધ બંને છે. માનવી અમુક મર્યાદામાં રહીને જ પુરુષાર્થ સાધી શકે છે. ખેડૂતનું કર્તવ્ય જમીન ખેડવાનું છે. અને એમાં એનો પુરુષાર્થ સમાયો છે. પણ વરસાદ ન આવે અથવા થયેલા પાકમાં તીડ પડે તો તેને મહેનતનું પૂરું ફળ મળતું નથી. અહીં કુદરતની પરિસ્થિતિ એના પુરુષાર્થને મર્યાદિત કરે છે. અને એ જ એનું પ્રારબ્ધ બને છે. પણ એ જ પ્રદેશમાં નહેરો કાઢી વરસાદ પર આધાર રાખવાનું છોડી શકાય. આવો પુરુષાર્થ એના પ્રારબ્ધને સુધારી શકે એમ કહી શકાય. આ જ રીતે કુટુંબના સંસ્કારો, સામાજિક રિવાજો, પોતાની આર્થિક સ્થિતિ આ બધાં પણ વ્યક્તિના પુરુષાર્થને મર્યાદારૂપ બને છે, અને તેથી તે એક પ્રકારના પ્રારબ્ધની ગરજ સારે છે. પણ આવી મર્યાદાઓને સુધારીને કે તોડીને પુરુષાર્થનું બળ દાખવનારા વિરલ મહાન પુરુષો થઈ ગયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસમાં આ પ્રકારે પુરુષાર્થને જોરે પ્રારબ્ધની સામે ઝઝૂમનાર મહાન વીરો પ્રેરણામૂર્તિ બન્યા છે. રાણા પ્રતાપે પોતાની આબરૂ અને ગૌરવ જાળવવા કેવો ભવ્ય પુરુષાર્થ ખેડયો હતો? આવી વિકટ પરિસ્થિતિમાંયે એને આનંદ મળતો એ એની પુરુષાર્થમાંની શ્રદ્ધાનું કારણ છે. જીવનમાં ઝઝૂમવું એ જ પુરુષાર્થ, ફળ અથવા પરિણામમાં પુરુષાર્થ રહ્યો નથી. પ્રારબ્ધની દષ્ટિએ નિરાશામાં ગળાબૂડ બનેલી પ્રજાને ગાંધીજીએ કેવા પ્રચંડ પુરુષાર્થથી આઝાદ કરી. પ્રારબ્ધની મર્યાદા હોવા છતાં, પુરુષાર્થને વરેલી વ્યક્તિનું આ જ્વલંત ઉદાહરણ છે.

ઉપર જોયું તેમ દરેક વ્યક્તિને મર્યાદાનું એટલે કે પ્રારબ્ધનું બંધન હોય છે. પણ એ બંધનમાં રહી કેટલો પુરુષાર્થ થઈ શકે એ ખોળી કાઢવાનું કામ બુદ્ધિ અનુસાર પુરુષાર્થ કર્યા વિના થઈ શકતું નથી. એક બકરીના ગળામાં દશ ફૂટનું દોરડું બાંધી તેને ઘાસના મેદાનમાં એક ખૂંટા સાથે બાંધી છે. બકરી પોતે ખૂંટે બંધાયેલી છે એમ માની ખૂંટા પાસેજ બેસી રહે તો થોડા વખતમાં ભૂખે મરવા માંડે. પણ જો ઊઠીને ઘાસ ખાવાનો પ્રયત્ન કરે તો દશ ફૂટના વર્તુલમાં ઘાસ ચરીને પોતાના જીવનની દોરી લંબાવી શકે. આમ પ્રારબ્ધના વર્તુલની રેખા ક્યાં આવી છે તે પૂરી સમજવાને અને તેનો લાભ ઉઠાવવાને માટે પણ પુરુષાર્થની જ જરૂર છે. આ પુરુષાર્થ કરતાં બકરીનુ દોરડું નબળું હોય અને તેના આંચકાથી તૂટી જાય તો આખા વાડા જેટલું ક્ષેત્ર તેના પુરુષાર્થને માટે મળી રહે છે. અને તેનું પ્રારબ્ધ મોટું થાય છે.

આમ બંને બાજુનું અવલોકન કરતાં લાગે છે કે પ્રારબ્ધનું બંધન કેવડું છે, નબળું છે કે સબળું, અને એને સ્વીકારતાં છતાં કેટલો લાભ મેળવી શકાય છે એ જાણવા માટે પણ જીવનમાં પુરુષાર્થની જ જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩)
યંત્ર અને ગૃહઉદ્યોગ

ઓગણીસમી સદીમાં યંત્રનો જમાનો શરૂ થયો. જેમ જેમ યંત્રનો હુન્નરઉદ્યોગમાં વપરાશ વધતો ગયો તેમ તેમ ગૃહઉદ્યોગ નાશ પામવા લાગ્યા. યંત્રથી ઉત્પન્ન થયેલા જથ્થાબંધ માલની સામે ગૃહઉદ્યોગની ચીજો હરીફાઈમાં ટકી શકી નહિ. આને પરિણામે કારીગર વર્ગ બેકાર બનવા લાગ્યો. અને એ જ લોકો જીવનનિર્વાહ માટે કારખાનામાં જોડાયા. આથી વંશપરંપરાથી ચાલતી આવેલી હસ્તઉદ્યોગની કળા ભુલાઈ જવા લાગી. આનું સીધું પરિણામ એ આવ્યું કે આપણો દેશ રોજિંદા વપરાશની વસ્તુ માટે બીજા દેશ પર આધાર રાખતો થઈ ગયો.

આપણે ત્યાં પણ કાળક્રમે યંત્રનો ઉદ્યોગ દાખલ થયો. પશ્ચિમના અનુકરણ રૂપે કાપડની મિલો, લોખંડનાં કારખાનાં, દળવાની અને ખાંડવાની ઘંટીઓ, તેલની મિલો વગેરે યંત્રોથી ચાલતાં કારખાનાં શરૂ થયાં. આ વૃત્તિએ ગૃહઉદ્યોગ પર મરણતોલ ફટકો માર્યો. આપણે ત્યાં પણ ગામડાં છોડી કારીગરો અને મજૂરો શહેરનાં કારખાનાં તરફ વળી રહ્યા છે.

યંત્રઉદ્યોગ દાખલ થવાથી સ્વતંત્ર રીતે કામ કરતા કારીગરો પરતંત્ર મજૂર બની ગયા. હસ્તઉદ્યોગની કળામાં આખી વસ્તુની બનાવટમાં એને જે આનંદ મળતો તે યંત્રઉદ્યોગમાં નષ્ટ થયો. યંત્રમાં કામ કરતા મજૂરોને વસ્તુના કોઈ એક નાના વિભાગ માટે એકધારું કામ કરવાનું હોય છે. એથી એને આખી વસ્તુની બનાવટનું જ્ઞાન મળતું નથી, એટલું જ નહિ પણ આખી વસ્તુને સર્જતાં જે કળાનો આનંદ મળે તેનાથી પણ એ વંચિત રહે છે.

યંત્રઉદ્યોગે વળી એક બીજો ગેરલાભ પણ ઊભો કર્યો છે. એણે દેશમાં લોકો વચ્ચે આર્થિક દૃષ્ટિએ વર્ગભેદ તીવ્ર બનાવ્યો છે. એક હાથ પર કારખાનાના થોડા માલિકો અઢળક ધન પેદા કરી મૂડી એકઠી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે, તો બીજા હાથ પર મજૂરો માંડ નિર્વાહ પૂરતું મેળવી ગરીબના ગરીબ જ રહ્યા છે. આમ અલ્પ સંખ્યાનો મૂડીદાર વર્ગ અને અતિ-સંખ્યાનો મજૂર વર્ગ દેશમાં ઊભો થયો છે. આમાંથી વર્ગવિગ્રહની ભાવના પણ પેદા થઈ છે. આથી જ વિશ્વના કેટલાક વિચારકો યંત્રને માનવજીવનને શાપરૂપ ગણવા લાગ્યા છે, અને તેઓ ગૃહઉદ્યોગની તરફેણ કરે છે.

આપણા દેશમાં ગૃહઉદ્યોગની ખૂબી પર પહેલવહેલો ભાર ગાંધીજીએ મૂક્યો છે. અસહાય અને ધંધા વગરના બનેલા લોકોને કામ આપવાને માટે એમણે ગૃહઉદ્યોગનો પુનરુદ્ધાર કરવાનો કાર્યક્રમ દેશની સમક્ષ રજૂ કર્યો છે. કાંતવાનો, વણવાનો, ચામડાં કેળવવાનો, ઘાણીનો, કાગળનો, ખાંડવાદળવાનો વગેરે જેવા ગૃહઉદ્યોગો પર એમણે ભાર મૂકી ગ્રામઉદ્યોગની પ્રવૃત્તિ શરૂ કરી છે. આમાં ખાદીના ઉદ્યોગે ખૂબ વ્યાપક સ્વરૂપ પકડયું છે.

ગૃહઉદ્યોગના ફાયદા જેટલા ગણાવીએ તેટલા ઓછા છે. એમાં આર્થિક સ્વાવલંબનનો સિદ્ધાંત રહેલો છે. ઘર બેઠાં લાખો માણસો વસ્તુને પેદા કરી પોતાનો નિર્વાહ ચલાવી શકે છે અને કુદરતી જીવન ગાળી શકે છે. આખી વસ્તુ બનાવવામાં જે સર્જનનો આનંદ મળે છે તે પણ એમાં મળી રહે છે. ગામડાંઓ સ્વાવલંબી બને છે અને શહેરો એનું ચૂસણ કરી શકતાં નથી. વળી આ પદ્ધતિમાં મૂડી થોડા હાથમાં એકઠી થતી જાય છે અને તેથી વર્ગભેદ વર્ગવિગ્રહનું તીવ્ર સ્વરૂપ પકડતો નથી.

પણ આનો અર્થ એવો નથી કે યંત્રનો જીવનમાં સદંતર બહિષ્કાર થવો જોઈએ. યંત્ર ક્યાં અને ક્યારે કામ લાગે તેની એક કસોટી છે. જ્યારે યંત્ર માણસને ગુલામ બનાવે ત્યારે તે ત્યાજ્ય છે, પણ જ્યારે એની મદદથી માણસ પોતાને કાળી મજૂરીમાંથી મુક્ત બનાવી શકે ત્યારે તે ઉપકારક છે. પહાડોને તોડવામાં, રેલવે અને નદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાળાંના પુલો બાંધવામાં, ખાણના ઉદ્યોગોમાં યંત્રનો ઉપયોગ માનવીને લાભકારક છે. પણ આ યંત્રઉદ્યોગની માલકીમાં એક સાવચેતી રાખવી જોઈએ. આ ઉદ્યોગોનાં કારખાનાં ખાનગી માલિકીનાં નહિ પણ સરકારી માલિકીનાં હોવાં જાઈએ. આમ કરવાથી યંત્ર દ્વારા થતું મજૂરોનું ચૂસણ અટકાવી શકાય.

આ રીતે યંત્રનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાથી અને સામાન્ય વપરાશની ચીજો માટે હસ્તઉદ્યોગને ઉત્તેજન આપવાથી, યંત્ર અને હસ્તઉદ્યોગ વચ્ચે સુમેળ સાધી શકાય અને યંત્રનું અનિષ્ટકારક આક્રમણ આપોઆપ દૂર થાય.

(૪)

શાળાની સામેના વડની આત્મકથા

હું ગામનો પુરાણામાં પુરાણો અને મોટામાં મોટો વડ છું. મારી સામે આ શાળા દેખાય છે ત્યાં પહેલાં કેવળ ઝાડી હતી. એ દિવસોમાં બાળકો મારી છાયા નીચે રમવા નહોતાં આવતાં, પણ ગાયોનું ગોવાળું અહીં વિસામો ખાવા બેસતું હતું. ગોવાળોની મધુર બંસી મેં સાંભળી છે, અને આજે પણ તે મધુર સ્વરો મારા કાનમાં ગણગણી રહે છે. પહેલાં મારી નીચે જ ગામની જુદી જુદી પંચો ભેગી મળતી. એમની ચર્ચા, એમના ટંટાફિસાદો વગેરેનો હું મૂક સાક્ષી છું. લડીઝઘડીને પણ એ લોકો ચુકાદા પર આવતા. એ બધા મારી નીચે જ થયા હતા.

જતાં આવતાં મુસાફરો અહીં થોભીને નિરાંત જીવે વિસામો ખાય છે. એક વખત એક સાધુએ આવી મારી નીચે પડાવ નાખ્યો. ધીમે ધીમે એની પ્રતિષ્ઠા ફેલાતાં લોકોનાં ટોળેટોળાં અહીં ભેગાં થતાં. જાણે જાત્રા ભરાતી. એ સાધુની શિખામણથી એ સમયથી ગામની સ્ત્રીઓ વટસાવિત્રીનું વ્રત મારી પાસે ઊજવે છે. એ વ્રતને દિને મને એ સાધુનું સ્મરણ રોમાંચક લાગે છે. આ પેલી સામેની વાવ જુઓ. એનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસ છે. લાખા વણજારાએ મારી નીચે પડાવ નાખ્યો, ત્યારે આ ગામમાં પાણીની તંગી હતી, ઢોરો મરી જતાં હતાં, માનવી લાચારી અનુભવતા હતા. એ ઉદારહૃદયીનું દિલ હાલી ગયું અને એણે આ વાવ બંધાવવાનો નિશ્ચય મારી તળે બેસીને જ કર્યો હતો. મને એ સાંભળી કેટલો આનંદ થયો હતો તે તો તમે વડ બનો તો જ સમજાય.

આજથી વીસ વરસ પરની વાત છે. ત્યારે આ ગામનાં બાળકો અંગ્રેજી ભણવા માટે પાસેના ગામે જતાં હતાં. ચોમાસાનાં દિવસોમાં એમની હાડમારીનો પાર નહોતો. આથી ગામલોકોએ એક અંગ્રેજી શાળા બાંધવાની ચળવળ શરૂ કરી. એ માટેની સભા મારી નીચે જ ભરાઈ હતી. મારી સામે શાળા થશે અને અનેક બાળકો મારે ખોળે રમશે એવી કલ્પના મારા હૈયામાં ઉદ્ભવી અને મારું હૈયું આનંદથી છલકાઈ ગયું હતું. આ શાળાની ઉદ્ઘાટન વિધિ વખતે એક ભવ્ય મેળાવડો થયો હતો. ગામ ઊલટયું હતું. એ આનંદનો ધ્વનિ હજીયે કાનમાં ગુંજ્યા કરે છે.

શાળા શરૂ થઈ એટલે બાળકોની સેવા કરવાનું ભાગ્ય મને મળ્યું અને હજી સુધી એ કાર્ય કરી રહ્યો છું. મને બાળકો ખૂબ ગમે છે. તમે પૂછશો, "આવાં મસ્તીખોર બાળકોથી તમને ત્રાસ નથી થતો?" કોઈ કોઈ વાર ત્રાસ લાગે છે પણ એકંદરે મને બાળકોનો નિર્દોષ સ્વભાવ બહુ ગમે છે. એમની થોડી મસ્તીની વાતો કરું?

મારી વડવાઈઓ કેટલી ફૂલી ફાલી છે? એ લટકતી વડવાઈઓ પર બાળકો હીંચકા ખાય છે. મારી નીચે એ લોકો આમલીપીપળીની રમત રમે છે, અને મર્દાનગી ખીલવે છે. કોઈ વાર નાનાં બાળકોને ડાળી પરથી કૂદકાં મારતાં જોઈને મને જરા ગભરાટ થાય છે, પણ તે કૂદકામાં સફળ થાય છે ત્યારે મને કેવો આનંદ થાય છે! મારાં મૂળ પાસેથી થોડી જમીન ધોવાઈ ગઈ છે એટલે મારાં થોડાં મૂળો બહાર નીકળ્યાં છે. શાળાની મોટી રજામાં એને ખુરશી બનાવીને બાળકો મહાલે છે. આ મારા થડ પર જુઓ! કેટલાંયે નામો કોતર્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે! બાળકો ચપ્પુ વડે મને આવા જખમો કરે છે પણ એ હું સહન કરી લઉં છું.

આ ગામમાં કેટલાક અજ્ઞાની અને વહેમી લોકો એમ માને છે કે રાતે મારામાં ભૂત વાસો કરે છે. તે લોકો હજીએ રાત્રે અહીંથી જતાં બીએ છે. એમનો ભય જોઈ હું મંદ મંદ હસું છું, અને બાળકોને ધન્યવાદ આપું છું કેમ કે તેઓ આ શાળામાં ભણીને વહેમથી મુક્ત બન્યા છે, અને મને દિવસે કે રાતે પોતાનો મિત્ર માને છે.

(૫)

જો હું શહેર સુધરાઈનો પ્રમુખ હોઉં તો

રામપુર શહેરની વસ્તી લગભગ ૫૦,૦૦૦ની છે અને એનો સ્થાનિક વહીવટ શહેર સુધરાઈ કરે છે. સુધરાઈની સંસ્થા લોકશાસન માટેની તાલીમ લેવાની એક સુંદર સંસ્થા છે. એમાં સ્થાનિક સ્વરાજ્યની મર્યાદામાં રહીને કેળવણી, આરોગ્ય, શહેરની સફાઈ, રસ્તાઓનું બાંધકામ અને મરામત તથા શહેરસંરક્ષણ વગેરેનો અમલ કરવાનો હોય છે. આ કાર્ય સેવાભાવી અને વહીવટી કુશળ વ્યક્તિઓ ઉપાડી લે તો આ સંસ્થા આશીર્વાદરૂપ નીવડે એમ મારું માનવું છે.

જો હું મારા શહેરની સુધરાઈનો પ્રમુખ હોઉં તો એ સંસ્થામાં ચાલતો ગેરવહીવટ અને બીજી ખામીઓ દૂર કરવાને કમર કસું. સૌથી પહેલાં વાહનવહેવારને માટે રસ્તાઓના બાંધકામની યોજના ઘડું અને ધોરી રસ્તાઓ ડામરના કરાવું. આમ કરીને ધૂળના ત્રાસમાંથી મુખ્ય રસ્તા પરના લોકોને મુક્ત કરું. આ ઉપરાંત બીજી નાની ગલીઓમાં પણ પાકા રસ્તા કરાવું અને તેમની મરામત પણ યોગ્ય રીતે થાય તેને માટે ચાંપતાં પગલાં લેવાય તેવી ગોઠવણ કરું. કેટલીક જગ્યાએ રસ્તા ખૂબ સાંકડા છે, ત્યાં પુરાણાં જીર્ણ થઈ ગયેલાં મકાનોના માલિકો પાસેથી રસ્તા માટે જોઈતી જમીન યોગ્ય વળતર આપીને મેળવી લઉં. આ કાર્ય કરવામાં હું કોઈની સેહમાં તણાઉં નહિ.

મારા ગામમાં આજે મચ્છરોનો ત્રાસ વધી ગયો છે. એનું કારણ બંધ ગટરોનો અભાવ છે. પાણીના નળ હોવાથી પાણીનો વપરાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધી ગયો છે અને તેના યોગ્ય નિકાલ માટેની વ્યવસ્થા નથી. આ દિશામાં હું નિષ્ણાત ઇજનેરોની સલાહ લઈને પહેલી તકે બંધ ગટરની યોજના અમલમાં મૂકવાનો પ્રયત્ન કરું. મારા શહેરને માટે આ બે તાત્કાલિક જરૂરિયાતો છે.

પણ પ્રમુખ તરીકે ખરો રસ તો મને મારા નાના ગામની નવરચના માટેની એક યોજના કરાવવામાં રહ્યો છે. એ યોજનામાં નીચેનાં ઉપયોગી અંગોનો સમાવેશ કરાવવાનો હું આગ્રહ રાખું. શહેરની તંદુરસ્તીનો આધાર ઊછરતાં બાળકોની તંદુરસ્તી ઉપર આધાર રાખે છે. આથી હું એમને માટે જાહેર ક્રિડાંગણોની સ્થાપના કરાવું. ત્યાં બાળકો ખેલે, કૂદે, રમે અને આનંદ પામે. ગામના તળાવને સાફ કરાવું અને તેમાં કમળની વેલ ઉગાડીને તેને ગામની શોભારૂપ બનાવું. વળી પાળ ઉપર ઝાડો રોપાવું અને તેની નીચે બેસવા માટે બાંકડાઓ ગોઠવાવું કે જેથી સાંજે ગામના લોકો ત્યાં બેસીને આનંદ માણી શકે. મારા શહેરના ગરીબ લત્તાઓની પાસે એક મેદાન છે ત્યાં ક્રિડાંગણ કરાવું, એટલું જ નહિ પણ એક જાહેરબાગ પણ કરાવું કે જેથી ગરીબ લોકો પણ એનો લાભ લે.

આજે શહેરમાં રોગોએ ઘર ઘાલ્યું છે. દવાદારૂનો ખરચ ગરીબોને પરવડતો નથી. આ રોગોનું કારણ ગરીબી ઉપરાંત આરોગ્યના નિયમો વિષેનું લોકોનું અજ્ઞાન પણ છે. આથી હું શહેરમાં ગરીબો માટે ધર્માદા દવાખાનાંઓની સ્થાપના કરું અને લોકોના આરોગ્યનું ધોરણ ઊંચું લાવવા આરોગ્ય કેન્દ્ર મારફતે આરોગ્ય વિશેના જ્ઞાન અને માહિતીનો પ્રચાર કરાવું.

આ સિવાય જાહેર પુસ્તકાલય, જાહેર વાચનાલય, પ્રસૂતિગૃહ વગેરે ઘણી પ્રવૃત્તિઓ કરી શકાય, પણ હાલ તરત તો ઉપર જણાવેલી પ્રવૃત્તિઓ હાથ ધરું અને એમાં સફળ થવા દૃઢનિશ્ચયી બનું.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar